Peer Reviewed Journal **Journal of Social Science** ISSN 2319-3522

# સમાજકારણ

**સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે**
**વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક**

**વર્ષ : 16** **જુલાઈ 2023** **અંક : 2**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : NEP-2020, રોજગારલક્ષીતા અને સમાજશાસ્ત્ર | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને સમાજશાસ્ત્ર | ડૉ. ચંદ્રિકા રાવલ | 06 |
| 3. | માતૃભાષામાં સમાજશાસ્ત્ર | ડૉ. આનંદ કે. આચાર્ય | 15 |
| 4. | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 : સંભાવનાઓ અને સમસ્યાઓ | ડૉ. શૈલજા ધ્રુવ | 22 |
| 5. | ઉચ્ચ શિક્ષણમાં એકેડમિક ક્રેડિટ સિસ્ટમ | ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ | 30 |
| 6. | મોકળી ચાલનો માતબર સમાજશાસ્ત્રી વિદ્યુત જોષી | ડૉ. કે. કે. ખખ્ખર | 34 |
| 7. | ગાંધીજીનાં વિચારોનું વિશ્લેષણ | ડૉ. પરેશ ચૌહાણ | 38 |
| 8. | શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિની ઉપયોગિતા | ડૉ. સચિન જે. પીઠડીયા | 44 |
| 9. | ડૉ. જે. સી. પટેલનો વિદાય સમારંભ | ડૉ. ભરત એન. વસૈયા | 47 |
| 10. | ડૉ. રાજસીબેન ક્લાર્કનો નિવૃત્તિ શુભેચ્છા કાર્યક્રમ | ડૉ. ચંદ્રિકા રાવલ | 48 |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

**સમાજકારણ** (અર્ધવાર્ષિક)
**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ - 380009
સંપાદક : **ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
: સંપાદકીય સમિતિ :
**વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર) **હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર)
**થોમસ પરમાર** (પરામર્શક, ઇતિહાસ) **પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન)
**ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)

**લેખ મોકલવા માટેનું સરનામું :** 3, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in

**ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ**

| | | |
|---|---|---|
| 1. | પ્રોફે. ધીરુભાઈ દેસાઈ | પ્રમુખ |
| 2. | ડૉ. હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | પ્રોફે. વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 5. | પ્રોફે. થોમસભાઈ પરમાર | સભ્ય |
| 6. | પ્રોફે. ચંદ્રિકાબહેન રાવલ | સભ્ય |
| 7. | પ્રોફે. મહેશભાઈ ગામીત | સભ્ય |
| 8. | પ્રોફે. રમેશભાઈ મકવાણા | સભ્ય |
| 9. | ડૉ. આનંદભાઈ આચાર્ય | સભ્ય |

**ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ**

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1500/-**

**'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...**

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

**આજીવન લવાજમ રૂ. 1500/-**

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

ખાસ નોંધ : મંડળની આર્થિક સંકળામણને લીધે ઠરાવ્યું છે કે જે લેખકો લેખ છપાવવા મોકલે અને તેમનો લેખ છપાય ત્યારે રૂ.૫૦૦/- દાન પેટે જમા કરાવવાના રહેશે. તો સૌ મિત્રો આ બાબતને વધાવી લેશો તેવી આશા છે.

**સંપાદકીય** — ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## NEP-૨૦૨૦, રોજગારલક્ષીતા અને સમાજશાસ્ત્ર

ઉચ્ચશિક્ષણમાં શિક્ષણ-સંશોધન-વિસ્તરણ કેન્દ્ર સ્થાને છે. સાંસ્કૃતિક વારસાના જતન સાથે સર્જનાત્મકતા અને જ્ઞાન વૃદ્ધિ તેમજ કૌશલ્યો શીખવી સમાજ વિકસાવવાનું કાર્ય ઉચ્ચશિક્ષણનું છે. વૈશ્વિકરણ માહિતી સમાજ અને જ્ઞાનિક અર્થવ્યવસ્થા અને સ્ટાર્ટઅપના યુગમાં ઑટોમેશનની અધિકતા અને આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સને લીધે જ્યારે કાર્ય (જોબ)નું સમગ્ર સ્વરૂપ બદલાઈ જવાનું છે ત્યારે જેમાં રોજગારલક્ષીતા સૌથી વધુ હોય તેવા નવસંશોધિત અભ્યાસક્રમ ઘડતરની ખૂબ આવશ્યકતા છે, જે એકવીસમી સદીના ભારત માટે અનુરૂપ હોય. ભારત આજે અગાધપરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. તેમજ નવા મૂલ્યો, ધ્યેયો સાકાર કરવા માટે અભ્યાસક્રમોમાં નિરંતર સુધારા કરવા જરૂરી બન્યા છે ત્યારે સમાજ અને રાજ્યની જરૂરિયાતો પૂર્ણ કરે તેવા અભ્યાસક્રમોની રચના કરવી તે આધુનિક સમયની માંગ છે. એટલે કે જ્ઞાન, કૌશલ્યવાળા સમર્થ તેમજ મૂલ્યયુક્ત તંદુરસ્ત વ્યક્તિઓ સમાજને મળે તેવા અભ્યાસક્રમો અતિ આવશ્યક છે.

આ પ્રકારના અભ્યાસક્રમો શા માટે અતિ આવશ્યક છે ? તો સર્વે જણાવે છે કે યુનિ.માંથી બહાર પડેલા 70 ટકા સ્નાતકો કોઈ કાર્ય (JOB)ને લાયક હોતા નથી કે તેમને કોઈ કામ મળતું નથી. જે માટે વર્તમાન અભ્યાસક્રમો અને શિક્ષણ પદ્ધતિ જવાબદાર છે. બીજું કે નવી શિક્ષણનીતિમાં રોજગારલક્ષીતા ધરાવતા નવસંશોધિત અભ્યાસક્રમ દાખલ કરી શિક્ષણની ગુણવત્તા વધે તેના પર ભાર મૂક્યો છે. માટે નવસંશોધિત અભ્યાસક્રમ એવા ઘડવા જોઈએ જેથી યુવાનોને દેશ-વિદેશમાં જોબ મેળવવામાં - જોબ કરવામાં ઉપયોગી બને અને સમાજ અને રાષ્ટ્રની જરૂરિયાત પૂર્ણ કરે તથા લોકોના હિતને સંતોષવા માટે સ્થાનિક કક્ષાએ કામ કરી શકે તેવી તેમાં જોગવાઈ કરવી જોઈએ. એટલે કે સમાજને કેવા માનવસંશાધનની જરૂર છે. તે જાણીને તેમજ જે તે વિસ્તારની વિશિષ્ટતાઓ અને પ્રશ્નને ધ્યાનમાં લઈ તેમાં ઉપયોગી થાય તેવા અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ. નવસંશોધિત અભ્યાસક્રમની રચના કરતા પહેલા સર્વે-સંશોધનથી જાણકારી મેળવવી ત્યારબાદ મનોવૈજ્ઞાનિક બાબતોને ધ્યાનમાં રાખી પરિવર્તન-વિકાસને પ્રોત્સાહક, વ્યક્તિત્વ વિકાસ, બહુશાખાકીય જ્ઞાન-કૌશલ્ય અને નૈતિકમૂલ્યો કેળવી ટૅકનૉલૉજીનો ઉપયોગ કરે તેમજ માનવજાતિનું કલ્યાણ થાય તેવી બાબતોને ધ્યાનમાં રાખી ઘડવા જોઈએ. જેમાં રોજગારલક્ષીતા વધુ હોય. અભ્યાસક્રમમાં રોજગારલક્ષીતા લાગુ કરવી જટિલ અને અઘરી બાબત છે છતાં ઉચ્ચ શિક્ષણ દ્વારા કામ (જોબ)ની ઘણી તકો મળે તે રીતે રોજગારલક્ષીતા લાગુ કરવી જોઈએ. જોકે બધી જગ્યાએ તે એક સરખી લાગુ નથી કરી શકાતી. તેમ છતાં વિવિધ રીતો દ્વારા રોજગારલક્ષીતા લાગુ કરી શકાય છે. આવી રોજગારલક્ષીતાથી વ્યક્તિને જોબની ઘણી તકો ઉપલબ્ધ બને છે તેમાં બે મત નથી.

**રોજગારલક્ષીતા એટલે શું ?**

રોજગારલક્ષીતા એ રોજગાર નથી. પરંતુ રોજગાર પ્રાપ્તિ માટેની સજ્જતા દર્શાવે છે એટલે કે 'વ્યક્તિની વિશિષ્ટતા, સમજણ, કૌશલ્ય અને સિદ્ધિનો સમુચ્ચય જે સ્નાતકને પોતાની પસંદગીના વ્યવસાયમાં સરળ રીતે રોજગારી અપાવી શકે છે કે પ્રાપ્ત કરી શકે છે' જે સ્નાતકોને તો લાભકારક છે. ઉપરાંત અર્થવ્યવસ્થા અને સમુદાય માટે પણ લાભકારક છે.

રોજગારલક્ષીતા એ કોઈ ચોક્કસ સ્થિતિ નથી. પરંતુ તે જીવન દરમ્યાન વ્યક્તિને વિકસાવે છે. રોજગારલક્ષીતા શૈક્ષણિક બુદ્ધિમત્તા અને વ્યવહારુ બુદ્ધિમત્તા સાથે સંકળાયેલ છે. તે બીજા લોકો સાથે અસરકારક રીતે કાર્ય કરતા શીખવતું હળવું કૌશલ્ય છે. રોજગારલક્ષીતા માટે વિદ્યાર્થી અને શિક્ષણ વ્યવસ્થા વચ્ચે અસરકારક પ્રત્યાયન જરૂરી છે. તેને માટે અધ્યયન-અધ્યાપન તેમજ શ્રેષ્ઠ મૂલ્યાંકનની વ્યવસ્થા જરૂરી છે. વ્યક્તિના વિકાસ - આયોજન દ્વારા રોજગારલક્ષીતાની ખાત્રી આપી શકાય છે. પરંતુ તેનો આધાર વિદ્યાર્થીઓની (શીખનારની) ગંભીરતા તથા પ્રયાસો પર રહેલો છે.

**સમાજશાસ્ત્ર રોજગારલક્ષીતાનો ભંડાર :**

સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં જ રોજગારલક્ષીતા સમાયેલ છે. સમાજશાસ્ત્ર ક્રિયા, આંતરક્રિયા અને તેના પરિણામોનો અભ્યાસ કરે છે એટલે જ્યાં માનવ આંતરક્રિયા અને સંબંધો છે ત્યાં સમાજશાસ્ત્ર ઉપયોગી છે, બસ જરૂર છે તેના વ્યવહારિક ઉપયોગની. સમાજશાસ્ત્ર વ્યક્તિની સામાજિક સમજણ વધારવામાં તેમજ વિવિધ જીવન અને અન્ય કૌશલ્યો કેળવી શકે છે. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ટીકાત્મક ચિંતન અને ઘટનાનું અવલોકન કરતા શીખવે છે તો સંશોધનથી ચોક્કસ રીતે વિચારતા અને તર્ક કરતા અને વિશ્લેષણ શીખવે છે, તો સર્વાંગી સર્જનાત્મક શક્તિ દ્વારા વ્યક્તિને રોજગાર પ્રાપ્તિ માટે સજ્જ કરવાની ક્ષમતા ધરાવે છે. ટૂંકમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન શિક્ષણ. આરોગ્ય, ઉદ્યોગ, બજાર, સેવા, લશ્કર, વહીવટ, સંચાલન અને કાનૂન જેવા અનેક ક્ષેત્રોમાં જોબ અપાવી શકે છે. પ્રવાસન, કાઉન્સેલિંગ એન.જી.ઓ. મેનેજમેન્ટ અને CSR જેવા અભ્યાસક્રમથી તરત જોબ મળી શકે. જરૂર છે માત્ર નવસંશોધિત અભ્યાસક્રમ અને નવી શિક્ષણ પદ્ધતિ અને નવી મૂલ્યાંકન પદ્ધતિ અમલ કરવાની. જો આમ થશે તો સમાજશાસ્ત્રમાં રોજગારલક્ષીતા ખીલી ઉઠશે.

**સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં નીચેની રીતો દ્વારા રોજગારલક્ષીતા લાગુ કરી શકાય :**

**1. મર્મસ્થ કૌશલ્ય (Core Skill) સમાજશાસ્ત્ર વિષયના ચોક્કસ કૌશલ્ય દ્વારા :**

કોઈપણ વિષયને સમજવા માટે વિવિધ પદ્ધતિઓ-પ્રયુક્તિઓને અભ્યાસક્રમમાં દાખલ કરી આ પદ્ધતિઓનો અસરકારક ઉપયોગ કરવા માટે પ્રેક્ટિસ પર ભાર મૂકવો જોઈએ. આ પદ્ધતિ-પ્રયુક્તિથી વિદ્યાર્થીઓમાં પૃથક્કરણ કૌશલ્યો શીખવી અહેવાલ તૈયાર કરવા માટેની જોગવાઈ કરવી. વિવિધ પદ્ધતિ-પ્રયુક્તિ દ્વારા સમસ્યા ઉકેલ, દૈનિક જીવનની ઘટનાનું નિરીક્ષણ તેમજ પ્રશ્નોના ઉકેલ માટેના ચોક્કસ કૌશલ્યો શીખવવા. તદુપરાંત વિષયના જૂના-નવા ખ્યાલોની સ્પષ્ટતા સાથે, તેને દૈનિક જીવનમાં કેવી રીતે લાગુ પાડી શકાય કે ઉપયોગ કરી શકાય તે અંગેની રીતો, પ્રેક્ટિસવર્ક અભ્યાસક્રમની રચનામાં દાખલ કરવી. સાથે જે તે વિષયના સિદ્ધાંતોને તથા ઘટનાને જોવા-તપાસવા માટેનું એક સાધન બને તે રીતે મૂકવા. સિદ્ધાંતોની સરળ સમજણ પડે તે રીતે અભ્યાસક્રમની રચના કરી સમસ્યા ઉકેલમાં શાસ્ત્રીય કૌશલ્યો દ્વારા રોજગારલક્ષીતા વધારી શકાય. સમાજશાસ્ત્ર વિષયના ચોક્કસ કૌશલ્યો દ્વારા સંશોધન ક્ષેત્રે, NGO ક્ષેત્રે, શિક્ષણ જેવા માનવસમાજના દરેક ક્ષેત્રે માનવીય સંબંધોની સંવાદિતા જાળવવા. તેમજ કાર્યક્ષમતા જાળવવા ઉપયોગી બનાવાશે તો દરેકને કાર્ય (જોબ) પ્રાપ્તિની તક મળશે.

**2. હસ્તાંતરિત કૌશલ્યો દ્વારા : Generic Skill : Transferable Skill**

હસ્તાંતરિત કૌશલ્યો એ કોઈ પણ વિષય કે વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં સહાયક બને છે. તે રીતે રોજગારલક્ષીતા માટે સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓને પણ આવા કૌશલ્યો શીખવા ભાર મૂકવો જોઈએ. સૌથી વધુ અગત્યની સલાહ એ છે કે 4 સંચાલનના કૌશલ્યો જે બધે લાગુ કરી શકાય છે. તે વ્યવહારમાં લઈ શકાય છે, તે શીખવા પર ખાસ ભાર મૂકવો જોઈએ. જેમ કે,

(1) સ્વનું સંચાલન Management of Self
(2) અન્યનું સંચાલન Management of Others
(3) માહિતીનું સંચાલન Management of Information
(4) કાર્યોનું સંચાલન Management of Task

આ પ્રકારના મૉડેલમાં વિષયત્વ, વિષયકૌશલ્ય, કાર્ય સભાનતા અને કાર્યસ્થળ અનુભવને હસ્તાંતરિત કૌશલ્યો સાથે આંતરજોડાણ કરવાની જોગવાઈ છે. આ અભિગમમાં કૌશલ્ય વિકાસ અને ઉપયોગિતા પર મજબૂત રીતે ધ્યાન આપી વ્યક્તિની માનસિકતા અને વ્યક્તિની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે. આમ કરવાથી આપણા વિદ્યાર્થીઓમાં રોજગારલક્ષીતા વધશે.

**3. USEM MODEL દ્વારા**

(1) વિષયવસ્તુની સ્પષ્ટ સમજણ દ્વારા (Understanding Subject)

(2) મુખ્ય કૌશલ્ય સાથે વિવિધ કૌશલ્યો પર ભાર (Skill development)

(3) સ્વ વિશેની માન્યતા (Efficiency Belief)

(4) સંશોધન સાથે કેવી રીતે શીખવું, પ્રેક્ટિસ, સ્વ-નિયમનની ક્ષમતા (Meta Congnition)

**4. સહ અને ઈત્તર અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ દ્વારા :**

પ્રવૃત્તિની વૈવિધ્યતાઓ અને જીવનમાં સામાન્ય કાર્ય દ્વારા આપણું ઘડતર થતું હોય, એટલે કે વિદ્યાર્થીઓને ઈત્તર કે સહઅભ્યાસક્રમમાં એવી પ્રવૃત્તિ કરાવવી જે કારકિર્દી વિકાસમાં ઉપયોગી બને તેમજ તે શ્રેષ્ઠ અસરકારક રીતે કાર્ય કરી શકે અને કારકિર્દીમાં સફળ થાય તે રીતે તૈયાર કરવા.

રોજગારલક્ષીતાના પાંસા : સારી રોજગારલક્ષીતા માટે શ્રેષ્ઠ અધ્યયન-અધ્યાપન અને મૂલ્યાંકનને સમર્થન આપવું પડે. લોકોને પ્રેક્ટિસ વર્કમાં તકલીફ પડે છે. કારણ કે કાર્યની સમસ્યા બહુવિધ પાંસાવાળી હોય છે. તેથી તે રીતે અભ્યાસક્રમ રચવા પડે. બધે એક જ પ્રકારની જરૂરિયાત હોતી નથી. બધે બધા લોકો બંધ બેસતા પણ ન થાય તેથી જરૂરિયાત અને વ્યક્તિની સ્થિતિ ધ્યાનમાં લઈને તૈયાર કરવા જોઈએ.

**(A) Employability through whole curriculum**

**સમગ્ર અભ્યાસક્રમ દ્વારા રોજગારલક્ષીતા**

મેટકોવસ્કિના મતે સામાન્ય શિક્ષણ અને સ્પેશિયલ વિષયમાં ખૂબ જ ઊંચા જટિલ સ્તરે દરેક વિદ્યાર્થીએ 8 પ્રકારની ક્ષમતા દર્શાવવી જરૂરી છે.

(1) Communication : પ્રત્યાયન જે વાંચન, લેખન, બોલતા, સાંભળતા, જોતા, ઉપરાંત સંખ્યાત્મક અને યંત્રવૈજ્ઞાનિક સાક્ષરતા જરૂરી છે.

(2) Analysis : પૃથક્કરણ

(3) Problem Solving : સમસ્યા ઉકેલ

(4) Values in decision making : નિર્ણય પ્રક્રિયામાં મૂલ્યો

(5) Social interaction : સામાજિક આંતરક્રિયા

(6) Global perspective : વૈશ્વિક પરિપ્રેક્ષ્ય

(7) Effective Citizenship : અસરકારક નાગરિકતા

(8) Aestherics responsiveness : રસશાસ્ત્ર સૌંદર્યશાસ્ત્ર પ્રત્યે પ્રતિભાવ

આ 8 ક્ષમતા સાથે વિષય આધારિત સમજૂતી અને કૌશલ્ય તેમજ સમય પર કાર્ય કરવાની આદતવાળુ વર્તન રોજગારલક્ષીતા માટે જરૂરી છે.

**(B) ચોક્કસ મોડ્યુલ દ્વારા રોજગારલક્ષીતા :**

મુખ્ય વિષય (મેજર)માં રોજગારલક્ષીતા દાખલ કરવા મોડ્યુલમાં કૌશલ્યો હસ્તાંતરીત કરી દેવા જોઈએ. અભ્યાસક્રમની અંદર રોજગાર સંબંધિ મોડ્યુલ દાખલ કરવા અને વિદ્યાર્થીઓના અભ્યાસની શરૂઆતમાં વિદ્યાર્થીઓમાં કૌશલ્યો વિકસાવવા ઉપર ભાર મૂકવો જોઈએ અને વિવિધ સ્વરૂપના કૌશલ્ય મોડ્યુલ દાખલ કરવા જોઈએ.

**(C) Work related Learning Curriculum (કાર્ય સંબંધી (ઈન્ટર્નશિપ) શિક્ષણ અભ્યાસક્રમ**

કાર્ય આધારિત શિક્ષણ અભ્યાસક્રમ કેટલીક વખત રોજગારલક્ષીતામાં વૃદ્ધિ કરે છે. 2 સપ્તાહની કે 1 અથવા 3 મહિનાનો કાર્ય અનુભવ - ઈન્ટરશીપ દ્વારા થઈ શકે. આ માટે સેવાક્ષેત્ર, ઉદ્યોગ અને સ્વૈચ્છિક સંસ્થા સાથે જોડાણ કરવું. આવા કાર્ય અનુભવ ભરતી પસંદગી વખતે વિદ્યાર્થી માટે પાસપોર્ટની ગરજ સારે છે. આમ, વિવિધ પાસાઓથી સજ્જ નવા અભ્યાસક્રમની રચના કરવી જોઈએ.

ટૂંકમાં અહિયા માત્ર સમાજશાસ્ત્ર વિષયમાં કેવી રીતે રોજગારલક્ષીતા દાખલ કરી શકાય તેના માત્ર મુખ્ય મુદ્દાની રજૂઆત કરી છે, રોજગારલક્ષીતા વધારવા માટે સમાજશાસ્ત્રમાં ખાસ યુનિટ કે મોડ્યુલની રચના ઘણી બધી બાબતોને ધ્યાનમાં લઈ આગવી રીતે કરવી પડે અને ચોક્કસ પેપરમાં મૂકવી પડે. હા આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ, ઑટોમેશનના યુગમાં યુવાનોને રોજગાર પૂરા પાડવાનું કાર્ય પડકારજનક છે, પરંતુ સર્જનાત્મકતા વધારી ટીકાત્મક ચિંતન અને ઉપર દર્શાવેલ કૌશલ્ય શીખે તેવા રોજગારલક્ષીતા ધરાવતા નવ સંશોધિત અભ્યાસક્રમો દાખલ કરવામાં આવશે તો યુવાનો સામાજિક સાહસિક બની સ્ટાર્ટ-અપ શરૂ કરશે, તેમજ યુવાનોને અનેકવિધ ક્ષેત્રે ચોક્કસ કામ મળી રહેશે. આ રીતે સમાજશાસ્ત્ર ખૂબ ઉપયોગી વિષય બનશે અને તેનો વ્યાપ વધશે એટલું જ નહિ અન્ય વિષયોની સ્પર્ધામાં પણ ટકી રહેશે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને સમાજશાસ્ત્ર

– ડૉ. ચંદ્રિકા રાવલ*

**સારસંક્ષેપ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 ભારતીય શિક્ષણ પ્રણાલી જ નહિ પરંતુ સામાજિક પરિવર્તન અને સંતુલિત વિકાસ માટે ઘડાઈ છે. જુલાઈ-2020માં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ નીતિનો હેતુ સર્વગ્રાહી વિકાસ, બહુવિધ શિક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી, ભારતીય શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવી અને વૈશ્વિક સ્તરે આગવું સ્થાન મળે એવો હેતુ રહેલો છે.

ભારતીય શિક્ષણ પ્રણાલી વિશ્વમાં અનેરુ સ્થાન ધરાવે છે. વ્યક્તિના સર્વાંગી વિકાસની સાથે તે તર્કસંગત રીતે વિચારતો થાય, સમાજ માટે સંવેદનશીલ બની સહાનુભૂતિ કેળવે, સાહસિક બને, ઉપરાંત એની સર્જનાત્મકતા, કલ્પના શક્તિ અને વૈજ્ઞાનિક અભિગમ કેળવે એવો ઉદ્દેશ્ય રહેલો છે. તેમાં ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને ઉજાગર કરવાનો છે.

ભારતમાં - 2030માં સો ટકા (100%) ગ્રોસ એનરોલમેન્ટ રેશિયા સાથે પ્રાથમિકથી માંડી ઉચ્ચશિક્ષણ માટે નવા માળખાની દરખાસ્ત સાથે વિવિધ વિભાગોમાં આનો ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો છે. જે પૈકી ઉચ્ચ શિક્ષણમાં ચાર વર્ષનો અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે. આ માટેની નીતિ કૌશલ્ય આધારિત શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ પર ભાર મૂકે છે. ડિજીટલ ટૅકનૉલૉજીને પ્રોત્સાહન આપે છે જેથી વૈચારિક આદાનપ્રદાન માટે વિદ્યાર્થીઓને અને શિક્ષકોને નવું પ્લેટફૉર્મ મળશે. આ માટે અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફારો અતિઆવશ્યક છે.

પ્રસ્તુત લેખ ગૌણ માહિતી આધારિત છે. જેનો મુખ્ય હેતુ નવી શિક્ષણ નીતિનું સમાજશાસ્ત્રીય મૂલ્યાંકન કરવાનો છે. આ ઉપરાંત સમાજશાસ્ત્રમાં કેવા પ્રકારના અભ્યાસક્રમો અને કોર્ષ દાખલ કરવા જોઈએ એ દર્શાવવાનો છે.

નવી શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ કેન્દ્રસ્થાને છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે માત્ર અભ્યાસક્રમ જ નહિ, શીખવવાની પદ્ધતિ પણ બદલવાની જરૂરી બને છે. આ બધા મુદ્દાઓની છણાવટ પ્રસ્તુત લેખમાં કરી છે.

**ચાવીરૂપ શબ્દો** : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સમાજશાસ્ત્ર, આંતરવિદ્યાકીય, શિક્ષણ.

(I)

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નું મુખ્ય લક્ષણ ભારતના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂર્ણ કરવાનું છે. આ નીતિ ભારતીય શિક્ષણ વ્યવસ્થાના ઘણા બધા પાસાઓમાં સુધારણા તથા પુનઃરચના પર ભાર મૂકે છે. આ નીતિ એ સિદ્ધાંતો પર આધારિત છે કે, જેમાં શિક્ષણથી માત્ર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું જ નહિ પણ સાથે સાથે ઉચ્ચ સ્તરીય તાર્કિક અને સમસ્યા સંબંધી બોધનાત્મક ક્ષમતાઓનો પણ વિકાસ થવો જોઈએ. એટલું જ નહિ, પરંતુ તેની સાથે નૈતિક, સામાજિક અને સાવેગિક સ્તર પર પણ વ્યક્તિનો વિકાસ આવશ્યક છે (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020;14) એવું મનાય છે.

ભારતીય જ્ઞાન, સંસ્કૃતિ, પરંપરા અને ફિલસૂફી ઉપરાંત ઊંચા માપદંડ સાથે શિક્ષણ અને શિક્ષકને કેન્દ્રમાં રાખી નવી પેઢીને સર્વાંગી વિકાસ તરફ લઈ જતી આ નીતિ હાંસિયામાં ધકેલાતા, વંચિતો, લઘુમતીઓ વગેરે પર વિશેષ ધ્યાન આપી સમાનતા, સમાવેશન અને ગતિશીલતાના ત્રિકોણ પર રચાયેલી છે. ભારતનો ભાવિ નાગરિક તર્કસંગત વિચાર માટે વધુ સક્ષમ બને, અડગ નિશ્ચય, વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મક, કલ્પનાશીલ ઉપરાંત નૈતિક મૂલ્યો પ્રત્યે નિષ્ઠાવાન બને એવું ઉત્તમ સુરક્ષિત અને પ્રેરણાત્મક વાતાવરણવાળું શૈક્ષણિક માળખું તૈયાર કરવાના ઉદ્દેશ્યથી આ નીતિ તૈયાર કરવામાં આવી છે. જેમાં શાળા વિકાસ, ઉચ્ચ શિક્ષણ, કેન્દ્રવર્તી શિક્ષણ

* પૂર્વ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-380009.

કેન્દ્રો અને એના અમલીકરણનું માળખું સૂચિત કરવામાં આવ્યું છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એમાં 5 'C' એટલે કે Critical Thinking, Creativity, Collaboration, Curiosity and Communication પર ભાર મૂક્યો છે. (ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ; 2022; 3) આ શિક્ષણ નીતિમાં ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા વધારી શિક્ષણનો વ્યાપ વધારવા પર ભાર મૂક્યો છે. એટલું જ નહિ રાષ્ટ્રની અર્થવ્યવસ્થાને નવું વિકસિત સ્વરૂપ આપી, વ્યક્તિની કુશળતા કૌશલ્ય અને સામાજિક વિકાસને પ્રાધાન્ય અપાયું છે. નિયંત્રણને બદલે સ્વાયત્તતા, મોકળાશ, શ્રમનું ગૌરવ, ડિજીટલ ટૅકનૉલૉજી, તાલિમ વગેરેને કેન્દ્રસ્થાન આપવામાં આવ્યું છે.

**(II)**

**સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ :**

ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશન સાથે સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોઈએ તો નવી શિક્ષણનીતિમાં નીચેના મુદ્દાઓ નોંધનીય છે.

**(1) આંતરશાખાકીય અભિગમ (Inter disciplinary Approach) :**

સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે. જે માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે સાથે સંબંધિત છે. નવી શિક્ષણનીતિમાં આંતર શાખાકીય અભિગમ સમાવિષ્ટ છે જે વિદ્યાર્થી અને અધ્યાપકને વિવિધ સામાજિક મુદ્દાઓને સમજવામાં ઉપયોગી થાય છે. NEPમાં સામાજિક મુદ્દાઓની સર્વગ્રાહી સમજ માટે આંતર શાખાકીય અભિગમ મહત્વનો છે.

**(2) બહુભાષીવાદ (Multilingual Education) :**

NEPમાં બહુભાષીવાદને મહત્વ અપાયું છે. જે સમાજશાસ્ત્ર સાથે સંબંધિત છે એવું કહી શકાય. સમાજના વિવિધ સમૂહો અને જૂથોમાં શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા કે સ્થાનિક ભાષાને પ્રોત્સાહિત કરવામાં આવી છે. જે ભાષાકીય વિવિધતા અને સર્વ સમાવેશકતાને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત સમાજશાસ્ત્રમાં સામાજિક ધોરણો અને વર્તનને સમજવા માટે વિવિધ ભાષા અને સંસ્કૃતિઓને સમજવાની જરૂર છે.

**(3) આલોચનાત્મક વિચારસરણી પર ભાર (Focus on Critical Thinking) :**

NEP વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ ઉપરાંત ટીકાત્મક પરીક્ષણ પર ભાર મૂકે છે. સમાજશાસ્ત્રમાં સામાજિક ઘટનાઓનું પૃથક્કરણ કરવા અને પ્રવર્તમાન ધારણાઓ અને માન્યતાઓ પર સવાલ ઉઠાવવા આલોચનાત્મક વિચાર જરૂરી છે. વિદ્યાર્થીઓ પાસે માહિતી અઢળક હશે પરંતુ એની કુશળતા, સર્જનાત્મક ઉપરાંત વિશ્લેષણાત્મક ઘટનાઓના વિચારોના દોહન માટે આ બધુ જરૂરી છે.

**(4) સમાવિષ્ટ શિક્ષણ (Inclusive) :**

NEP સામાજિક શિક્ષણ પર ભાર મૂકે છે, જે સમાજશાસ્ત્રમાં મહત્વનું છે. સમાજશાસ્ત્ર સામાજિક સ્તરરચનાના સંદર્ભમાં અસમાનતા, હાંસિયામાં ધકેલાયેલા સમૂહો, લઘુમતીઓ, દલિતો અને આદિવાસીઓ વગેરેને સામાજિક ન્યાય અપાવવામાં પ્રોત્સાહન આપી મદદરૂપ થાય છે. NEP આ બધાની જરૂરિયાતોને સમજી, એમની ઉર્ધ્વગામી ગતિશીલતા માટે વ્યાવસાયિક ઔપચારિક શિક્ષણ ઉપરાંત શિક્ષણ અને કૌશલ્ય તાલિમ પર ભાર મૂકે છે. જેથી તેઓને આર્થિક તક મળી રહે અને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ શકે.

**(5) સંશોધન અને નવિનતા (Research and Innovation) :**

ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં NEP સંશોધન અને નવીનતાના મહત્વ પર ભાર મૂકે છે. જે સમાજશાસ્ત્રના નવા પ્રવાહો સાથે સુસંગત છે. સમાજની કોઈપણ ઘટનાને વૈજ્ઞાનિક રીતે સમજવા સંશોધન પર આધાર રખાય છે. સંશોધન માટેની સંસ્થાઓમાં આંતરશાખાકીય સંશોધનને પ્રોત્સાહન આપવું જરૂરી છે. સમાજશાસ્ત્રમાં સંશોધનની સંલગ્નતા અને સ્વીકૃતિ નીતિ વિષયક નિર્ણયોમાં મદદરૂપ થાય છે. આમ, સંશોધન અને નવીનતા સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી ખૂબ મહત્વના છે.

**(6) સામાજિક ન્યાય અને સમાનતા (Social Justice and Equality) :**

NEP શિક્ષણમાં સામાજિક ન્યાય અને સમાનતાના મહત્વને ઓળખે છે. તેનો હેતુ વિદ્યાર્થીઓની સામાજિક આર્થિકપૃષ્ઠભૂમિને ધ્યાનમાંલીધા વિના સમાન તકો પૂરી પાડવાનો છે. શિક્ષણમાં સમાનતાનો ધ્યેય ભારતીય બંધારણીય માળખામાં રહેલો છે પણ સમાજના કેટલાક ક્ષેત્રોમાં વ્યાપેલી અસમાનતાને દૂર કરી બધાને ન્યાય અપાવવામાં ઉપયોગી થાય છે. વળી, આ નીતિ ડિજીટલ માધ્યમ થકી આ પ્રક્રિયા વધુ ઝડપી અને ન્યાયિક બનશે.

**(7) વ્યાવસાયિક શિક્ષણનું પુનઃગઠન (Restructuring of Vocational Education) :**

NEP વ્યાવસાયિક શિક્ષણ પર ભાર મૂકે છે. ઉચ્ચશિક્ષણની સાથે તબક્કાવાર વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ અને જ્ઞાન ઉપરાંત રોજગારીની તક સર્જે છે. જેથી કૌશલ્યોનો વિકાસ વ્યક્તિને ટૅકનિકલ પદવીની સાથે સંશોધન અને નવીનતાની તક મળે છે. આમ ભારતમાં નવી શિક્ષણનીતિ-2020 સામાજિક વિજ્ઞાનમાં બહુશાખાકીય અને સર્વગ્રાહી શિક્ષણ પ્રદાન કરવા પર ભાર મૂકે છે. સાથે સાથે STEM (Science, Technology, Engineering and Mathematics) સાથે સામાજિક વિજ્ઞાનને એકીકૃત કરવાની પહેલ કરે છે જેમાં પારસ્પરિક નિર્ભરતા સંકળાયેલી છે.

**(III)**

**નવી શિક્ષણ નીતિમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો :**

અગાઉ જોયું તેમ નવી શિક્ષણનીતિમાં સ્વાયત્તતા, આંતરવિદ્યાકીય, બહુશાખાકીય વગેરે જેવી બાબતો પર ભાર મૂકાયો છે. જે તે યુનિવર્સિટીઓમાં આ અંગેનું માળખું અલગ હોઈ શકે પરંતુ નીચેની બાબતોના સંદર્ભમાં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ આવકાર્ય છે, જે વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્રીય જ્ઞાન ઉપરાંત રોજગારીની તક આપવામાં જરૂર મદદરૂપ થશે.

**(1) સમાજશાસ્ત્રનો પરિચય :**

આ અભ્યાસક્રમમાં સમાજશાસ્ત્રના ખ્યાલો, સિદ્ધાંતો, વિકાસ અને સમાજશાસ્ત્રની ઉપયોગિતા સમાવિષ્ટ છે. જેથી વિદ્યાર્થી સમાજની ઘટનાઓને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી સમજે અને વિવિધ વિદ્યાશાખા સાથે સમાજશાસ્ત્રનો સંબંધ ઓળખી શકે.

**(2) સામાજિક સંશોધન પદ્ધતિઓ :**

સમાજશાસ્ત્રમાં અદ્યતન સંશોધન પદ્ધતિઓનો આમાં સમાવેશ કરી શકાય. ગુણાત્મક અને સંખ્યાત્મક માહિતી, સંશોધનમાં નૈતિકતા, સંશોધન પદ્ધતિ અને પ્રયુક્તિઓ તથા તેનો વ્યવહારુ ઉપયોગ, કમ્પ્યૂટર અને ઈન્ટરનેટનો ઉપયોગ વગેરેનો એમાં સમાવેશ થઈ શકે.

**(3) સામાજિક સ્તરીકરણ અને ગતિશીલતા :**

ભારતના વૈવિધ્યસભર માળખાને સમજવામાં સમાજશાસ્ત્રનો આ અભ્યાસક્રમ મહત્વનો છે. ભારતનું જ્ઞાતિ, વર્ગ, ધર્મ અને જાતિ આધારિત માળખું સમાજજીવનના વિવિધ પાસાઓને સમજવામાં ઉપયોગી બને છે. સામાજિક અસમાનતાઓથી સર્જાતી સમસ્યાઓ, અવરોધક બનતી ગતિશીલતા વગેરે પર ધ્યાન દોરે છે, જ્ઞાતિ અને જ્ઞાતિવાદનું બદલાતું સ્વરૂપ, શિક્ષણમાં ખાનગીકરણ અને આર્થિક પાસુ તથા ઉચ્ચશિક્ષણની તરાહ અને આર્થિક તક વગેરે જેવા મુદ્દાઓ ધ્યાનાકર્ષક રહે છે.

**(4) સામાજિક સંસ્થાઓ :**

કોઈપણ અન્ય શાખાનો વિદ્યાર્થી ભારતની વિવિધ સામાજિક સંસ્થાઓ જેવી કે કુટુંબ, શિક્ષણ, ધર્મ, રાજકારણ, આર્થિક વગેરેના પરંપરાગત અને બદલાતા માળખા તથા કાર્ય વિશેની સમજ મેળવે એટલું જ જરૂરી નથી પરંતુ વૈશ્વિકીકરણના સંદર્ભમાં આ સંસ્થાઓની ભૂમિકાને પ્રાધાન્ય આપી, સમતોલિત સમાજ વ્યવસ્થાના સ્વીકાર માટે સામાજિક સંસ્થાઓને જાણે એ જરૂરી છે. એટલે કે અભ્યાસક્રમ કરતા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સામાજિક સંસ્થાઓનું મૂલ્યાંકન થાય અને એનું મહત્વ સમજાય એ રીતે અભ્યાસક્રમ થવા જરૂરી છે.

**(5) સંસ્કૃતિ અને સમાજ :**

નવી શિક્ષણનીતિ ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યો તેમજ પરંપરાગત જ્ઞાન વ્યવસ્થાવાળી શિક્ષણ પ્રણાલીને પ્રોત્સાહન આપે છે. ભારતનું સામાજિક-સાંસ્કૃતિક માળખું, મૂલ્યો, ધોરણો, વિવિધતા અને એની આગવી ઓળખ જેવા મુદ્દાઓ એમાં સમાવિષ્ટ છે. વળી બદલાતા

વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિને સમજવાની ક્ષમતા વધુ વૈજ્ઞાનિક રીતે કેળવાય એવા અભ્યાસક્રમોને મહત્વ આપવું જરૂરી છે.

**(6) વૈશ્વિકીકરણ અને સામાજિક પરિવર્તન :**

સામાજિક પરિવર્તનનાં સ્થાનિકથી શરૂ કરી વૈશ્વિક પ્રવાહોના પ્રશ્નો અને પડકારો જ નહિ પરંતુ વૈશ્વિક સ્તરે એની અસરોનું મૂલ્યાંકન વિદ્યાર્થી કરે એ જરૂરી છે. આ માટે બદલાતી સમાજવ્યવસ્થા Online Work, Payment ડિજીટલ વ્યવસ્થા, વ્યવસાય અને રોજગારીના બદલાતા પ્રવાહો, વૈશ્વિક સમાજકારણ અને રાજકારણ વગેરે જેવા મુદ્દાઓને અભ્યાસક્રમમાં આવરી લેવા જરૂરી છે.

**(7) જેન્ડર :**

નવી શિક્ષણનીતિ જેન્ડર સમાનતા પર ભાર મૂકે છે. ઉચ્ચ શિક્ષણમાં જ નહિ સામાજિક વ્યવહારોમાં જેન્ડરનો મુદ્દો મહત્વનો છે. ઉચ્ચ શિક્ષણમાં વિષય કે વિદ્યાશાખાની પસંદગી, વિદેશ ભણવા જવા માટેની સવલતો અંગે, રોજગારી માટે સ્થળાંતર અંગે, તેમજ ઘર અને શિક્ષણ તથા વ્યવસાયમાં પ્રતિબદ્ધતા અને ભૂમિકા અંગે જોવા મળતા જુદા જેન્ડર અભિગમો માનસિકતા વગેરે અભ્યાસક્રમમાં સમાવેશ કરવા જરૂરી છે. વળી, ભારતમાં આ અંગેની જોગવાઈઓની માહિતી જ નહિ વાસ્તવિકતા પણ તપાસી શકાય.

**(IV)**

**નવી શિક્ષણ નીતિમાં સમાજશાસ્ત્રની વિવિધ શાખાઓ :**

ગુજરાતમાં વિવિધ યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્રની વિવિધ શાખાઓ વિશે શીખવવામાં આવે છે. જેમાં વર્તમાન સંદર્ભમાં નીચેની શાખાઓનો અભ્યાસ સમાવિષ્ટ કરવો જરૂરી છે.

**(1) પર્યાવરણનું સમાજશાસ્ત્ર :**

માનવસમાજ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ હંમેશા રહ્યો છે. ભારતીય જ્ઞાન પરંપરામાં એનો નિર્દેશ પણ છે. પર્યાવરણના સમાજશાસ્ત્રમાં પર્યાવરણને લગતી વિવિધ સમસ્યાઓનો ઉકેલ વિદ્યાર્થી કઈ રીતે લાવી શકે એ જાણવું જરૂરી છે. વિવિધ સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો પર્યાવરણને કેવી રીતે પ્રભાવિત કરે છે તે સમાવિષ્ટ થવું જોઈએ. આબોહવા, પ્રદૂષણ, ટકાઉ વિકાસ, પર્યાવરણીય ન્યાય તથા આ માટેની ચળવળ વગેરે જેવા મુદ્દાઓ એમાં સમાવિષ્ટ થાય એ જરૂરી છે.

**(2) ડિજીટલ સમાજશાસ્ત્ર :**

સમાજમાં આજે ડિજીટલાઈઝેશનનો ઉપયોગ વધતો જાય છે. સમાજશાસ્ત્ર આ વિષય પર ડિજીટલ ટૅકનૉલૉજીની અસર પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સોશિયલ મિડીયા, આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ અને અન્ય ઉભરતી તકનીકો જેવા વિષયોની શોધ કરે છે. વિદ્યાર્થીઓ સામાજિક સંબંધો, સંદેશાવ્યવહાર અને સાંસ્કૃતિક પ્રથાઓ પર તેમની અસર સહિત ડિજીટલ ટૅકનૉલૉજીની સામાજિક અસરો વિશે શીખે છે. તેઓ એ પણ તપાસે છે કે કેવી રીતે ડિજીટલ ટૅકનૉલૉજીઓ સામાજિક, આર્થિક અને રાજકીય માળખામાં પરિવર્તન લાવી રહી છે અને સામાજિક પરિવર્તનમાં ટૅકનૉલૉજીની ભૂમિકા શું છે ? આ બધુ જાણવા આ કોર્ષને વ્યવસ્થિત રીતે આંતરવિદ્યાકીય અભિગમથી ઉદારીરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ સમાજમાં શીખવી શકાય.

**(3) વૈશ્વિક સમાજશાસ્ત્ર :**

સમાજશાસ્ત્રના શિક્ષણમાં આ ક્ષેત્ર સમાજોના વૈશ્વિક આંતરસંબંધ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વૈશ્વિકીકરણ સમાજના સામાજિક, આર્થિક અને રાજકીય માળખાને કેવી રીતે અસર કરે છે તેની શોધ કરે છે. વૈશ્વિક સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ વૈશ્વિક સામાજિક અસમાનતા, રાષ્ટ્રીય નીતિઓ પર આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની અસર અને વૈશ્વિક ન્યાય માટેની સામાજિક હિલચાલ જેવા મુદ્દાઓ શીખે એ જરૂરી છે. તેઓ એ પણ શીખશે કે કઈ રીતે સાંસ્કૃતિક પ્રથાઓ અને મૂલ્યો સરહદો પર ફેલાય છે અને સ્થાનિક સંસ્કૃતિઓ અને ઓળખને કેવી રીતે અસર કરે છે. આમ, પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી આ કોર્ષ શરૂ કરવો જોઈએ જેનું આંતરવિદ્યાકીય મહત્વ છે.

**(4) તબીબી સમાજશાસ્ત્ર :**

ભારતમાં ઔષધિવિજ્ઞાન ખૂબ જ પુરાણું છે.

સમાજના લોકો વિવિધ રીતે આરોગ્યની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. આ ક્ષેત્ર આરોગ્ય અને માંદગીના સામાજિક પરિમાણો પર ધ્યાને કેન્દ્રિત કરે છે અને સામાજિક પરિબળો આરોગ્યના પરિણામોને કેવી રીતે અસર કરે છે તેની શોધ કરે છે. વિદ્યાર્થીઓ આરોગ્ય સંભાળ પ્રણાલીના સંગઠન વિશે શીખે છે. જેમાં એક્સેસ, પરવડે તેવી ક્ષમતા અને સંભાળની ગુણવત્તાને લગતી સમસ્યાઓનો સમાવેશ થાય છે. તેઓ ગરીબી, સામાજિક અસમાનતા અને ભેદભાવ સહિત આરોગ્યના સામાજિક નિર્ણાયકોની પણ તપાસ કરે છે. તબીબી સમાજશાસ્ત્ર આરોગ્ય સંભાળ, સુધારણા માટેની સામાજિક હિલચાલ અને આરોગ્ય અને દવા સંબંધિત નૈતિક અને કાનૂની મુદ્દાઓ જેવા વિષયોને પણ આવરી લે છે. પ્રવર્તમાન સમયમાં આરોગ્ય વિશેની યોજનાઓની જાણકારી પણ જરૂરી છે. ભારતમાં અને ગુજરાતમાં વધી રહેલા મેડીકલ ટુરીઝમનો અભ્યાસ પણ આમાં કરી શકાય.

**(5) શહેરી સમાજશાસ્ત્ર :**

ઉચ્ચ શિક્ષણમાં ગ્રામીણ-શહેરી અને આદિવાસી સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ સમાવિષ્ટ છે પરંતુ પ્રવર્તમાન સંજોગોમાં શહેરી સમાજશાસ્ત્રને અલગ રીતે જોવું જરૂરી છે. શિક્ષણનું આ ક્ષેત્ર શહેરોના સામાજિક સંગઠન પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સામાજિક, આર્થિક અને રાજકીય માળખા પર શહેરીકરણની અસરની શોધ કરે છે. વિદ્યાર્થીઓ શહેરી અસમાનતા, પર્યાવરણ પર શહેરીકરણની અસરો, શહેરી જીવનશૈલી, શહેરી સમસ્યાઓ, શહેરનું આયોજન, સ્માર્ટ સીટી વગેરે જેવા મુદ્દાઓ વિશે શીખે છે. શહેરીકરણ, સામાજિક સંબંધો અને સાંસ્કૃતિક પ્રથાઓને કેવી રીતે અશર કરે છે તેની પણ તપાસ કરે છે.

**(6) લિંગ અને લૈંગિકતા (જેન્ડરનું સમાજશાસ્ત્ર) :**

શિક્ષણનું આ ક્ષેત્ર લિંગ અને જાતિયતાના સામાજિક નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને લિંગ અને જાતિયતા સામાજિક માળખા અને સંબંધોને કેવી રીતે અસર કરે છે તેની શોધ કરે છે, વિદ્યાર્થીઓ લિંગ અસમાનતા, LGBTQ+ અધિકારો અને લિંગ અને લૈંગિકતા ન્યાય માટેની સામાજિક હિલચાલ જેવા મુદ્દાઓ વિશે શીખે છે. તેમાં જાતિ, વંશીયતા અને વર્ગ જેવા સામાજિક ઓળખના અન્ય સ્વરૂપો સાથે જેન્ડરની ચર્ચા કરી શકાય. ભારતનું વસ્તી વિષયક માળખુ, જાતિ પ્રમાણ તેમજ શિક્ષણ, રાજકીય, ધાર્મિક, આર્થિક વગેરે બાબતોમાં જેન્ડરનો મુદ્દો મહત્વનો છે.

**(7) ક્રિટિકલ રેસીયલ સમાજશાસ્ત્ર :**

સમાજશાસ્ત્રમાં શિક્ષણનું આ ક્ષેત્ર જાતિ અને જાતિવાદના સામાજિક નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને જાતિ, સામાજિક બંધારણો અને સંબંધોને કેવી રીતે અસર કરે છે તેની શોધ કરે છે. વિદ્યાર્થીઓ પ્રણાલીગત જાતિવાદ, જાતિવાદ વિરોધી ચળવળો અને સામાજિક ન્યાય સક્રિયતા જેવા મુદ્દાઓ વિશે શીખે છે. તેઓ એ રીતો પણ તપાસે છે કે જેમાં જાતિ સામાજિક ઓળખના અન્ય સ્વરૂપો સાથે છેદે છે અને તે વ્યક્તિઓ અને સમુદાયોને કેવી રીતે અસર કરે છે. જટિલ જાતિ સિદ્ધાંત સામાજિક અન્યાયને સંબોધવા અને સમાનતાને પ્રોત્સાહન આપવા પગલાં લેવાના મહત્વ પર ભાર મૂકે છે.

**(8) પ્રવાસનનું સમાજશાસ્ત્ર :**

ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણે વિશ્વને નાનું ગામડું બનાવ્યું છે. આજે આંતરરાજ્ય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસો વધતા જાય છે. જેની પાછળ ચોક્કસ સૈદ્ધાંતિક બાબતો સમાવિષ્ટ છે. વૈશ્વિક સંસ્કૃતિના અદાન-પ્રદાન તથા પ્રચાર-પ્રસરણ અર્થે પ્રવાસનની ભૂમિકા મહત્વની છે. જુદા પ્રકારે થતા પ્રવાસનની અસરો નોંધનીય છે. વિદ્યાર્થીઓને રોજગારીની તક મળે તેમજ પોતાની રીતે પ્રવાસન સંચાલન કરી શકે અને તેના માટેની એજન્સી લઈ શકે એવા બહુવિધ હેતુસર પ્રવાસનનું સમાજશાસ્ત્ર અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવું જરૂરી છે.

**(9) ભારતીય જ્ઞાન પ્રણાલી (Indian Knowledge System) :**

ભારતીય જ્ઞાન અને પરંપરાના સંદર્ભમાં આપણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી, ફિલૉસૉફી, ભારતનું સામાજિક-સાંસ્કૃતિક માળખું, લોક સંસ્કૃતિ અને શાસ્ત્રીય નૃત્યો અને સંગીત, ભારતના માનવીય સંબંધોનું માળખું અને

આદાન પ્રદાન, ભારતીય પરંપરામાં સ્થળાંતર, વ્યાપાર વગેરે જેવા મુદ્દાઓને વર્તમાન સંદર્ભ જોડી અભ્યાસક્રમની રચના કરી શકાય. આ ઉપરાંત સ્થાનિક સંદર્ભ અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખી કોર્ષ રાખી શકાય. સમાજશાસ્ત્રીય જ્ઞાન કૌશલ્ય ઉપરાંત એની વ્યવહારુ ઉપયોગિતા અને મહત્વ સમજાય એવા અભ્યાસક્રમો દાખલ કરવાથી વિદ્યાર્થીઓને નવા નવા પ્રકારની રોજગારીની તક મળી રહે છે.

તદ્ઉપરાંત નીચેના વિષયો ઈલેક્ટીવ કોર્ષમાં આપી શકાય :

(1) Sociology of Every Day Life (દૈનિક જીવનમાં સમાજશાસ્ત્રી)

(2) Social Development In India (ભારતમાં સામાજીક વિકાસ)

(3) Sociology of Youth (યુવાનોનું સમાજશાસ્ત્ર)

(4) Artificial Intelligence and New Social System (આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સ અને નવી સામાજિક વ્યવસ્થા)

(5) Sociology of Leisure (ફુરસદનું સમાજશાસ્ત્ર)

(6) Sociology of Marginalized Group (હાંસિયામાં રહેલા જૂથનું સમાજશાસ્ત્ર)

(7) Hospital Management and Health Management (હોસ્પિટલ અને આરોગ્યનું સંચાલન)

(8) Sociology of Social Problem (સામાજિક સમસ્યાઓનું સમાજશાસ્ત્ર)

(9) Human Resource Development (માનવ સંસાધન વિકાસ)

(10) Region Sociology (પ્રાદેશિક સમાજશાસ્ત્ર)

(11) Sociology of Sanitation (સ્વચ્છતાનું સમાજશાસ્ત્ર)

(12) Social Psychology (સામાજિક મનોવિજ્ઞાન)

**સર્ટિફિકેટ કોર્ષમાં નીચેના અભ્યાસક્રમો સમાવિષ્ટ કરી શકાય.**

(1) કાઉન્સેલિંગ

(2) સામાજિક સેવા અને NGO મેનેજમેન્ટ

(3) સામાજિક આંતરપ્રિનીયોન્ટ

(4) સામાજિક અને વ્યવસાયિક કમ્યુનિકેશન અને માધ્યમો

(5) આપત્તિ વ્યવસ્થાપન

(6) ડાયસ્પોરા સ્ટડીઝ

(7) નગર અને ગ્રામીણ નીતિ આયોજન અને અમલીકરણ

(8) સામાજિક વિજ્ઞાનોમાં કમ્પ્યૂટર

(9) સંશોધન લેખ અને પ્રોજેક્ટ

(10) સમૂહ માધ્યમો અને સમાજ

(11) કોર્પોરેટ સામાજિક જવાબદારી

(12) ડીસએબીલીટી અને સમાજશાસ્ત્ર

(13) ગ્રાહકનું સમાજશાસ્ત્ર

(14) માનવ અધિકારો અને ન્યાય

(15) આદિવાસી અને એની કલા તથા સામાજિક સાંસ્કૃતિક જીવન

(16) પ્રવાસન

આમ, સમાજશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો, સિદ્ધાંતો, વિવિધ શાખાઓ અને કૌશલ્ય વિકાસની સાથે સમાજશાસ્ત્રની ઉપયોગિતાના સંદર્ભમાં અભ્યાસક્રમ હોવા જરૂરી છે. આ માટેની ક્રેડિટ, કુલ કલાકો, મૂલ્યાંકન પદ્ધતિ વગેરેને લક્ષમાં લેવા જરૂરી છે.

**(V)**

**શિક્ષણની પદ્ધતિમાં પરિવર્તન :**

નવી શિક્ષણ નીતિ બહુ આયામી છે. વર્તમાન સમયમાં એમાં માળખાગત પરિવર્તન આવ્યું ડૉ. વિદ્યુત જોષી જણાવે છે તે મુજબ, હવે વર્ષ 2023 વર્ગ વ્યાખ્યાનને બદલે સેશન આવશે. બોધનની જુદી જુદી અવસ્થા મુજબ અભ્યાસક્રમ ભણાવવો પડશે, જેમાં એના હેતુઓ અને આઉટકમ નક્કી કરેલા હશે.

**વર્ગમાં વ્યાખ્યાન ઉપરાંત નવી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ :**

NEPના અધ્યયન અને અધ્યાપન કરતી વખતે કેટલીક પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ સામેલ કરવી પડશે.

**(1) ઓનલાઈન લર્નિંગ :**

કોરોના પછી ઓનલાઈન લર્નિંગનું મહત્વ વધ્યું છે. સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો સંપૂર્ણપણે ઑનલાઈન અથવા મિશ્રિત ફોર્મેટમાં શીખવી શકાય. ઑનલાઈન શિક્ષણ સુગમતા, સંસાધનોની વિશાળ શ્રેણીની એક્સેસ અને ચર્ચા બૉર્ડ, ચેટ રૂમ અને વિડિયો કૉન્ફરન્સ દ્વારા ઈન્ટરેક્ટિવ શીખવાની તકો પ્રદાન કરે છે. જેનો ઉપયોગ કરી સમાજશાસ્ત્રના કોર્ષને વૈશ્વિક સ્વરૂપ આપી શકાય. જેમાં વિડિયો લેક્ચર, યુ-ટ્યુબ લેક્ચર સમાવિષ્ટ છે.

**(2) પ્રાયોગિક શિક્ષણ :**

પ્રાયોગિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને ક્ષેત્ર કાર્ય અને વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેવાનો હોય છે. વિવિધ સામાજિક મુદ્દાઓ અથવા ખ્યાલોનો સીધો અનુભવ કરવાની તક આમાં મળે છે. આ પદ્ધતિમાં ફિલ્ડ ટ્રિપ્સ, સર્વિસ લર્નિંગ અને સિમ્યુલ્શનનો સમાવેશ થઈ શકે છે. પ્રાયોગિક શિક્ષણ સક્રિય સંલગ્નતા અને નિર્ણાયક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓને પરિપ્રેક્ષ્યો માટે સહાનુભૂતિ અને સમજણ વિકસાવવામાં મદદ કરે છે.

**(3) કોલાબોરેટિવ લર્નિંગ :**

કોલાબોરેટિવ લર્નિંગમાં વિદ્યાર્થીઓને સમસ્યાઓ ઉકેલવા અથવા કાર્યો પૂર્ણ કરવા માટે જૂથમાં સાથે મળીને કામ કરવાનો સમાવેશ થાય છે. આ પદ્ધતિ ટીમ વર્ક, સંચાર કૌશલ્ય અને વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહન આપે છે. સહયોગી શિક્ષણનો ઉપયોગ જૂથ પ્રોજેક્ટ્સ, વર્ગ ચર્ચાઓ અને પીઅર સમીક્ષા જેવી પ્રવૃત્તિઓ થઈ શકે છે.

**(4) મલ્ટી મીડિયા અને ટૅકનૉલૉજીનો ઉપયોગ :**

આ પદ્ધતિમાં મલ્ટીમિડિયા અને ટૅકનૉલૉજી આધારિત સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. ટૅકનૉલૉજીનો ઉપયોગ સમાજશાસ્ત્રના શિક્ષણનો વ્યાપ વધારવા માટે વિવિધ રીતે કરી શકાય છે. ઉદાહરણ તરીકે સામાજિક મિડિયાનો ઉપયોગ વર્ગ ચર્ચાઓ અને વાદ-વિવાદોની સુવિધા માટે થઈ શકે છે જ્યારે ઈન્ટરેક્ટિવ મલ્ટીમિડિયાનો ઉપયોગ જટિલ સમાજશાસ્ત્રીય ખ્યાલોને આકર્ષક અને સુલભ રીતે રજૂ કરવા માટે થઈ શકે છે. ટૅકનૉલૉજીનો ઉપયોગ સ્વ-નિર્દેશિત શિક્ષણને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત પ્રતિસાદ આપવા માટે પણ કરી શકાય છે. તેનાં દ્વારા પ્રાપ્ત માહિતીનું ટીકાત્મક વિશ્લેષણ કરવાની તક પણ મળે છે.

**(5) વિશ્લેષણાત્મક અભિગમનો ઉપયોગ :**

આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સામાજિક ઘટનાઓના વિગતવાર, વાસ્તવિક-વિશ્વના ઉદાહરણો જેમ કે કોઈ ચોક્કસ સામાજિક ચળવળ અથવા કોઈ ચોક્કસ સમુદાય અને તેમને કેસનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે પૂછવાનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રમાં આ અભિગમ વિદ્યાર્થીઓને તેમના વિશ્લેષણાત્મક કૌશલ્યો અને વિવેચનાત્મક વિચારસરણી વિકસાવવામાં મદદ કરી શકે છે અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં સામાજિક રચનાઓ અને ગતિશીલતા કેવી રીતે ભજવે છે તેની તપાસ કરી શકે છે.

**(6) સિમ્યુલેશન અને રોલ પ્લેઈંગ :**

આ પદ્ધતિમાં સિમ્યુલેશ અથવા રોલ પ્લેઈંગ પ્રવૃત્તિઓ બનાવવાનો સમાવેશ થાય છે. જે વિદ્યાર્થીઓને સામાજિક ગતિશીલતાનો જાતે અનુભવ કરવા દે છે. સમાજશાસ્ત્રમાં આ અભિગમથી સામાજિક ચળવળો અથવા રાજકીય પ્રક્રિયાઓના અનુકરણ અથવા ભૂમિકા ભજવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે જે વિદ્યાર્થીઓને વિવિધ પરિપ્રેક્ષ્યો અને સામાજિક ઓળખને શોધવાની મંજૂરી આપે છે.

**(7) સમુદાય આધારિત શિક્ષણ :**

આ પદ્ધતિમાં વર્ગખંડના શિક્ષણને વાસ્તવિક-વિશ્વના સામાજિક મુદ્દાઓ અને સમુદાયમાં નવી શિક્ષણ નીતિ સમાજશાસ્ત્ર સહિત તમામ વિષયોમાં નવીન અને ટૅકનૉલૉજી આધારિત શિક્ષણ જોડાણ સાથે જોડવાનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રમાં આ અભિગમમાં સામુદાયિક સંસ્થાઓ સાથે ભાગીદારી અથવા ફિલ્ડ વર્ક

હાથ ધરવાનો સમાવેશ થઈ શકે છે જે વિદ્યાર્થીઓને સામાજિક મુદ્દાઓ વિશે શીખવા અને તેની સાથે જોડાવા માટે પરવાનગી આપે છે.

**(8) ફ્લિપ્ડ ક્લાસરૂમ (Flipped Classroom) :**

ફ્લિપ્ડ ક્લાસરૂમમાં વિદ્યાર્થીઓ વર્ગ પહેલા વ્યાખ્યાન જુએ છે અને અભ્યાસક્રમની સામગ્રી વાંચે છે અને ઈન્ટરેક્ટિવ ચર્ચાઓ, જૂથ પ્રવૃત્તિઓ અને સમસ્યાનું નિરાકરણ માટે વર્ગના સમયનો ઉપયોગ કરે છે. આ પદ્ધતિ સક્રિય શિક્ષણ અને જોડાણને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓને તેમના શિક્ષણની માલિકી લેવાની મંજૂરી આપે છે.

**(9) કેસ સ્ટડીઝ :**

કેસ સ્ટડીઝ સમાજશાસ્ત્રમાં એક લોકપ્રિય શિક્ષણ પદ્ધતિ છે કારણ કે તેમાં જુદી જુદી ઘટનાઓનું વૈયક્તિક અને ઉડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તે સામાજિક સમસ્યાઓના વાસ્તવિક જીવનના ઉદાહરણો પૂરા પાડે છે અને વિદ્યાર્થીઓને વ્યવહારિક પરિસ્થિતિઓમાં સૈદ્ધાંતિક ખ્યાલો લાગુ કરવાની મંજૂરી આપે છે. સામાજિક અસમાનતા, સામાજિક ચળવળો, આરોગ્યસંભાળ પ્રણાલીઓ અને સમાજશાસ્ત્રના અન્ય ઘણા વિષયો વિશે શીખવવા માટે કેસ સ્ટડીઝનો ઉપયોગ કરી શકાય છે. ઉદ્યોગ, સંસ્થાઓ, નેતૃત્વ વગેરેમાં આ સ્વૈચ્છિક પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

**(10) પ્રોજેક્ટ આધારિત શિક્ષણ :**

પ્રોજેક્ટ આધારિત શિક્ષણમાં વિદ્યાર્થીઓને લાંબા ગાળાના પ્રોજેક્ટ પર કામ કરવાનો સમાવેશ થાય છે. જેમાં સંશોધન, જટિલ વિચારસરણી અને સહયોગની જરૂર હોય છે. પ્રોજેક્ટ્સ સામાજિક મુદ્દાઓને સંબોધવા અથવા સમાજશાસ્ત્રીય ખ્યાલોનું ઊંડાણપૂર્વક અન્વેષણ કરવા માટે ડિઝાઈન કરી શકાય છે. આ પદ્ધતિ સર્જનાત્મકતા, સ્વતંત્ર વિચાર અને સમસ્યા હલ કરવાની કુશળતાને પ્રોત્સાહન આપે છે.

આ પદ્ધતિઓ ઉપરાંત વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનનું મૂલ્યાંકન કેવી રીતે કરવું એ મુદ્દો પણ મહત્વનો છે. નવા અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તકો લખવાની શેલી પણ બદલાશે.

**સમાપન :**

નવી શિક્ષણ નીતિમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ સંદર્ભે કેટલાક મુદ્દા ધ્યાનમાં રાખવા આવશ્યક છે.

- નવી શિક્ષણનીતિમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ માટે બધાનો સહિયારો પ્રયાસ આવકાર્ય છે. જેઓની પાસે જ્ઞાન અને અનુભવનું ભાથું છે તેમનો લાભ લઈ બે થી ત્રણ પેઢીના અધ્યાપકોએ સાથે બેસી વિવિધ યુનિવર્સિટીઓનાં અધ્યાપકો સાથે દીર્ઘદષ્ટિથી અભ્યાસક્રમ તૈયાર કરવો જોઈએ.
- સમાજશાસ્ત્રનાં અભ્યાસક્રમમાં સ્વતંત્રતાની સાથે નવી શિક્ષણનીતિના હેતુઓ ઉપરાંત સમાનતા અને ગ્રથિતતાનું મૂલ્ય જળવાય એ જરૂરી છે.
- અભ્યાસક્રમમાં કેટલાક સેશન મલ્ટીડિસીપ્લનરી અને ઈન્ટરડીસીપ્લનરી હોવા જરૂરી છે.
- અભ્યાસક્રમમાં સૈદ્ધાંતિક અને ખ્યાલાત્મક સમજની સાથે કૌશલ્ય વિકાસ પર પણ ભાર મૂકવો જોઈએ જેથી આર્થિક તક મળે.
- વિદ્યાર્થીઓના સંશોધનો સમાજ ઉપયોગી બને એ જરૂરી છે. આ માટે સમાજના વિવિધ જૂથો સાથે સતત સંવાદ કરવો જરૂરી છે.
- પરીક્ષા પદ્ધતિમાં અને મૂલ્યાંકનમાં પણ ઘણું જ પરિવર્તન લાવવું પડશે ગોખણ પદ્ધતિને બદલે લેખિત પરિક્ષામાં જ્ઞાનાત્મક વિશ્લેષણવાળા પ્રશ્નો મૂકવા પડશે. આ ઉપરાંત નવી પદ્ધતિઓ અપનાવવી પડશે.

આમ, નવી શિક્ષણનીતિ એ નવભારતનો ઉત્તમ દસ્તાવેજ છે. જેનો ઉદ્દેશ્ય ભારતની પરંપરામાં જ્ઞાનની શોધને વૈશ્વિક સમાજ સુધી પહોંચાડવાનો છે. વિદ્યાર્થીઓમાં સમાજ ઉપયોગી જ્ઞાન જ નહિ આર્થિક તક મળે. વિવેચનાત્મક શક્તિ ખીલે અને કુશળતા પ્રાપ્ત કરે એ હેતુઓ પણ સમાવિષ્ટ છે. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, ખ્યાલો, પદ્ધતિઓ ઉપરાંત નવા અભ્યાસક્રમો દ્વારા નવી પદ્ધતિનું શિક્ષણ આપવાની તૈયારી સાથે યોગ્ય અમલીકરણ કરીશું તો ચોક્કસ ભારત વૈશ્વિક કક્ષાએ જ્ઞાનનું કેન્દ્ર બની રહેશે.

**સંદર્ભ સૂચિ :**

- ભારતીય શિક્ષણ નીતિ-2020 (ગુજરાતી સંસ્કરણ) : માનવ સંસાધન વિકાસ મંત્રાલય - ભારત સરકાર; પ્રકાશક-ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન-ગાંધીનગર.
- ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ (2022:3): નવી શિક્ષણનીતિના અમલમાં કઈ અપેક્ષાઓ છે ? - માધુકરી વર્ષ-7; ડિસેમ્બર-2022; અંક-2
- Falak Fathima (2022) Implementation of New Education Policy In India : An Insight@Educational Blog DEC 21, 2022, 21:25 IST
- Gurudutta P Japee (2021) National Education Policy - A Critical Perspective - DOI : 10.13140/RG.2.2.13204.42884
- Hemalata Verma, Adarsh Kumar (2021); New Education Policy 2020 of India : A Theoretical Analysis International journal of Business and Management Research Vol. (9, Issue 13) Page - 302- 306; August-2021 Doi 10 37391/IJBMR 090308;
- https://www.researchgate.net/publication/343769198_Analysis_of_the_Indian_National_Education_Policy_2020+towards_Achieving_its_Objectives
- Madhukar Banuri, Siddesh Sharma (2020) NEP 2020: Hits and misses (Idr, Education Aug-7, 2020) www.idronline.org.nep.2020
- National Education Policy 2020 : Making Education More Inclusive.
- Teena P. Darbar (2021) Impact of National Education Policy 2020 on Higher Education, 2021 IJCRT I Volume 9, Issue 5 May 2021

આપણે આપણી રીતે રહેવું;
ખડક થવું હોય તો ખડક; નહીં તો નદી જેમ નિરાંતે વહેવું !
ફૂલની જેમ ખીલવું
અને ડાળની ઉપર ઝૂલવું,
ભમરાનું ગીત કાનમાં આંજી
કાંટાનું રૂપ ભૂલવું.
મૂંગા થઈને સહેવું અને કહેવું હોય તો પંખીની જેમ કહેવું.
ખડક થવું હોય તો ખડક; નહીં તો નદી જેમ નિરાંતે વહેવું !
પગલાં ભૂંસી ચાલતા થવું,
પંથની ઉપર મ્હાલતા જવું
આનંદ-આનંદ વેરતાં-વેરતાં
આનંદને પંપાળતા જવું.
લેવું દેવું કાંઈ નહીં; કેવળ હોવું એ જોતા રહેવું,
ખડક થવું હોય તો ખડક; નહીં તો નદી જેમ નિરાંતે વહેવું !

**- સુરેશ દલાલ**

# માતૃભાષામાં સમાજશાસ્ત્ર

– ડૉ. આનંદ કે. આચાર્ય*

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020માં ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાના ઉપયોગની હિમાયત કરવામાં આવી છે. થોડા દિવસો પહેલા યુ.જી.સી.ના ચૅરમેન શ્રી એમ. જગદીશકુમારે જણાવ્યું હતું કે, 'શિક્ષણમાં ભારતીય ભાષાઓને પ્રોત્સાહન આપવાનો તથા નિયમિત રીતે તેનો ઉપયોગ કરવો એ નવી રાષ્ટ્રીય શિક્ષણ યોજનાનો મુખ્ય વિચાર છે. આથી પાઠ્યપુસ્તકો માતૃભાષા, સ્થાનિક ભાષામાં તૈયાર થાય તથા અન્ય ભાષાઓનાં માન્ય પુસ્તકોના અનુવાદ સહિત શિક્ષણમાં તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા જેવી પહેલ કરવી જરૂરી છે. પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનની ભૂમિકા મહત્ત્વની હોય છે.' (દિવ્યભાસ્કર-20 એપ્રિલ, 2023)

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ પાઠ્યપુસ્તકો માતૃભાષામાં તૈયાર થાય અને વર્ગખંડના શિક્ષણમાં તેને પ્રોત્સાહન મળે તેવી પહેલ હવે દરેક વિદ્યાશાખાએ અને દરેક વિષયે કરવી જોઈએ. શિક્ષણવિદોના અભિપ્રાય મુજબ કોઈ પણ વિષય માતૃભાષામાં સમજવામાં વિદ્યાર્થીઓને સરળતા રહે છે. 'Teaching of Sociology through the regional language'માં શ્રીમતી નીરા દેસાઈ અને સુધા ગોગાટે માતૃભાષામાં શિક્ષણ આપવાના લાભો નીચે મુજબ દર્શાવે છે :

(1) માતૃભાષામાં અપાતું શિક્ષણ વિદ્યાર્થીઓમાં વિષય અંગે રસ જગાવે છે.

(2) જે શીખવવામાં આવે છે તેને વિદ્યાર્થીઓ વધુ સારી રીતે ગ્રહણ કરી શકે છે.

(3) વિષયની સમજ મેળવ્યા પછી વિષય અંગેની તેની અભિવ્યક્તિ સહજ બને છે.

(4) વિદ્યાર્થીઓની ગોખણપટ્ટી કરવાની આદત મહદ્અંશે દૂર થાય છે. પરીક્ષામાં ગાઈડ અને પુસ્તકોમાંથી સ્ટિરિયોટાઈપ અને યાંત્રિક જવાબો તૈયાર કરવાને બદલે વિદ્યાર્થીઓ સમજણપૂર્વક જવાબો તૈયાર કરે છે.

ટૂંકમાં કહીએ તો વિષય પરત્વેની સમજ અને રજૂઆત માતૃભાષામાં સહજ અને સરળ બની રહે છે. આ દ્રષ્ટિએ જોઈએ તો 18મી સદીમાં યુરોપના દેશોમાં ઉદ્‌ભવેલા અને 20મી સદીના બીજા દાયકામાં એક વિષયના રૂપમાં ભારતમાં પ્રવેશેલા સમાજશાસ્ત્રમાં માતૃભાષા ગુજરાતીમાં તૈયાર થયેલા પુસ્તકો અને માતૃભાષામાં અપાતા શિક્ષણનું વિહંગાવલોકન કરવું જરૂરી છે.

એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ પશ્ચિમના દેશોમાં થયો. 18મી સદીમાં યુરોપીયન સમાજમાં આવેલા અણધાર્યા પરિવર્તનોને પરિણામે સામાજિક અસ્થિરતાની જે પરિસ્થિતિનું નિર્માણ થયું તેને વૈજ્ઞાનિક અભિગમથી સમજવાના પ્રયત્નોના ફળસ્વરૂપે સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો એ હકીકતથી આપણે સૌ વાકેફ છીએ. એક વિષયના રૂપમાં સમાજશાસ્ત્રનો આરંભ થયો તે પહેલા પણ સમાજ અંગેનું ચિંતન કેટલાક વિચારકોના વિચારોમાં જોવા મળતું હતું. પરંતુ સમાજશાસ્ત્રીઓએ સમાજને એક સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં જોવા માટે વિવિધ પરિપ્રેક્ષ્યોનો વિકાસ કર્યો. સામાજિક વિજ્ઞાનમાં જરૂરી એવી સંકલ્પનાઓનો પણ વિકાસ થયો. ઓગસ્ટ કોમ્ત, ઈમાઈલ દુર્ખિમ કાર્લ માર્ક્સ, મેક્સવેબર જેવા સમાજશાસ્ત્રીઓએ ફ્રેંચ અને જર્મન ભાષામાં લખેલા લખાણોના અંગ્રેજી અનુવાદ દ્વારા વિશ્વના અનેક દેશોને તેઓના વિચારોનો પરિચય થયો. સાથે સાથે હર્બટ સ્પેન્સર, ડૂબોઈસ, રોબર્ટ મર્ટન, ટાલ્કોટ પાર્સન્સ, ચાર્લ્સ હોટન કૂલે, વિલિયમ ગ્રેહામ સમ્નર, સી. રાઈટ મિલ્સ વગેરે યુ.કે. અને અમેરિકાના સમાજશાસ્ત્રીઓએ પણ અંગ્રેજી ભાષામાં સમાજશાસ્ત્ર રચ્યુ, પરિણામે અંગ્રેજી ભાષામાં સમાજશાસ્ત્રીય લખાણોનો વિપુલ વારસો વિશ્વને

* એસોસિએટ પ્રોફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની), અમદાવાદ

ઉપલબ્ધ બન્યો. ભારતના વિશ્વવિદ્યાલયોમાં પણ યુરોપ અને અમેરિકાના સમાજશાસ્ત્રીઓના લખાણોનો દીર્ઘકાલીન પ્રભાવ જોવા મળે છે.

ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ બ્રિટિશ શાસન દરમ્યાન થયો. એમ. એન. શ્રીનિવાસ અને એમ. એન. પાણિની 'The Development of Sociology and Anthropology in India' સંશોધન લેખમાં નોંધે છે કે 'સને 1914માં ભારત સરકારે મુંબઈ યુનિવર્સિટીને સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટેની ગ્રાન્ટ આપી અને તે જ વર્ષથી વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષય અનુસ્નાતક કક્ષાએ ભણી શકે તેવી વ્યવસ્થા થઈ. ત્યારબાદ સને 1919માં જાણીતા નગરનિયોજક પ્રો. પેટ્રિક ગિડ્‌સના અધ્યક્ષપદ હેઠળ 'Department of Sociology and Civics શરૂ થયો.' અનુસ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્ર વિભાગની સ્થાપના થવી એ ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસમાં એક સીમાચિન્હરૂપ ઘટના હતી. સને 1924માં આ વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે ડૉ. ગોવિંદ સદાશિવ ઘૂર્યેની નિયુક્તિ થઈ અને ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસનો એક નૂતન અધ્યાય આરંભાયો. આ વિશ્વવિદ્યાલયે એન. એ. થૂથી, એમ. એન. શ્રીનિવાસ, ઈરાવતી કર્વે, આઈ. પી. દેસાઈ, વાય. બી. દામલે, વિલાસ સંગવે, એમ.એસ.એ. રાવ જેવા અનેક ઓજસ્વી સમાજશાસ્ત્રીઓની ભેટ આપી. સ્વાતંત્ર્ય પૂર્વે સમાજશાસ્ત્રીઓની આ પેઢી અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતી હતી અને તેઓએ તત્કાલીન સમયે ભારતની જ્ઞાતિ વ્યવસ્થા, ધર્મ, જાતિ, ગ્રામીણ સમુદાય, નગર સમુદાય, કુટુંબ વ્યવસ્થા, સામાજિક સંબંધો વગેરેને સ્પર્શતા વિવિધ વિષયો પર અંગ્રેજી ભાષામાં ગ્રંથો, મહાનિબંધો અને સંશોધન લેખો લખીને સમાજશાસ્ત્રીય સાહિત્યનું સંવર્ધન કર્યું.

એ સમયે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે મુંબઈ યુનિવર્સિટી નજીક હોવાથી અને ગુજરાત તે સમયના મુંબઈ ઈલાકાનો એક ભાગ હોવાથી ગુજરાતના સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ પર મુંબઈ યુનિવર્સિટીનો વિશેષ પ્રભાવ જોવા મળતો હતો. ગુજરાતમાં સ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્રના શિક્ષણનો સૌ પ્રથમ આરંભ સને 1922માં અમદાવાદની એસ.એલ.યુ. કૉલેજથી થયો અને ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્રનું સૌ પ્રથમ પુસ્તક 'ભારતીય સમાજશાસ્ત્ર' સને 1938માં ચીમનલાલ મગનભાઈ ડૉક્ટર દ્વારા લખાયું. ઈન્ડોલૉજિકલ પરિપ્રેક્ષ્યમાં લખાયેલું આ પુસ્તક એટલું પ્રચલિત બન્યું કે તેને 1951માં પુનઃ મુદ્રિત કરવું પડ્યું. ગુજરાતી ભાષામાં જુદા જુદા વિષયોના પુસ્તકો લખાય તે હેતુથી સર સયાજીરાવ ગાયકવાડે તે જમાનામાં રૂ. બે લાખના ભંડોળથી 'શ્રી સયાજી સાહિત્યમાળા' શરૂ કરેલી. આ સાહિત્યમાળા અંતર્ગત 'સમાજશાસ્ત્રના સિદ્ધાંતો' નામનો ગ્રંથ પ્રકાશિત થયો હતો. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈએ પણ બી.એ.ના અભ્યાસક્રમમાં સમાજશાસ્ત્રને સ્થાન આપ્યું હતું. સને 1952માં આ જ યુનિવર્સિટી સાથે સંલગ્ન એસ. એલ. યુ. કૉલેજ દ્વારા જેઠાલાલ ગો. શાહે લખેલા 'સમાજશાસ્ત્રની રૂપરેખા' પુસ્તક પ્રકાશિત થયું હતું.

સને 1951માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, બરોડામાં અનુસ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્ર વિષય શીખવવાની શરૂઆત થઈ. એ સમયે એમ.એન. શ્રીનિવાસ આ વિભાગના અધ્યક્ષ હતા. સને 1952 થી 1966 સુધી આ યુનિવર્સિટીમાં આઈ.પી.દેસાઈએ શિક્ષણ કાર્ય કર્યું હતું. પ્રા. અરવિંદ એમ. શાહ, એમ. એન. શ્રીનિવાસના વિદ્યાર્થી હતા અને તેઓએ પણ 1958 થી 1961 એમ ત્રણ વર્ષો દરમ્યાન આ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુનિવર્સિટીમાં પણ સમાજશાસ્ત્રના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી જ રહ્યું હતું.

મુંબઈ, કોલકત્તા, લખનૌ, એમ. એસ. યુનિવર્સિટી વગેરે વિશ્વવિદ્યાલયોમાં અંગ્રેજી કેળવણી પામેલા અધ્યાપકોની વિદ્વત્તા ધ્યાનાકર્ષક હતી. અધ્યયન અને અધ્યાપનનું માધ્યમ અંગ્રેજી હોવાને કારણે અધ્યાપકો માટે વિદ્યાર્થીઓને વિષયના ઊંડાણમાં લઈ જવાનું સુગમ થઈ જતું. તેઓ વર્ગખંડના વ્યાખ્યાનોમાં તેમજ ચર્ચાઓમાં

સંદર્ભ પુસ્તકોનો બહોળો ઉપયોગ કરતા. વળી, વિદ્યાર્થીઓએ વિષયને સમજવો હોય તો વર્ગમાં ફરજિયાત હાજર રહેવું પડતું અને વ્યાખ્યાન પણ ધ્યાનથી સાંભળવું પડતું. વ્યાખ્યાન દરમ્યાન અપાયેલા સંદર્ભગ્રંથોના વાંચનને આધારે જ તેણે સમાજશાસ્ત્રની સમજ કેળવવી પડતી. એટલું જ નહીં, વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે પોતાનું વાંચન સાહિત્ય પોતાની જાતે જ તૈયાર કરવું પડતું. આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન પ્રશિષ્ઠ સમાજશાસ્ત્રીઓના મૂળ લખાણોથી વિદ્યાર્થીઓ પરિચિત થતા અને ભારતીય સમાજને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં સમજવાની મથામણ કરતા.

એમ. એસ. યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રનો એક વિષય તરીકે આરંભ થયા પછી ત્રણ વર્ષ બાદ એટલે કે સને 1954માં ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગ શરૂ થયો. સને 1956માં બી.એ.ના બીજા વર્ષના અભ્યાસક્રમમાં યુનિવર્સિટીએ સમાજશાસ્ત્રનો એક વૈકલ્પિક વિષય તરીકે સમાવેશ કર્યો અને તે જ વર્ષે ગુજરાતી ભાષાને શિક્ષણ અને પરિક્ષણના વૈકલ્પિક માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી. આથી ગુજરાતી ભાષામાં પ્રમાણભૂત પાઠ્યપુસ્તકો અને સંદર્ભગ્રંથો તૈયાર કરવાની જરૂરિયાત ઊભી થઈ. આ જરૂરિયાત સાથે અનુકૂલન સાધવું અત્યંત આવશ્યક હતું. વર્ગખંડના અધ્યયનને પૂરક બનાવવા માટે જો વિષયને લગતી વાંચન સામગ્રી ઉપલબ્ધ ન હોય તો વિદ્યાર્થી તે વિષયના જ્ઞાનના ઊંડાણને પામી શકે નહિ. એટલું જ નહિ, સારા પાઠ્યપુસ્તકો કે સંદર્ભગ્રંથો માત્ર વિદ્યાર્થીઓ પૂરતા જ નહિ, પરંતુ અધ્યાપકો માટે પણ એટલા જ મહત્વના બની રહેતા હોય છે તે વાત પણ સ્વીકારવી રહી.

શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને પ્રસ્થાપિત કરવાની યોજનાથી માતૃભાષામાં સમાજશાસ્ત્રના પુસ્તકો તૈયાર કરવાનો અને માતૃભાષામાં અધ્યાપન કરાવવાનો અધ્યાપકો સમક્ષ પડકાર ઊભો થયો. એ વખતે વિવિધ સામાજિક - આર્થિક સ્તરોમાંથી આવતા મોટા ભાગના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યેની ઉદાસીનતા વધવા લાગી હતી. ધીમે ધીમે આવા વિદ્યાર્થીઓના સમૂહનું કદ કૉલેજો અને યુનિવર્સિટીઓમાં પણ વધવા લાગ્યું. પરિણામે માતૃભાષામાં સમાજશાસ્ત્ર શીખવવાની જવાબદારી અધ્યાપકોએ સ્વીકારવી પડી. આથી અધ્યાપકોએ અંગ્રેજીની સાથે સાથે ગુજરાતીમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાનો આપવાની સંક્રાંતિની પરિસ્થિતિ ઊભી થઈ. આથી તે સમયે અધ્યાપકોને અંગ્રેજીમાં વાંચન કરી વિદ્યાર્થીઓને ગુજરાતીમાં મુદ્દાઓ આપવાની મથામણ કરવી પડતી. પોતે તો સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો કે સંકલ્પનાઓ બરાબર સમજ્યા હોય પરંતુ એ સિદ્ધાંતો કે સંકલ્પનાઓને ગુજરાતીમાં રજૂ કરવાનું તેઓ માટે મુશ્કેલ બની જતું. ઘણી વખત વિષયને ન્યાય ન આપી શકવાનો વસવસો રહેતો. ગુજરાતી માધ્યમમાં અધ્યાપન વખતે અંગ્રેજીમાં જો સંદર્ભ આપવાની જરૂર જણાય તો ઉપયોગી હોય તેટલા પૂરતો જ સંદર્ભ આપતા. બીજી બાજુ અંગ્રેજી ભાષા પ્રત્યેની ઉદાસીનતાને કારણે વિદ્યાર્થીઓમાં અંગ્રેજીમાં વાંચી અને સમજી શકવાની ક્ષમતા પણ ઘટવા લાગી.

એ વખતે સને 1956માં ડૉ. તારાબહેન પટેલ લંડન અભ્યાસ કરીને ગુજરાત પાછા આવ્યાં હતાં અને તેમની ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં રીડર તરીકે નિયુક્તિ થઈ. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો સમગ્ર ગુજરાતમાં આવેલી હોઈ સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ હોવાના નાતે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ સમાજશાસ્ત્રના અભ્યાસના વ્યાપને વિસ્તારવાની જવાબદારી તારાબહેનને શિરે આવી અને તેઓએ તેને બખૂબી નિભાવી. પ્રો. વિમળ શાહ 'તારાબહેન પટેલ : જીવન અને તેમનું સમાજશાસ્ત્ર પ્રદાન' લેખમાં નોંધે છે કે, 'તારાબહેને ખાસ કરીને સમાજશાસ્ત્રના ઈન્ટર તથા બી.એ.ના અભ્યાસક્રમને લગતાં પાઠ્યપુસ્તકો લખવા માટે પોતે તેમજ બીજાઓને પ્રોત્સાહન આપવા માટે સઘન પ્રયત્નો કરવાની શરૂઆત કરી.' તેઓએ સૌ પ્રથમ ડૉ. બુદ્ધિશ્ચંદ્ર શાહ સાથે ઈન્ટરના અભ્યાસક્રમને લગતું પાઠ્ય પુસ્તક 'સમાજશાસ્ત્ર' (મહાજન બુક ડિપો. અમદાવાદ, 1956) લખ્યું. આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેઓ લખે છે કે, 'ચાલુ વર્ષથી જ કૉલેજના દ્વિતીય

વર્ષના અભ્યાસક્રમમાં ગુજરાત યુનિવર્સિટીએ સમાજશાસ્ત્રને વિકલ્પે દાખલ કર્યું છે, એટલું જ નહિ પણ બીજા વર્ષમાં ગુજરાતીને માધ્યમ તરીકે સ્વીકાર્યું તે સ્તુત્ય છે. આમ થવાથી વિદ્યાર્થી અને શિક્ષણ વચ્ચે પરભાષાનો અવરોધ ન રહેતાં વિદ્યાર્થી આ વિષયને વધારે સારી રીતે સમજી ગ્રહણ કરી શકશે.' આ પુસ્તક બાદ તેઓએ 'સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વો' (ગુજરાત યુનિવર્સિટી, 1956) 'ભારતીય સમાજવ્યવસ્થા' (ધ ન્યુ ઓર્ડર બુક કં. અમદાવાદ 1957) 'ભારતનો સામાજિક ઇતિહાસ' (ધ ન્યુ ઓર્ડર બુક કં. અમદાવાદ, 1963), 'સમાજશાસ્ત્રમાં સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ' (રચના પ્રકાશન અમદાવાદ, 1978) અને 'કૌટુંબિક સમસ્યાઓ અને નિવારણ' (ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, 1982) એમ કુલ પાંચ પુસ્તકોની ભેટ આપી. આ ઉપરાંત તેઓનો સ્ટુઅર્ટ ચેઝના પુસ્તક 'The Proper Study of Mankind' નો ગુજરાતીમાં અનુવાદ 'માનવજીવનનાં નવલાં વહેણ' એ નામે પ્રસિદ્ધ થયો હતો.

સને 1960 થી 1962 દરમ્યાન આર. એમ. મેકઆઈવર અને ચાર્લ્સ એચ. પેજના સમાજશાસ્ત્રીય ચિંતનના નિચોડરૂપે લખાયેલા 'Society'નો ડૉ. અક્ષયકુમાર દેસાઈએ કરેલો અનુવાદ 'સમાજ' પ્રકાશિત થયો. ગુજરાત યુનિવર્સિટી દ્વારા 1 થી 4 દળદાર ખંડોમાં પ્રકાશિત થયેલા આ અનુવાદે સમાજશાસ્ત્રની પાયાની વિભાવનાઓની માતૃભાષા ગુજરાતીમાં સ્પષ્ટતા કરી આપી. આજે પણ આ ચારેય ખંડો સમાજશાસ્ત્રના સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત સને 1964માં પ્રા. સનતકુમાર ટી. જોષી અને પ્રા. અરવિંદ આર. શાહ દ્વારા લખાયેલું 'સમાજ એટલે શું ?', સને 1966માં પ્રા. સનતકુમાર ટી. જોષી, પ્રા. અરવિંદ આર. શાહ અને પ્રા. રમણિક ચુડાસમા દ્વારા લખાયેલું 'સમાજશાસ્ત્રની અભ્યાસ-પદ્ધતિઓ' તથા આ જ અરસામાં મોરિસ ગિન્સબર્ગના પુસ્તક 'Sociology'નો ઉષા કાન્હરે દ્વારા કરાયેલો અનુવાદ 'સમાજશાસ્ત્ર' શીર્ષક હેઠળ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયો.

સને 1969માં 'આધુનિક ભારતમાં જ્ઞાતિ અને બીજાં લેખો' પુસ્તક પ્રકાશિત થયું. એમ. એન. શ્રીનિવાસે 1952 થી 1960 દરમ્યાન કોઈને કોઈ પરિસંવાદ, સંમેલન કે અભ્યાસગ્રંથમાં ભાગ લેવાના આમંત્રણના સ્વીકારરૂપે જે લેખો લખ્યા હતા તેવા 11 લેખોનો ગુજરાતી અનુવાદ પુરુષોત્તમ છ. શાહે કર્યો અને આ અનુવાદને ભાષાંતર નિધિ ટ્રાન્સલેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યો.

આ રીતે જોઈએ તો 1956 થી 1970ના સમયગાળા દરમ્યાન ગુજરાતની બીજી પેઢીના સમાજશાસ્ત્રીઓએ યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ માતૃભાષામાં શીખવી શકાય તેવા ગુણવત્તાસભર સમાજશાસ્ત્રીય ગ્રંથોનો સારો એવો વિકાસ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે એ સમયે ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું કાર્ય એટલું સરળ અને સહેલું નહોતું. જેમ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની બૌદ્ધિક કક્ષા સમાન નથી હોતી તેવી જ રીતે તેમની અભ્યાસલક્ષી જરૂરિયાતો પણ એકસમાન નથી હોતી. આથી આ બંને સ્તરના વિદ્યાર્થીઓને અનુકૂળ આવે એવા પુસ્તકો તૈયાર કરવાનું કાર્ય ખરા અર્થમાં પડકારજનક હતું. એ વખતે તદ્દન નવા પુસ્તકના લેખનમાં કે કોઈ અંગ્રેજી પુસ્તકનો અનુવાદ કરતી વખતે સૌથી મોટો પડકાર હતો - સમાજશાસ્ત્રીય પરિભાષાનો. કારણ કે નવું લખવામાં કે અનુવાદ કરવામાં સંદર્ભ તો મોટેભાગે અંગ્રેજી પુસ્તકો કે લેખોનો જ લેવાનો હતો. આ મુંઝવણને વ્યક્ત કરતા અક્ષયકુમાર દેસાઈ 'સમાજ ખંડ'ના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં લખે છે કે, 'ગુજરાતી ભાષા, અંગ્રેજી ભાષાની તુલનામાં હજી અણવિકસી કહેવાય, તેનો શબ્દભંડોળ હજી મર્યાદિત છે. તેના કથનમાં વૈવિધ્ય ઓછું છે, અને સંકુલ અનુભવોને વ્યક્ત કરવાનું સામર્થ્ય હજી પ્રમાણમાં તે ઓછું ધરાવે છે એ કબૂલવું જ રહ્યું. જગતના સમૃદ્ધ અને વિકસતા સામાજિક વારસાને વર્ણવવા ગુજરાતી ભાષાએ હજી સુરેખ શબ્દશ્રેણી ખીલવી નથી.'

વળી, 'રોબર્ટ કે. મર્ટનનું સમાજશાસ્ત્ર' પુસ્તકના લેખક પ્રવિણચંદ્ર જે. પટેલ ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્રના લેખનમાં સૌથી મોટી સમસ્યા તરીકે પરિભાષાની સમસ્યા હોવાનું જણાવે છે. એ વખતે ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્રની સર્વસ્વીકૃત પરિભાષાનો વિકાસ થયો ન હોવાને કારણે જુદા જુદા પારિભાષિક શબ્દો યોજવાના પ્રયોગોને થોડોઘણો અવકાશ છે એવું જણાવી તેઓએ જ્યાં શક્ય હતું ત્યાં પ્રચલિત પરિભાષાનો આ પુસ્તકમાં ઉપયોગ કર્યો હતો. વળી, કેટલાક અંગ્રેજી શબ્દોનો યોગ્ય ગુજરાતી અનુવાદ ન મળવાથી તેઓએ પુસ્તકમાં મૂળ અંગ્રેજી શબ્દનો પ્રયોગ ચાલુ રાખ્યો હતો. જેમ કે, 'પેરેડાઈમ', 'એનોમી', 'પોલિટિકલ મશીન' વગેરે.

પ્રાદેશિક ભાષાને પ્રોત્સાહન આપવાની અને યુનિવર્સિટી કક્ષાએ શિક્ષણ - પરીક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષા પ્રસ્થાપિત કરવાની રાષ્ટ્રવ્યાપી યોજના અન્વયે કેન્દ્ર સરકારે રાજ્યદીઠ ગ્રંથનિર્માણ બોર્ડ સ્થાપવાનો નિર્ણય કર્યો અને 1970માં અમદાવાદમાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડની સ્થાપના કરવામાં આવી. ગ્રંથનિર્માણ બોર્ડની 2016ની સૂચિ મુજબ પાંચ દાયકામાં બોર્ડ દ્વારા સમાજશાસ્ત્રના માત્ર 21 પુસ્તકો જ પ્રકાશિત થયા છે ! આ પુસ્તકોની શ્રેણીમાં અક્ષયકુમાર દેસાઈનું 'ભારતીય રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા', હરીશ દોશીનું 'નગર સમાજશાસ્ત્ર' બુદ્ધિશ્ચંદ્ર શાહનું 'શિક્ષણનું સમાજશાસ્ત્ર' વિદ્યુત જોષીના 'ઓગસ્ટ કોમ્ત' અને 'આઈ.પી.દેસાઈ', વાય. એ. પરમારનું 'સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો', આમ્રપાલી મર્ચટનું 'ક્રિયાનું સમાજશાસ્ત્ર' તથા જયપ્રકાશ ત્રિવેદીનું 'ઔદ્યોગિક સમાજશાસ્ત્ર' વિશેષ ઉલ્લેખનીય છે.

તો બીજી તરફ શ્રી આર. આર. શેઠની કંપની દ્વારા સમાજવિજ્ઞાન માળાની શ્રેણી અંતર્ગત કુલ 23 પુસ્તિકાઓ પ્રકાશિત થઈ છે. ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈએ આ શ્રેણી અંતર્ગત ડૉ. લલિતપ્રસાદ વિદ્યાર્થી, પ્રો. મોરીસ ડોબ, લીઓ હુબરમેન, ડૉ. વિલાસ સંગવે, ડૉ. દેવીદાસ પિલ્લાઈ, ઈવેલીન રીડ, પ્રો. શરદ ઝવેરી, અર્નેસ્ટ મેન્ડલ, જ્યોર્જ નોવેક, ગોર્ડન ચાઈલ્ડ વગેરે મૂળ લેખકોના પુસ્તકોના ગુજરાતી અનુવાદના સંપાદનનું કાર્ય કર્યું હતું. સમાજવિજ્ઞાન માળાની આ શ્રેણીએ સમાજશાસ્ત્રના અભ્યાસીઓને ભારતીય સમાજ, સંસ્કૃતિ, નગર અને ગ્રામ સમુદાય, સંયુક્ત કુટુંબ વ્યવસ્થા, સામાજિક માનવશાસ્ત્ર, કલાનું સમાજશાસ્ત્ર, સ્ત્રીઓનો પલટાતો દરજ્જો જેવા વિષયોથી પરિચિત કરાવ્યા. આ ઉપરાંત અમદાવાદના રચના પ્રકાશન, પાર્શ્વ પ્રકાશ તેમજ અન્ય પ્રકાશનો દ્વારા સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને સ્નાતકથી લઈને અનુસ્નાતક સુધીના પાઠ્યપુસ્તકો પ્રકાશિત થવા લાગ્યા.

સને 1970 પછીના પાંચ દાયકા દરમ્યાન ગુજરાતમાં સમાજશાસ્ત્રનો પ્રવાહ બદલાયો. ગુજરાતની યુનિવર્સિટીઓ, કૉલેજો ઉપરાંત સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ફૉર ડૅવલપમેન્ટ રિસર્ચ, ઈસરો, ઈન્સ્ટિટ્યૂટ ફૉર અર્બન એન્થ્રોપોલૉજી, આઈ.આઈ.એમ. જેવી સંશોધન સંસ્થાઓમાં પણ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રને સ્થાન મળ્યું છે. એ.એમ.શાહ, એન.આર.શેઠ., વી. પી. શાહ, હરિશ દોશી, બી. વી. શાહ, વી. આર. ગાયકવાડ, બિનોદ અગ્રવાલ, હર્ષદ ત્રિવેદી, રાસબિહારી લાલ, અંબુભાઈ પટેલ, પ્રભાતસિંહ જેઠવા, પંચનદીકર, કે. રમણ ઉન્ની, એસ. પી. પુનાલેકર, એડવીન મસિહી, વિદ્યુત જોષી વગેરે માતૃભાષામાં સમાજશાસ્ત્રના શિક્ષણને વિકસાવ્યું. વિદ્યુત જોષીએ નર્મદા પુનર્વસન, બંધુઆ મજૂરો, ફરતા મજૂરો, શિક્ષણનું સમાજશાસ્ત્ર, સાહિત્યનું સમાજશાસ્ત્ર, પર્યાવરણનું સમાજશાસ્ત્ર, વિકાસ, વંચિતતા અને વિસ્થાપન, ગ્રામીણ વિકાસ, આદિવાસી વિકાસ દર્શન, એકવીસમી સદીમાં ગાંધી માનવવાદ અંગેના સંશોધન-અભ્યાસો કરી સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રને સંવર્ધિત કર્યું. સાથે સાથએ 'પારિભાષિક કોશ' અને 'સમાજ વિજ્ઞાન શબ્દકોશ' વિકસાવીને તેઓએ ગુજરાતી ભાષામાં

સમાજશાસ્ત્ર શીખવતા અધ્યાપકો માટે સમાજશાસ્ત્રીય શબ્દોની અર્થછાયાઓ વધુ સ્પષ્ટ કરી આપી છે. ગુજરાતી ભાષામાં સમાજશાસ્ત્રના 20 પુસ્તકો અને જુદા જુદા વર્તમાનપત્રોમાં 2,508 જેટલા કટાર લેખો દ્વારા તેઓએ માતૃભાષામાં સમાજશાસ્ત્રીય સાહિત્ય વિકસાવવામાં અનન્ય યોગદાન આપ્યું છે.

1990 થી 2015 દરમ્યાન વિદ્યુતભાઈ જોષી ઉપરાંત દેવેન્દ્રભાઈ જોબનપુત્રા, આમ્રપાલીબહેન મર્ચન્ટ, જયપ્રકાશભાઈ ત્રિવેદી, ધીરૂભાઈ દેસાઈ, લીનાબહેન બાદશાહ, હેમીક્ષાબહેન રાવ, હરેશભાઈ ઝાલા, ગૌરાંગભાઈ જાની, વાય. એ. પરમાર, ચંદ્રિકાબહેન રાવલ વગેરેએ માતૃભાષામાં શિક્ષણ આપવાની તારાબહેન પટેલે આરંભેલી પરંપરાને વિશેષ આગળ ધપાવી છે.

આ સિવાય 'અર્થાત્', 'નયા માર્ગ', 'યોજના'. 'સમાજકારણ', 'માધુકરી' વગેરે સામાજિક વિજ્ઞાનોના સામયિકોમાં પ્રકાશિત થતાં સંશોધન લેખો સામાજિક પ્રશ્નો અને સમાજિક પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે. તો ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદે પણ સંશોધકો અને અધ્યાપકોને ગુજરાતી માધ્યમમાં સંશોધન લેખો પ્રસ્તુત કરવા મંચ પૂરું પાડ્યું છે.

આજે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના સમાજશાસ્ત્ર વિભાગોમાં પોતાના અભ્યાસકાળ દરમ્યાન ગુજરાતીમાં સમાજશાસ્ત્ર શીખ્યા હોય તેવા અધ્યાપકો દ્વારા સમાજશાસ્ત્રનું શિક્ષણ અપાય છે. સને 2011થી અભ્યાસની વાર્ષિક પદ્ધતિને બદલે ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ મુજબ સેમેસ્ટર પદ્ધતિ લાગુ પડતા વર્ગમાં કે અભ્યાસક્રમમાં જરૂર જણાય એટલી જ અભ્યાસ સામગ્રી એકત્ર કરવાની અને આપવાની મનોવૃત્તિ આડકતરી રીતે ઊભી થઈ છે. આમ કરવામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો અભ્યાસક્રમ પૂરો કર્યો હોવાનો આત્મસંતોષ માની લે છે. વળી, સમાજશાસ્ત્ર સાથે બી.એ. અને એમ.એ. કરનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જોવા મળ્યો છે. રાજ્ય સરકાર તરફથી મળતી આર્થિક મદદને કારણે વિવિધ સામાજિક વર્ગોના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ તરફ વળ્યા છે. વળી, નોકરી કે વ્યવસાયની સાથે સાથે વિદ્યાર્થીઓ કૉલેજમાં પ્રવેશ મેળવતા હોવાને કારણે એડમિશન મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યાની તુલનામાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરીમાં ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. ડૉ. જયપ્રકાશ ત્રિવેદી 'સમાજકારણ'ના જાન્યુઆરી, 2022ના અંકમાં પોતાનું અવલોકન ટાંકતા નોંધે છે કે, 'વિદ્યાર્થીઓ અંગેની બીજી નોંધપાત્ર બાબત અભ્યાસમાં ઘટતો જતો રસ, રુચિ અને ગંભીરતા છે. નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા જથ્થાબંધ વધતી ગઈ પરંતુ વર્ગખંડમાં નિયમિત હાજર રહી, વ્યાખ્યાન ધ્યાનથી સાંભળવું, બોર્ડ ઉપર લખેલા અગત્યના મુદ્દાઓ નોંધવા જેવી બાબતોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ બેફિકર થઈ ગયા છે. મારી નિવૃત્તિના છેલ્લાં પાંચ વર્ષો દરમ્યાન તો કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંના અડધાથી વધુ વિદ્યાર્થીઓ વર્ગખંડની બહાર જ રહેતા હતા.'

આ વાસ્તવિકતા સમાજશાસ્ત્ર વિષય સાથે એમ.એ., એમ.ફીલ. કે પીએચ.ડી.ની ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓમાં વિષયનું ઊંડાણ કે સમજ કેટલી હશે તેની સામે પ્રશ્નાર્થ ખડો કરે છે. આ વિદ્યાર્થીઓ પાસે જે કાંઈ ઉપલબ્ધ અભ્યાસસામગ્રી છે તે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેટલી કામ લાગશે એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. ગત 1લી મે, 2023ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપનાને 63 વર્ષ પૂરા થયા. જુદા જુદા સમાચાર માધ્યમો, સામયિકો અને ટી.વી. ચેનલોએ ગુજરાતની વિકાસગાથાને વર્ણવતા લેખો-કાર્યક્રમો રજૂ કર્યા. આ સંદર્ભમાં ગુજરાતી ભાષામાં શીખવવામાં આવતા સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનું સ્થાન ક્યાં છે તે બાબત વિચાર માગી લે તેવી છે. સ્પર્ધાના આ યુગમાં સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે વિષયને વધુ સમૃદ્ધ કરવાનો અને તેનો વિકાસ કરવાની જવાબદારી આપણા સૌની છે. વિષયના વિકાસનું ધ્યેય સિદ્ધ કરવામાં જે

અવરોધો અંતરાયરૂપ બને છે તેને શોધી, આ અવરોધો દૂર કરી વિષયને સમૃદ્ધ કરવાના ધ્યેય માટે શ્રેષ્ઠ માર્ગ શોધવાની જવાબદારી પણ આપણા સૌની છે. સમાજશાસ્ત્રને ગુજરાતી ભાષામાં શીખવવા માટેની યોગ્ય અને પર્યાપ્ત અભ્યાસસામગ્રી, વિષય શીખવતા પ્રાધ્યાપકોની સજ્જતા, સામાજિક પ્રશ્નોને સંશોધનક્ષમ બનાવાવની દ્રષ્ટિ અને અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની વિષયના ઊંડાણમાં ઉતરવાની ક્ષમતા જેવા મુદ્દાઓ આ સંદર્ભમાં વિશેષ મહત્વના બન્યા છે. ગુજરાતમાં અન્ય સામાજિક વિજ્ઞાનોની સરખામણીમાં તેમજ અન્ય પ્રદેશોમાં પ્રાદેશિક ભાષાઓમાં સમાજશાસ્ત્રની વાંચન સામગ્રી જોતા આપણે હજુ ઘણું કાર્ય કરવાનું છે તે હકીકતને સ્વીકારવી જ રહી.

જેમ વેપારીઓ વર્ષાંતે નફા-નુકસાનનું સરવૈયુ કાઢે છે અને આગળ ક્યાં અને કેટલું વધવું તેનો વિચાર કરે છે, એ રીતે આપણે સૌએ પણ આત્મમંથન કરી વિષયના વિકાસની સિદ્ધિઓનો અને ઉણપોનો તાગ મેળવવો પડશે. સમાજશાસ્ત્રના ઝડપી વિકાસ માટે અને તેને સમાજ ઉપયોગી બનાવવા માટે માતૃભાષામાં ગુણવત્તાયુક્ત પુસ્તકોના સર્જનનો જે અભાવ છે તેને ધ્યાને લેવો પડશે. ખાસ કરીને જ્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલને આડે હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે આપણે આપણા વિષય સામેના પડકારોને ઝીલી શકીએ એ માટે પ્રયત્નશીલ થવું પડશે.

## સર્વ ધર્મ સમભાઈ - સર્વ ધર્મ સમભાવ

વેદમાં પૃથ્વીનું વર્ણન છે 'नाना धर्माणां पृथिवी विवाचसम्' પૃથ્વી અનેક ધર્મોથી અને અનેક ભાષાઓથી સંપન્ન માતા છે. પૃથ્વી પરની બધી ભાષાઓ અને બધા ધર્મો આપણા માટે માતૃસ્થાને છે. વળી વેદમાં એમ પણ કહ્યું છે કે, 'एकं सत् विप्रा बधुधा वदन्ति' - સત્ય એક છે, તેની ઉપાસના કરનારા તેને અનેક નામે વર્ણવે છે. આ છે, વેદોનું સર્વોત્તમ, સમન્વય સૂત્ર, બાદરાયણનું પણ આવું જ એક શ્રેષ્ઠ સૂત્ર છે. 'तत्तु समन्वयात' - તમને જ્ઞાન પ્રાપ્ત થશે. સમન્વયથી, ઋષિઓને અનુભૂતિ થઈ. ધર્મ સંસ્થાપકો એવા બધા સત્પુરુષોને પણ અનુભૂતિ થઈ. આપણનેય થઈ શકે છે. આજ સુધી વિવિધ અનુભૂતિઓ થતી રહી છે અને આગળ પણ થતી રહેશે. જે અનુભૂતિઓ થતી હશે, તે ભિન્ન-ભિન્ન શબ્દોમાં પ્રગટ થશે. તે શબ્દો-શબ્દો વચ્ચે ટક્કર ઊભી કરવી તો સહેલી છે, પણ તેનાથી કામ સરશે નહીં. તેથી અનુભવીઓના - જે સાક્ષાત્ દૃષ્ટા હશે એમના - અનુભવોનો, શબ્દનોનો સમન્વય જ કરવો જોઈએ. બાદરાયણનું આવું છે વલણ. આ વલણ જો સમજી લેવાય અને અપનાવી લેવાય, તો જુદાજુદા ધર્મો વચ્ચે જે ઝઘડા ઊભા થાય છે, તે નહીં થાય.

ભારતની ભૂમિ સમન્વયની ભૂમિ છે. અહીં હંમેશાથી અનેક વિચારધારાઓનો સમન્વય થતો આવ્યો છે. આપણે સમજવાનું એ છે કે સમન્વયની આવશ્યકતા આજે અગાઉ કરતાં ઘણી બધી વધારે છે. ધર્મની બાબતમાં આ જ વાત લાગુ પડે છે. આ પૃથ્વી ઉપર જુદી જુદી પરિસ્થિતિમાં માણસની જરૂરિયાત મુજબ જુદાજુદા ધર્મો ઉભા થયા અને ઉપાસનાની જાતજાતની પદ્ધતિઓ નિર્માણ થઈ. આ વિવિધતામાં કશું ખોટું નથી. આપણે આ વિવિધતા જાળવી રાખીને પણ બધા ધર્મોમાં એકતા જોવાની છે અને બધા ધર્મો તો માણસની આધ્યાત્મિક સાધના માટેના વિવિધ માર્ગો છે. તેમનો સમન્વય જ થવો જોઈએ. આપણે બધા ધર્મો પાછળના મૂળભૂત વિચારો ગ્રહણ કરી લેવાના છે, બધા ધર્મો માટે સમભાવ જ નહીં, મમભાવ અનુભવવાનો છે.

**- વિનોબા**

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ : સંભાવનાઓ અને સમસ્યાઓ

– ડૉ. શૈલજા ધ્રુવ*

**સારસંક્ષેપ :**

Education is true path to a better future not for the private sector better future.

ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 : સૈદ્ધાંતિક દ્રષ્ટિએ ખૂબ જ વિકાસાત્મક અને પ્રગતિ સૂચક છે. સૌને માટે એ ફાયદાકારક છે. એમાં ઘણી બધી સ્વતંત્રતા, ઉદાર અભ્યાસક્રમો, વિવેચનાત્મક વિચારો, સર્જનાત્મકતા અને બૌદ્ધિકતા હાંસલ કરવાના માર્ગ છે. જુદા જુદા તબક્કા જેવા કે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ, શાળાકીય શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ વગેરેમાં શિક્ષણ, એની પદ્ધતિ, શિક્ષણ પ્રશિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ, સંશોધન સમાન અને સર્વ સમાવેશક શિક્ષણ જેવા મુદ્દાઓ સમાવિષ્ટ છે. જેનું મુખ્ય લક્ષ્ય આપણા ભારત દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂર્ણ કરવાનો છે. ઉજ્જવળ ભારતની સ્વપ્નદ્રષ્ટા સમાન આ નીતિ ભારતના વિદ્યાર્થીઓની ક્ષમતા નિર્માણનું કેન્દ્ર બની રહેશે.

જોકે ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં આના અમલીકરણનું કાર્ય ખૂબ જ મુશ્કેલ છે. આ માટે જરૂરી સંસાધનો અને આંતરમાળખું તથા એ માટે નાણાંકીય સુવિધાનો પ્રશ્ન ખૂબ જ જટિલ બની રહે છે. ભાષાનું વૈવિધ્ય, શિક્ષકોની માનસિકતા, ખાનગીકરણ તરફનો ઝોક જેવા પરિબળો તેમાં અવરોધ ઉભો કરી શકે તેમ છે. સ્ત્રી વિકાસની પથદર્શક આ નીતિમાં લિંગ સમાનતા અને તક ઉપરાંત કારકિર્દી અને નેટવર્કિંગ જેવી સુવિધાઓ છે. જુદા જુદા સંશોધનમાં અને સ્ત્રી શિક્ષણના વિકાસાત્મક પાસાને પહોંચી વળવા મહિલા કૉલેજની સકારાત્મક ભૂમિકા હોય પરંતુ બીજી બાજુ લિંગ અસમાનતા, સુરક્ષાની સમસ્યા, સ્ટીરિયો ટાઈપ ઈમેજ આ બધા મુદ્દા મહિલા કૉલેજને નવી શિક્ષણ નીતિના અમલમાં અવરોધક બનવાની શક્યતાને નકારી ન શકાય.

આ પશ્ચાદભૂમિકામાં લખાયેલ પ્રસ્તુત લેખ ગૌણ માહિતી આધારિત છે, જેનો મુખ્ય હેતુ નવી શિક્ષણ નીતિની સંભાવના અને સમસ્યાઓ તપાસવાનો છે તેમજ આ નીતિ મહિલા કૉલેજની પ્રગતિમાં શું ભૂમિકા ભજવી શકે અને એ માટે કઈ બાબતો સમસ્યાત્મક છે એ તપાસવાનો છે.

**ચાવીરૂપ શબ્દો** - રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સંભાવના, સમસ્યાઓ, મહિલા.

**પ્રસ્તાવના :**

‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : 2020 નવા ભારતનો પાયો નાખનારી છે. 21મી સદીના ભારતના યુવાનોને કેવા શિક્ષણની જરૂર છે, તેની સાથે કેવા કૌશલ્ય જોઈએ તે વિષય પર નવી શિક્ષણ નીતિમાં વધારે ધ્યાન અપાયું છે. ભારતને શક્તિશાળી બનાવવા માટે, વિકાસની ઊંચાઈએ પહોંચાડવા માટે, ભારતનાં નાગરિકોને વધુ સશક્ત બનાવવા માટે પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભાર મૂકાયો છે.’

**- નરેન્દ્ર મોદી**

(રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 :3:)

ભારતના વિશ્વજ્ઞાન ફલક પર ખૂબ જ ઝડપથી ગતિશીલ બનાવવાની સંભાવના સાથે ઘડાયેલી આ નીતિના ઉદ્દેશ્ય શિક્ષણને વધુ લવચિક, સર્વગ્રાહી અને બહુશાખાકીય બનાવવાનું છે. આમ છતાં, બીજી બાજુ કેટલીક વાસ્તવિકતાઓનો સ્વીકાર કરી સમસ્યાઓનો સામનો પણ કરવો પડશે.

આ પશ્ચાદ્ભૂમિકામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંભાવનાઓ અને સમસ્યાઓ સંબંધિત વિવિધ મુદ્દાઓની ચર્ચા આ લેખમાં કરી છે. આ લેખ ગૌણ માહિતી આધઆરિત છે જેના મુખ્ય ઉદ્દેશ્ય :

(1) પ્રારંભિક શિક્ષણ, શાળા શિક્ષણ અને ઉચ્ચ

* એસોસિયેટ પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, એસ.એલ.યુ. આર્ટસ ઍન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

શિક્ષણ ક્ષેત્રે નવી શિક્ષણ નીતિની સમસ્યાઓ અને સંભાવનાઓ તપાસવાનો છે.

(2) મહિલાઓ અને મહિલા કૉલેજના સંદર્ભમાં આ શિક્ષણ નીતિના વિકાસાત્મક પાસાઓ જાણી અને પડકારોને જાણવાનો છે.

(3) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા ભારતમાં નવી દિશામાં પ્રગતિ અને પડકારોની રજૂઆત કરવાનો છે.

પ્રસ્તુત લેખ વૈયક્તિક અનુભવો, નિષ્ણાતો સાથેની ચર્ચા, આ માટે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતી વગેરેનો આધાર લઈ તૈયાર કરવામાં આવ્યો છે.

**શાળા શિક્ષણ :**

NEPના પ્રથમ વિભાગમાં શાળા શિક્ષણની જોગવાઈઓની રજૂઆત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 શાળા શિક્ષણ અગાઉના માળખા કરતાં નવા પદ્ધતિસરના માળખા અને અભ્યાસક્રમને આવકારે છે. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ દ્વારા અધ્યાપનનો પાયો નાંખવામાં આવે છે. પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણમાં બહુ સ્તરીય, બહુ આયામી, લવચિક, પ્રવૃત્તિ આધારિત રમતગમત અને શોધ આધારિત શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020:21) આ તબક્કામાં બાળકના શારીરિક અને માનસિક વિકાસ, બોધનાત્મક વિકાસ અને કૌશલ્ય વિકાસને મહત્વ આપવામાં આવ્યું છે. પ્રાથમિક શાળાના શિક્ષણનો ઉદ્દેશ્ય તમામ બાળકોને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ આપી મજબૂત પાયો તૈયાર કરવાનો છે. જેથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય. અપવ્યયનો દર ઘટે, તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત બને એવું વિચારવામાં આવ્યું છે. આ માટે શિક્ષકોને તૈયાર કરી, રાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસક્રમનું માળખું, પાઠ્યપુસ્તકો, મૂલ્યાંકન પદ્ધતિ વગેરે થશે. એટલું જ નહિ વિશિષ્ટ પ્રતિભાવાળા અને હોંશિયાર વિદ્યાર્થીઓને સહાય અપાશે. સમાન અને સર્વસમાવેશક શિક્ષણનું ધ્યેય સમાજનાં અનેક નાગરિકોના સ્વપ્ન સાકાર કરવામાં અસરકારક નીવડશે. આવી બધી વ્યવસ્થા નવા ભારતના નિર્માણમાં પાયાગત ભૂમિકા ભજવશે. આ મહત્વકાંક્ષી સંભાવનાઓની સાથે કેટલાક પ્રશ્નો અને પડકારો પણ છે. જેમ કે શિક્ષકોની અછત, અપૂરતું શાળાકીય માળખું, ભંડોળ માટેની અછત વગેરે. તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સરકારી તેમજ ખાનગી શાળામાં શિક્ષણનું માળખું તક અને સુવિધાઓમાં ઘણું મોટું અંતર છે.

**ઉચ્ચ શિક્ષણ :**

NEPના બીજા વિભાગમાં ઉચ્ચ શિક્ષણની રજૂઆત છે. પ્રસ્તુત લેખમાં આ વિશે ગહન ચર્ચા કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયોની સ્થાપના દ્વારા ભારતના નવયુવાનો માટે ઉત્તમ ભવિષ્યનો દ્રષ્ટિકોણ સમાવિષ્ટ છે. ઉચ્ચ શિક્ષણના સૂચિત ફેરફારથી શિક્ષણની ગુણવત્તાતો સુધરશે પરંતુ ભારતના યુવાનો માટે રોજગારીની નવી તક ઉભી થશે. નવી દિશાઓ ખુલશે. જે ભારતને વૈશ્વિક નેતૃત્વ પ્રદાન કરવામાં ઘણી ઉપયોગી બનશે. ભારતમાં આ નીતિ સર્વગ્રાહી વિકાસનો અભિગમ સૂચવે છે. જેમાં વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને શારીરિક વિકાસની સાથોસાથ સર્જનાત્મક અને વિવેચનાત્મક વિચારસરણીને મહત્વ આપે છે તેમજ તેમની કુશળતાના વિકાસને પ્રોત્સાહન આપે છે. જેમ કે...

**નવી શિક્ષણ નીતિની કેટલીક મુખ્ય સંભાવનાઓ :**

**(1) વ્યક્તિગત શિક્ષણ :**

નવી શિક્ષણ નીતિ વ્યક્તિગત શિક્ષણ અનુભવો પર ભાર મૂકે છે. વિદ્યાર્થીઓને તેમની પોતાની ગતિએ અને તેમની વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ રીતે શીખવાની મંજૂરી આપે છે. અનુકૂલનશીલ શિક્ષણ તકનીકો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) શૈક્ષણિક સામગ્રીને અનુરૂપ બનાવી શકે છે અને લક્ષિત પ્રતિસાદ પ્રદાન કરી શકે છે. વિદ્યાર્થીઓની સંલગ્નતા અને સમજણને વધારી શકે છે. જે એમના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્વપૂર્ણ મુદ્દો કહી શકાય.

**(2) ઑનલાઈન અને રિમોટ લર્નિંગ :**

ડિજિટલ યુગે ઑનલાઈન અને રિમોટ શીખવાની વિશાળ તકો ખોલી છે. વર્ચ્યુઅલ ક્લાસરૂમ, વિડિયો લેક્ચર્સ અને ઑનલાઈન અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને

વિશ્વભરના શૈક્ષણિક સંસાધનો અને કુશળતાને એક્સેસ કરવામાં સક્ષમ બનાવે છે. આ સુગમતા ભૌગોલિક અવરોધોને દૂર કરે છે અને તમામ ઉંમરના લોકો માટે જીવનભર શીખવાની તકો પ્રદાન કરે છે. જેનાથી ભારતનો યુવાન વૈશ્વિક યુવાન સાથે કદમ મિલાવી આગળ ધપી શકશે અને પ્રગતિ કરી શકશે.

**(3) સહયોગ અને વૈશ્વિક જોડાણો :**

નવું શિક્ષણ વૈશ્વિક સ્તરે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સહયોગ અને જોડાણને પ્રોત્સાહિત કરે છે. ઑનલાઈન પ્લેટફૉર્મ્સ અને સામાજિક નેટવર્ક્સ દ્વારા વિદ્યાર્થીઓ વિવિધ પૃષ્ઠભૂમિના સાથીદારો સાથે આંતર-સાંસ્કૃતિક ચર્ચાઓમાં જોડાઈ શકે છે. જ્ઞાનનું આદાન પ્રદાન કરી શકે છે અને પ્રોજેક્ટ્સ માટે અન્યનો સહયોગ લઈ શકે છે. આ સાંસ્કૃતિક સમજણ, સહાનુભૂતિને પ્રોત્સાહન આપે છે અને વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે એકબીજા સાથે જોડાયેલા વિશ્વ માટે તૈયાર કરે છે.

**(4) કૌશલ્ય આધારિત શિક્ષણ :**

પરંપરાગત શિક્ષણ મહદ્અંશે જ્ઞાન સંપાદન પર ધ્યાન કેન્દ્રિત કરતું પરંતુ નવું શિક્ષણ કૌશલ્યોના વિકાસ પર ભાર મૂકે છે, જે ઝડપથી બદલાતા જોબ માર્કેટ સાથે સુસંગત છે. વિદ્યાર્થીઓને ભાવિ કારકિર્દી માટે જરૂરી ક્ષમતાઓથી સજ્જ કરવા જટિલ વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ, સર્જનાત્મકતા, સંચાર અને ડિજિટલ સાક્ષરતાને પ્રાથમિકતા આપવામાં આવે છે. જે એમના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત કરે છે.

**(5) વ્યવસાયિક શિક્ષણ :**

NEP વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણની પૂરતી તક આપે છે. વિવિધ વિષયોના જુદા જુદા અભ્યાસક્રમોની મંજૂરી આપે છે. જેથી વિદ્યાર્થીની ઇચ્છા અને અપેક્ષાને કેન્દ્રમાં રાખી એના જ્ઞાન, કૌશલ્ય અને રોજગારીનો સમન્વય થશે. સાથે સાથે વિવિધ વિદ્યાશાખાઓના નવા અભ્યાસક્રમોનું સુસંકલન થશે.

**(6) ટૅકનૉલૉજી :**

નવી શિક્ષણનીતિ ટૅકનૉલૉજીને એકીકૃત કરવા માંગે છે, જે વિદ્યાર્થીઓને ઑનલાઈન સંસાધનો માટે મહત્વપૂર્ણ સાબિત થશે. શાળાઓ અને યુનિવર્સિટીઓમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી વધતા જ્ઞાનમાર્ગ સરળ બનશે અને વૈશ્વિક ઉપયોગમાં સરળતાથી સહભાગી બની શકશે.

આ ઉપરાંત નવી શિક્ષણનીતિમાં કૉલેજના ચાર વર્ષનો કોર્ષ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝીટની સુવિધાઓ છે. નેશનલ ટેસ્ટીંગ એજન્સીઓ દ્વારા પ્રવેશ પરીક્ષા લેવામાં આવશે. ભારતમાં વિદેશી યુનિવર્સિટીઓના કેમ્પસ હશે અને ઘણા બધા સાથે પારસ્પરિક MOU કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020માં સંશોધન અને નવીનતા પર ઘણો જ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતને નૉલેજ હબ બનાવવાના ઉદ્દેશ્યથી શિક્ષણમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. વિવિધ વિષયોમાં શ્રેષ્ઠ સંશોધન સંસ્થા સ્થાપવા પાછળનો હેતુ પણ શિક્ષણને સમાજ ઉપયોગી બનાવવાનો છે.

આમ, ઘણી મહત્વકાંક્ષી યોજનાઓ ઉચ્ચ શિક્ષણમાં સમાવિષ્ટ છે. પરંતુ તેની સાથે કેટલીક સમસ્યાઓ પણ ઉભી થશે.

**નવી શિક્ષણ નીતિની કેટલીક સમસ્યાઓ :**

ઉચ્ચ શિક્ષણમાં ઘણી મહત્વકાંક્ષી યોજનાઓ છે આમ છતાં તેમાંથી ઉદ્ભવતી કેટલીક સમસ્યાઓ જોઈએ તો...

**(1) અમલીકરણ :**

આ શિક્ષણનીતિ 2020માં તૈયાર થઈ અને 2023થી એનો અમલ કરવા જઈ રહ્યા છીએ. ભારત વૈવિધ્યસભર દેશ છે. AISHEના 2019ના અહેવાલ પ્રમાણે ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે 3.74 કરોડ વિદ્યાર્થીઓ, 1000થી વધુ યુનિવર્સિટીઓ, 39931 કૉલેજ અને 10725 સંસ્થાઓ છે. ભારતના અનેક રાજ્યો, જિલ્લા અને તાલુકા કક્ષાએ મોટી સમસ્યા સંશોધન અને માળખાકીય સુવિધાઓને લગતી છે.

**(2) સંસાધનો અને આર્થિક પરિસ્થિતિ :**

NEPના ડ્રાફ્ટીંગ કમિટીના સભ્ય Dr. Krishnaswami Kasturiranganના જણાવ્યા મુજબ,

'India's education system is underfunded, heavily bureaucratized and lacs capacity for innovation and scale-up'. (Niranjan Shahoo:2020:1)

આવા સંજોગોમાં સરકારી અને ગ્રાન્ટેડ કૉલેજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવું અઘરું છે. આ માટે વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓની સર્વસંમતિ લાવવી અઘરી છે.

**(3) કેન્દ્ર અને રાજ્યોના સહકારનો પ્રશ્ન :**

નવી શિક્ષણ નીતિમાં કેન્દ્ર અને રાજ્યના પારસ્પરિક સહકારની ઘણી જ આવશ્યકતા છે. ભારતના સરકારી માળખામાં અને જે તે રાજ્યમાં જોવા મળતી પક્ષીય સરકાર જો એક રસ્તા પર ચાલે તો પ્રશ્ન ઉભો નહીં થાય. પણ જો વિરોધાભાસ જ રહેશે તો સમસ્યા ઉભી થવાની શક્યતાને નકારી ન શકાય.

**(4) ભાષાનું માળખું :**

નવી શિક્ષણનીતિ પ્રાદેશિક ભાષાના ઉપયોગને આવકારે છે. વર્તમાન સમયમાં અંગ્રેજી માધ્યમનું પ્રભુત્વ વધતું જાય છે. ઑનલાઈન કોર્ષ વૈશ્વિક નિષ્ણાતો અને ઈન્ટરનેટ પરથી મળતી માહિતીમાં અંગ્રેજી ભાષાનો બહોળો ઉપયોગ થાય છે. ખાસ કરીને શહેરોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમવાળી શાળા અને કૉલેજો વધુ પસંદ કરે છે. અંગ્રેજી માધ્યમ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ અસરકારક બને છે. આવા સંજોગોમાં શીખવવાના માધ્યમની સમસ્યા ઉભી થઈ શકે.

**(5) શિક્ષક-અધ્યાપક તાલીમ અને સમર્થન :**

નવી શૈક્ષણિક પદ્ધતિઓ સાથે અનુકૂલન કરવા માટે શિક્ષકોને પૂરતા પ્રમાણમાં પ્રશિક્ષિત અને સમર્થિત કરવાની જરૂર છે. શિક્ષકો વર્ગખંડમાં ટૅકનૉલૉજીને અસરકારક રીતે સંકલિત કરવા, ઑનલાઈન શિક્ષણની સુવિધા આપવા અને વ્યક્તિગત શિક્ષણ વાતાવરણમાં માર્ગદર્શન પૂરું પાડવા માટે કુશળતા અને જ્ઞાનથી સજ્જ હોવા જોઈએ. એવું જરૂર છે કે આ નીતિ શિક્ષકો અને અધ્યાપકોની તાલીમને આવકારે છે. જે શિક્ષક અને અધ્યાપક જૂની ઘરેડમાં પોતાનું માનસ સેટ કરીને બેઠા છે તેઓને માટે નવું માળખું - તાલીમ - અભ્યાસક્રમ સ્વીકારવાની તત્પરતા કેટલી ? એ પ્રશ્ન રહેશે. જેઓને કાયમી નોકરી છે, ઊંચા પગારધોરણ છે એમને નિવૃત્તિ સ્વીકાર્ય બનશે પરંતુ નવી નીતિનો સહજ અમલ કરવો પડકારરૂપ બની રહેશે.

**(6) ખાનગીકરણ :**

શિક્ષણમાં ખાનગીકરણનો વ્યાપ અને વિસ્તાર વધતો જાય છે. સરકારી શાળા અને ગ્રાન્ટ-ઈન-એઈડ કૉલેજોમાં ક્વોલીફાઈડ સ્ટાફ છે પરંતુ એ અપૂરતી સંખ્યામાં હોય છે. જેથી વિદ્યાર્થીઓ ખાનગી શાળા અને કૉલેજમાં જતા રહેશે એવો ભય સતાવે છે. શિક્ષણમાં વ્યાપારીકરણ વધતું ગયું છે. ધોરણ-12ના વિજ્ઞાન પ્રવાહમાં ખાનગી ટ્યુશન ક્લાસનું મહત્વ વધ્યું છે. કેટલીક ડમી સ્કૂલોની સાંઠગાંઠ એની સાથે થતી હોવાનું માલુમ પડ્યું છે. આવા સંજોગોમાં શિક્ષણમાં અસમાનતા વધવાની શક્યતાને નકારી શકાય નહિ.

**(7) મૂલ્યાંકન :**

વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં મૂલ્યાંકન માટે લેખિત પરીક્ષાઓ અને મૌખિક પરીક્ષાઓ લેવાય છે. હવે વિદ્યાર્થીઓની જરૂરિયાત, ઈચ્છા અને કૌશલ્ય આધારિત શિક્ષણ પ્રણામીમાં મૂલ્યાંકનની નવી રીત માટે નવી જરૂરિયાતો ઉભી થશે. નવી મૂલ્યાંકન પદ્ધતિઓમાં પરીક્ષાઓમાં ગ્રેડ મુકાશે.

વિદ્યાર્થીઓની ક્ષમતા માપદંડ માટે નવા અભ્યાસક્રમો, શીખવાની પદ્ધતિ તથા પરીક્ષા પ્રણાલીમાં નોંધપાત્ર પરિવર્તન આવશે. કારણ કે હવે વિદ્યાર્થીની એન્ટ્રી અને એક્ઝીટના ધોરણો બદલાશે. એકેડેમિક બૅંક ક્રેડિટ (Academic Bank Credit - ABC) માટેની જોગવાઈ માટે પણ સજ્જતા કેળવવી પડશે. વિદ્યાર્થીઓ માટે સમગ્ર અભ્યાસક્રમમાં આંતરાશાખીય અભિગમ, વિવેચનાત્મક વિચાસરણી, સર્જનાત્મકતા અને સમસ્યા નિરાકરણ કરવાની કુશળતા પર ભાર મુકાશે પણ મૂલ્યાંકનમાં આ પ્રકારનાં મુદ્દાઓને કઈ રીતે સામેલ કરવા એ એક સમસ્યા ઉભી થશે.

**(8) મોંઘુ શિક્ષણ :**

નવી શિક્ષણ નીતિમાં વધુ શિક્ષણ માટે વૈશ્વિક

પ્રવેશ સરળ બને એવી જોગવાઈ છે. વિદેશી યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવાનો માર્ગ ચોક્કસ સરળ બનશે પણ આ માટેની પ્રવેશ પરીક્ષાઓ, ફી વગેરે માટે ઘણો ખર્ચ કરવો પડે છે. ભારતમાં પણ ધીમે ધીમે સ્વાયત અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ વધતી જાય છે. જેમાં ફી નું ધોરણ ઘણું ઊંચું હોય છે. આવા સંજોગોમાં નબળા આર્થિક વર્ગને માટે ઉચ્ચ શિક્ષણ મોંઘુ બનતું જશે.

**(9) શિક્ષણનું સંસ્કૃતિકરણ :**

ભારતમાં જુદા જુદા રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ માટે ભાષાનું માધ્યમ અલગ છે. સરકાર ત્રિભાષા સાથે શિક્ષણનું સંસ્કૃતિકરણ કરવાનો પ્રયાસ કરી રહી છે. ઉત્તરના અને દક્ષિણના રાજ્યોમાં આ અંગેની એકસૂત્રતા સાધવામાં થોડી મુશ્કેલીઓ ઉભી થવાની શક્યતાને નકારી શકાય નહિ.

**(10) વ્યવસાયિક શિક્ષણ અને કૌશલ્ય સંબંધિત પ્રશ્નો :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રાથમિક શાળાથી વ્યવસાયિક અભ્યાસક્રમો શરૂ કરવા માંગે છે. આ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેટઅપ અને એ પ્રકારની તાલીમવાળા શિક્ષકોની નવી માંગ ઉભી થશે. આ માટે વધારાનો ખર્ચ અને આર્થિક રોકાણની જરૂર ઉભી થાય. વળી, આ બાળકોનું ઘર અને શાળા વચ્ચેનું અંતર, એમની તાલીમનો ઉપયોગ આ બધા વચ્ચે સુઆયોજન ન થાય તો ? જેવા પ્રશ્નો પણ સંભવી શકે.

**(11) એક્સેસ અને ઈક્વિટી :**

ઉચ્ચ શિક્ષણમાં આવતા વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક પશ્ચાદભૂમિકા અલગ અલગ હોય છે. નવી શિક્ષણ નીતિમાં ટૅકનૉલૉજીનું પ્રમાણ વધશે. નવા શૈક્ષણિક સંસાધનો અને સાધનોની એક્સેસ બધા વિદ્યાર્થીઓ માટે અસમાન રહેશે. બધા વિદ્યાર્થીઓ પાસે કમ્પ્યૂટર, ઈન્ટરનેટ કનેક્ટિવિટી અથવા ગુણવત્તાયુક્ત ઑનલાઈન અભ્યાસક્રમોની સમાન એક્સેસ હોતી નથી. ડિજિટલ વિભાજનને દૂર કરવું અને શૈક્ષણિક તકોની સમાન પહોંચની ખાતરી કરવી એ એક નોંધપાત્ર પડકાર છે.

**(12) ગુણવત્તા નિયંત્રણ :**

ઑનલાઈન સામગ્રી અને અભ્યાસક્રમોના પ્રસાર સાથે, ગુણવત્તા નિયંત્રણની ખાતરી કરવી નિર્ણાયક બની જાય છે. ઑનલાઈન શૈક્ષણિક સંસાધનોની વિશ્વસનીયતા અને અસરકારકતા નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે. ઑનલાઈન અભ્યાસક્રમો અને શૈક્ષણિક પ્લેટફૉર્મની ગુણવત્તાનું મૂલ્યાંકન અને પ્રમાણિત કરવા માટે મજબૂત મિકેનિઝમ્સ વિકસાવવા પડકારરૂપ છે.

**(13) ડિજિટલ સુખાકારી અને નૈતિકતા :**

જેમ જેમ શિક્ષણમાં ટૅકનૉલૉજી વધુ સંકલિત થાય છે તેમ, ડિજિટલ સુખાકારી, ઑનલાઈન સલામતી અને ડેટાના નૈતિક ઉપયોગને લગતી સમસ્યાઓ ઉભી થાય છે. વિદ્યાર્થીઓને જવાબદાર ડિજિટલ નાગરિકતા, ગોપનીયતા અને ઑનલાઈન પ્લેટફૉર્મ સાથે સંકળાયેલા સંભવિત જોખમો વિશે શિક્ષિત કરવા મહત્વપૂર્ણ છે. આ માટે વિદ્યાર્થી, અધ્યાપક અને શૈક્ષણિક સંસ્થાઓ તથા સરકારે પૂરતી તકેદારી રાખવી જરૂરી છે.

**મહિલાઓ અને મહિલા કૉલેજના સંદર્ભમાં નવી શિક્ષણ નીતિ :**

ભારતમાં મહિલાઓ માટેની યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં નવી શિક્ષણનીતિને મૂલવીએ તો કેટલીક સંભાવના અને સમસ્યાઓ નીચે મુજબ છે.

કેટલીક સંભાવનાઓ :

**(1) લિંગ સમાનતા :**

નવી શિક્ષણ નીતિમાં લિંગ સમાનતાની પ્રતિબદ્ધતા જોવા મળે છે. સ્ત્રી-પુરુષ માટે સમાન શિક્ષણ અને સમાન તકને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. સંખ્યાત્મક રીતે જોઈએ તો ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓની સંખ્યા વધતી પણ જાય છે, જે નોંધનીય છે. આજે પ્રવેશ અને નોંધણીના સંદર્ભમાં જોઈએ તો મહિલા કૉલેજમાં સંખ્યા વધતી જાય છે. ઉચ્ચ શિક્ષણ દ્વારા વ્યક્તિગત અને વ્યાવસાયિક શિક્ષણ માટે એ કટિબદ્ધ બનતી જાય છે. મહિલાઓ માટેની અલગ કૉલેજો માટે આ મુદ્દો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

**(2) કારકિર્દી અને સશક્તિકરણ :**

NEP : 2020 આ પૉલિસી મહિલાઓની કારકિર્દી માટે જરૂરી જ્ઞાન, કૌશલ્ય અને તાલિમ આપી ઉજ્જવળ કારકિર્દી સજ્જ કરશે એટલું જ નહિ નવા અભ્યાસક્રમો, ઈન્ટર્નશીપ અને સેવાઓ દ્વારા સ્ત્રી રોજગારમાં વૃદ્ધિ કરશે, અને એમના નેતૃત્વની ભૂમિકા માટે તૈયાર કરશે. મજબૂત ઉદ્યોગ શૈક્ષણિક જોડાણો વધારવાથી મહિલા સ્નાતકોને કારકિર્દીની ઉજ્જવળ તક મળી રહેશે. વળી કૉલેજમાં કારકિર્દી માટેના નવા અભ્યાસક્રમો એનામા જ્ઞાનની સાથે નેતૃત્વ વિકાસને અને સર્જનાત્મક શક્તિને પ્રોત્સાહન અર્પશે. સ્ત્રીઓ Her Start Up દ્વારા મહિલા સાહસિક બનશે.

મહિલાઓ માટે સહાયક અને પ્રેરણાદાયી વાતાવરણ પ્રદાન કરી, મહિલાઓના સશક્તિકરણમાં મહિલા કૉલેજો મહત્વનું યોગદાન અર્પે છે. ઉચ્ચ શિક્ષણ દ્વારા નેતૃત્વ, કૌશલ્ય વિકાસ અને આજીવિકાની તક અર્પે છે. આ નીતિ નેતૃત્વ વિકાસ કાર્યક્રમો, માર્ગદર્શન અને વ્યવસાયિક તક પૂરી પાડી મહિલાઓની કારકિર્દીમાં પ્રોત્સાહન અર્પશે.

**(3) નેટવર્કિંગ :**

NEPની મહિલાઓ ઇન્ટરનેટ, નેટવર્કિંગ, નેટ બૅંકિંગ વગેરે દ્વારા વધુ જાગૃત બનશે. કારકિર્દી, વ્યવસાય બધાને સાંકળી વધુ સશક્તિકરણ તરફ પ્રેરાશે. અને તેનાં દ્વારા વૈશ્વિક નેટવર્કિંગ અને સહયોગ મેળવશે.

**(4) સંશોધન અને નવીનતા :**

નવી શિક્ષણ નીતિમાં મહિલા કૉલેજો પરંપરાગત અને પરિવર્તનનાં ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપી શકશે. આ નીતિ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સંશોધન અને નવીનતાને આવકારે છે. મહિલાઓ માટે સહયોગી એવી સંશોધનો, પ્રોજેક્ટો વગેરે દ્વારા વિકાસની તક મળશે. આમ, જ્ઞાન, નિર્માણ અને સામાજિક પ્રગતિમાં મહિલાઓનું અનોખું યોગદાન હશે.

**(5) રૉલ-મૉડેલ :**

મહિલા કૉલેજ સમાજની યુવા મહિલાઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરણા આપી રૉલ-મૉડેલ બનશે. લીડરશીપ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરશે. શ્રેષ્ઠ દેખાવ કરનાર સફળ મહિલાઓને સમાજમાં ઊંચું સ્થાન મળશે. સમાજમાં જે વર્ગ અને જ્ઞાતિ મહિલાઓને ઉચ્ચ શિક્ષણ અપાવવામાં અસમર્થતા દાખવે છે તેને માટે આ કૉલેજો પ્રેરણાદાયી બનશે. સમાજના વિવિધ સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણમાંથી આવતી મહિલાઓને શિક્ષણમાં ભાગીદાર બનાવી આગળ વધવાની પ્રેરણા અર્પશે.

આમ, વ્યાપક રીતે જોઈએ તો નવી શિક્ષણ નીતિ મહિલાઓની ઉચ્ચ શિક્ષણની શૈક્ષણિક જરૂરિયાતો જ નહિ પરંતુ સર્વાંગી વિકાસને પણ આવરી લેતી નીતિ છે. ઉચ્ચ શિક્ષણમાં સમાનતા અને સમાવેશનનો આ મુદ્દો વ્યવસ્થિત રીતે દર્શાવવામાં આવ્યો છે. આ બધુ હોવા છતાં કેટલીક સમસ્યાઓ જોવા મળે છે. જેમ કે...

**કેટલીક સમસ્યાઓ :**

**(1) લિંગ અસમાનતા :**

માત્ર ભારતમાં જ નહિ પરંતુ વિશ્વના ઘણા દેશોમાં આજે પણ ઉચ્ચ શિક્ષણમાં લિંગ અસમાનતા પડકારરૂપ છે. ઉચ્ચ શિક્ષણમાં આ નીતિ દ્વારા લિંગ સમાનતાને પ્રોત્સાહન મળે છે પરંતુ (1) ઉચ્ચ શિક્ષણમાં મહિલા કૉલેજના સંચાલનના અનુભવે એવું જરૂર કહી શકાય કે, હજુ પણ કેટલાક રૂઢિચુસ્ત પરિવાર સ્ત્રીઓના ઉચ્ચ શિક્ષણને ગતિશીલ બનાવવામાં અવરોધક નીવડે છે. છોકરીઓના લગ્ન થતા અધવચ્ચેથી શિક્ષણ છોડવાના અનેક કિસ્સાઓ જોવા મળે છે. (2) સમાજના સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોમાં હજુ ઝડપી પરિવર્તન આવ્યું નથી. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં પસંદગીના અભ્યાસક્રમોમાં સ્ત્રીઓ મોકળાશ પણે પ્રવેશ મેળવી શકતી નથી.

સાંપ્રત સમયમાં પણ કુટુંબનું સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણ અને જે તે સમાજ અને જ્ઞાતિના સામાજિક ધોરણો અને રિવાજોને લીધે સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે છે. આજે પણ મહિલાઓના ઉચ્ચ શિક્ષણ માટે રખાતા પૂર્વગ્રહો, કૌટુંબિક જવાબદારીઓ, એમની ક્ષમતાને મર્યાદિત કરે છે. આ સંજોગોમાં મહિલા કૉલેજો ઇચ્છે તો પણ પૂરતું પ્રોત્સાહન અર્પી શકતી નથી.

**(2) સલામતી અને સુરક્ષા :**

જે કૉલેજોમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ સાથે અભ્યાસ કરે છે એમાં અને માત્ર મહિલાઓની કૉલેજમાં સ્ત્રીઓની સલામતી અને સુરક્ષાનો મુદ્દો અલગ રીતે જોઈ શકાય. કૉલેજ કેમ્પસમાં આજે પણ જાતીય સતામણી, હુમલો અને ભેદભાવના કિસ્સા બને છે. રાજ્ય અને કેન્દ્ર સરકારે આ અંગેની નીતિ અને કાયદા તથા કમિટીઓની રચના જરૂર કરી છે પરંતુ દૂર ગ્રામ્ય કે એકાંતવાળા વિસ્તારમાંથી ચાલીને આવતી વિદ્યાર્થિનીઓ કે ખાનગી કે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં અવર જવર સમયે ઉભી થતી સલામતી અને સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં લઈ માતા-પિતા દીકરીને ઉચ્ચ શિક્ષણ માટે મોકલતા અચકાય છે.

**(3) સ્ટીરિયોટાઈપ ઈમેજ :**

નવી શિક્ષણ નીતિ સ્ત્રી સમાનતા અને સ્વતંત્રતા દ્વારા સશક્તિકરણ માટે સૌને પ્રેરે છે. પરંતુ આજે પણ કેટલીક મહિલાઓમાં આત્મવિશ્વાસનો અભાવ, આત્મસન્માનની ઉણપ, મહત્વકાંક્ષાનો અભાવ જોવા મળે છે. આ માટે એમના સામાજીકીકરણમાં ઉભી કરવામાં આવેલી સ્ટીરિયોટાઈપ ઈમેજ અને પૂર્વગ્રહ જવાબદાર છે. મહિલા કૉલેજ દ્વારા આ અંગે મહિલાઓને વિશેષ માર્ગદર્શન અને સલાહ થકી વ્યક્તિગત આગવી ઓળખને પ્રાધાન્ય આપવાની જરૂર જણાય છે.

**(4) ડિજિટલાઈઝેશનની મર્યાદા :**

નવી શિક્ષણ નીતિ નાનપણથી ડિજિટલ સાક્ષરતા અને કોડિંગના ઉપયોગ પર ભાર મૂકે છે. ઉચ્ચ શિક્ષણમાં મહિલા કૉલેજમાં આ પ્રકારની લૅબ, કોચિંગ એ બધુ ઓછું શક્ય છે. વળી મહિલા કૉલેજો ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વ્યાપેલી છે. ગ્રામીણ સમુદાયમાં બધી મહિલાઓ પાસે આ સાધનો અને વ્યવસ્થા ન હોવાથી એના લાભથી વંચિત રહી જાય છે. શહેરમાં પણ આ માટે પછાત સમૂહોની મહિલાઓ પાસે કમ્પ્યૂટરના સેટઅપ, લૅપટોપ, ઈન્ટરનેટ વગેરે ન હોવાથી હાલાકી ભોગવી શકે છે.

મિનિસ્ટ્રી ઑફ સ્ટેટેસ્ટીક અને પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશનની 2019ની માહિતી મુજબ નગરમાં 26.9 ટકા અને ગ્રામીણ સમુદાયમાં 7 ટકા મહિલાઓ જ કમ્પ્યૂટર ઉપયોગ કરે છે. જોકે કોરોના પછી એનો વપરાશ જરૂર વધ્યો છે.

**(5) અપવ્યય :**

નવી શિક્ષણ નીતિ મુજબ સ્નાતક પૂર્ણ કરવા ઈચ્છુક વિદ્યાર્થીને ચાર વર્ષ સુધી અભ્યાસ કરવો પડશે. બીજી બાજું બે વર્ષમાં ડિપ્લોમા ડિગ્રીની સુવિધા છે. મહિલા કૉલેજમાં વર્તમાન સમયમાં જે દીકરીઓ સતત ત્રણ વર્ષ અભ્યાસ કરે છે તેને બદલે હવે સામાજિક કારણોસર વારંવાર અધવચ્ચે અભ્યાસક્રમ છોડી દે એવું પણ સંભવી શકે.

**(6) MOUના અમલીકરણની મર્યાદા :**

નવી શિક્ષણ નીતિમાં ઉચ્ચ શિક્ષણમાં સમાનતા સમાવેશનને પ્રોત્સાહન આપી, વ્યવસાયિક શિક્ષણનાં પુનઃગઠન પર ભાર મૂકાયો છે. આ માટે વિવિધ શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ બહુશાખાકીય શિક્ષણ પ્રદાન માટે પારસ્પરિક MOU કરશે, જેનો લાભ જરૂર થશે. ભારતીય જ્ઞાન પરંપરા અને સંસ્કૃતિના આદાન-પ્રદાન તથા સંવર્ધન માટે એ અતિ આવશ્યક પણ છે. પરંતુ મહિલા કૉલેજ કેટલેક અંશે તેનો મર્યાદિત રીતે જ ઉપયોગ કરી શકશે. કારણ કે, કૉલેજમાં કો-એજ્યુકેશન ન હોવાથી અન્ય કૉલેજના પુરુષ-વિદ્યાર્થીઓનો પ્રવેશ પ્રતિબંધિત રહે. આથી આવા શૈક્ષણિક કરાર કરતા પહેલા વિચાર કરવો પડશે. બીજી તરફ મહિલા કૉલેજમાં અભ્યાસ કરતી બહેનોને અન્ય કો-એજ્યુકેશન કૉલેજમાં મોકલવામાં સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક કારણો કદાચ અવરોધરૂપ બની શકે.

તદ્ઉપરાંત જે મહિલા કૉલેજો ગ્રાન્ટેડ છે, જ્યાં ફંડ અને રીસોર્સ ઓછા છે ત્યાં કારકિર્દી માટે નવા કોર્ષનું આયોજન અને અમલીકરણ કેટલેક અંશે મુશ્કેલ પણ છે.

આમ, નવી શિક્ષણ નીતિનાં અમલીકરણમાં મહિલા કૉલેજ સંબંધિત પ્રશ્નો અને પડકારો આવવાની શક્યતાઓને નકારી શકાય નહિ.

**સમાપન :**

જ્ઞાન ફલક પર વિશ્વ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. એક બાજુ, નવી શિક્ષણ નીતિ વિકાસ અને પ્રગતિની વણથંભી ગતિશીલતાને પ્રોત્સાહન આપે છે. નવી શિક્ષણ નીતિ 2020 ખરેખર દરેક અર્થમાં પાથ-બ્રેકીંગ દસ્તાવેજ છે. તો બીજી બાજુ, કેટલીક સમસ્યાઓ પણ ઉભી થવાની શક્યતાને નકારી શકાય નહિ.

નવી શિક્ષણ નીતિના નવા ધ્યેયો અને અભિગમોમાં ગુણવત્તાસભર વૈશ્વિકકક્ષાના શિક્ષણની સાથે પ્રાયોગિક શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. પ્રોજેક્ટ આધારિત શિક્ષણ અને આંતરવિદ્યાકીય અને બહુશાખાકીય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચાસરણી ખીલે એને પ્રાધાન્ય અપાયું છે.

સર્વગ્રાહી શિક્ષણ, કૌશલ્ય, કારકિર્દી, વૈશ્વિક નાગરિક જેવી બાબતો મહત્વની જરૂર છે જેમાં પરિવર્તન અને પ્રગતિ બંનેની સંભાવના છે. સ્ત્રીઓના વિકાસ અને સશક્તિકરણ માટે ખાસ સુવિધાઓ પણ છે.

નવી શિક્ષણ નીતિ દ્વારા સમાજને નવી દિશામાં લઈ જવા માટે કેટલાક પ્રશ્નો અને પડકારો છે. પરંપરાગત પદ્ધતિને બદલે આધુનિક શિક્ષણપ્રણાલીમાં શિક્ષક, વિદ્યાર્થી અને વાલીની બદલાતી ભૂમિકામાં અનેક સમસ્યાઓનો સામનો કરવાનો રહેશે. આ નીતિના અમલીકરણમાં સંસ્કૃતિ અને સામાજિક વલણોમાં પ્રણાલીગત પરિવર્તન આવશ્યક છે.

નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ અને સમાજમાં ક્રાંતિ લાવવામાં અને અમલીકરણ માટે મહિલા કૉલેજની ભૂમિકા અને પ્રદાન પણ અગ્રગણ્ય રહે છે. શિક્ષક, વિદ્યાર્થી, વાલી, સ્ટૅકે હોલ્ડર, સંલગ્ન અધિકારીઓ અને સરકાર તથા શિક્ષણ સંસ્થઆઓના સામૂહિક અને હકારાત્મક વલણથી એનું અમલીકરણ ચોક્કસ દિશામાં થાય એ જરૂરી છે. સહુના સહિયારા પ્રયત્નોથી ભારતના ભાવિને ઉજ્જવળ બનાવી સાંસ્કૃતિક વારસાને જરૂર સંવર્ધિત કરી શકાશે.

ભારતની નવી માંગને પૂરી કરવા નવી શિક્ષણ નીતિ 2020 : સાથે સંકળાયેલ તમામ સ્તરના નાગરિકો પોતાનું હકારાત્મક યોગદાન આપશે તો નવીન ભારતના નિર્માણની દિશા ઊર્ધ્વગામી બની રહેશે.

**સંદર્ભ :**


- Niranjan Shahoo (2021): Five Challenges that World Shape the outcome of NEP 2020. Observer Research Foundation - nov. 26,2021)
- Roshani Singh (2021): New Education Policy Advantages & Disadvantages. Readers Blog - By Time of India (May - 25, 2021)
- Rachana Soni (2022): Challenges and issues in National Education Policy - 2020 - International Research Journal of modernization in Engineering Technology and Science. Vol. 4, Issues 3, March - 2022, www.irjmets.com
- A K Sen Gupta (2022): National Education Policy (NEP-2020) Big Challenges of implementation. Free Press Journal: Sep. 12, 2022
- Ch. Ibohal Meitei - (2023): New Education Policy - 2020: Prospects and way forward E-PAO - Now the World Know Sunday - May - 7 - 2023
- https://www.education.gov.in


- જો તમે જ્ઞાની છો અને તેનો ઉપયોગ નથી કરતા તો તમારા જ્ઞાનનો કોઈ લાભ નથી.
- જે દિવસો પરિવાર સાથે વીત્યાં તે જીવન છે અને જે દિવસો પરિવાર વિના વીત્યાં તે ઉંમર છે.

## ઉચ્ચ શિક્ષણમાં એકેડમિક ક્રેડિટ સિસ્ટમ

– ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ*

સરકાર (યુ.જી.સી.) દ્વારા અભ્યાસક્રમોમાં ક્રેડિટ સિસ્ટમ દાખલ કરવાનું પ્રારૂપ રજુ થયા બાદ દરેક યુનિવર્સિટી દ્વારા -- અંગે નિર્ણય એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવામાં આવ્યો છે. બી.એ., બી.કોમ., એમ.એ. અને એમ.કૉમ., બી.એસ.સી., એમ.એસ.સી. સાયન્સમાં અને અન્ય તમામ શાખઆઓના અભ્યાસક્રમો માટે ક્રેડિટ નક્કી કરવા માટેની જવાબદારી આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાનાં ડીનને સોંપવામાં આવી છે. ગુજરાતની યુનિવર્સિટીઓએ પોતાની એકેડેમિક કાઉન્સિલની બેઠકોમાં કેટલાક મહત્વના નિર્ણય લીધા છે, જેમાં યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ કોર્સમાં ક્રેડિટ સિસ્ટમ અમલી કરવા પર ચર્ચા વિચારણા કર્યા બાદ તમામ કોર્સમાં ક્રેડિટ સિસ્ટમ દાખલ કરવાનો નિર્ણય વર્ષ 2023-24થી લેવામાં આવ્યો છે. આ ક્રેડિટ સિસ્ટમ દાખલ કરવાની જવાબદારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ જેવી તમામ વિદ્યાશાખાના ડીનને સોંપવામાં આવી છે. ડીન બૉર્ડ ઑફ સ્ટડીઝ અને તમામ સભ્યો તથા વિષયાધ્યક્ષ દ્વારા વિષય પ્રમાણે યુજીસીની આચારસંહિતા પ્રમાણે ક્રેડિટ નક્કી કરવામાં આવનાર છે.

National Education Policy 2023 નવી શિક્ષણ નીતિ માનવ સંસાધન પ્રબંધન મંત્રાલય દ્વારા કરવામાં આવી. આ શિક્ષણ નીતિમાં રોચક નવીનતા છે અને આ નાવીન્ય અંગેનો નિર્ણય ISROના વડા ડૉ. કસ્તુરીરંગનની અધ્યક્ષતામાં કરવામાં આવ્યો છે. અહીં આ લેખ દ્વારા જણાવીશું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શું છે ? તેનાથી સંબંધિત તમામ માહિતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ National Education Policyની વિશેષતાઓ શું છે, તેની યોગ્યતા શું છે.

શિક્ષણજગતમાં અને વ્યાપવિશ્વમાં પ્રશ્ન થાય કે 'શિક્ષણમાં શૈક્ષણિક ક્રેડિટ સિસ્ટમ શું છે ? તે રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને, અધ્યાપકોને, સંસ્થાઓને કેવી રીતે લાભ કરે છે ?' એ સ્વાભાવિક છે, આના માટે પ્રારંભિક પ્રવેશ પ્રક્રિયાથી માંડીને સત્તાવાર રીતે વિદ્યાર્થી બનવું, શીખવાની પ્રવૃત્તિઓ, શિક્ષણની શૈલીઓ અને મૂલ્યાંકન પદ્ધતિઓની નવી દુનિયામાં પ્રવેશ કરવાથી લઈને પરિણામ તથા રોજગાર ધંધો મળે ત્યાં સુધીની યાત્રામાં 'શૈક્ષણિક ક્રેડિટ સિસ્ટમ' આપણા સૌ માટે એક મહત્વપૂર્ણ ભાગ છે.

આપણા અભ્યાસ દરમિયાન આપણી પ્રગતિનું મૂલ્યાંકન કેવી રીતે થાય છે અથવા આપણે વિદેશની યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે ક્રેડિટ પોઈન્ટ કેવી રીતે ટ્રાન્સફર કરી શકીએ અને તે એકસરખું સાબિત થાય, આ બધું સમજવા માટે આપણે 'યુનિવર્સિટી ક્રેડિટ્સ' સમજવાની જરૂર છે.

**નવી શિક્ષણ નીતિમાં ક્રેડિટ સિસ્ટમ સ્વરૂપ :**

શિક્ષણમાં ક્રેડિટ સિસ્ટમ એ એક એવું માનક છે જેનો ઉપયોગ યુનિવર્સિટીઓ દ્વારા તેમના પ્રમાણપત્રો-ડિપ્લોમા કોર્સ, સ્નાતક, અનુસ્નાતક અથવા પીએચ.ડી. જેવા પ્રોગ્રામ દરમિયાન વિદ્યાર્થીઓના કાર્ય અને પ્રયત્નોને માપવા અને મૂલ્યાંકન કરવાના ફળસ્વરૂપે સર્વાંગી પરિણામ કે જે સર્વસામાન્ય ગણવામાં આવે છે અને જેને આગળની કારકિર્દીમાં સંપૂર્ણ ગણવામાં આવે છે.

મોટાભાગના સમયે, દરેક દેશનાં શિક્ષણમાં અલગ ક્રેડિટ સિસ્ટમનો ઉપયોગ થતો આવ્યો છે અને આ ક્રેડિટ્સ કેવી રીતે કાર્ય કરે છે અને આપણે એક શૈક્ષણિક સિસ્ટમમાંથી બીજી શૈક્ષણિક સિસ્ટમમાં ક્રેડિટ પોઈન્ટ કેવી રીતે ટ્રાન્સફર કરી શકીએ, એની અવધિ કેટલી રહે વગેરે સમજવું મહત્વપૂર્ણ છે.

સૌ પ્રથમ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે જરૂરી ક્રેડિટ આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે જરૂરી અભ્યાસક્રમો પસંદગી મુજબ લેવા પડે છે. ત્યારબાદ

* આચાર્યશ્રી, સરકારી કૉલેજ લીલીયા, અમરેલી.

ડિગ્રી અભ્યાસ દરમિયાન જે વિષય/પેપર પસંદ કરાયા હોય તે દરેક કોર્સ માટે નિયમાનુસાર સંખ્યાબંધ ક્રેડિટ્સ મળતી રહે છે. એકવાર વિદ્યાર્થી તે કોર્સ પૂર્ણ કરી લે છે તે પછી તેમને જે જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કર્યા હોય છે એનું સમગ્રપણે મૂલ્યાંકન કરી તેના આધારે કૉલેજના/ સંસ્થાના પ્રોફેસર દ્વારા સદર વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવે છે અને એ આકારણીનું સામાન્ય સ્વરૂપનું ચોક્કસ ઘડતર કરાયું છે. વિદ્યાર્થીની વાસ્તવિક હાજરી, અભ્યાસક્રમ દરમિયાન લેવામાં આવેલ પરીક્ષણો, પ્રોજેક્ટ/સંશોધન કાર્ય, મૌખિક/લેખિત પરીક્ષા, મુખ્યત્વે દરેક કોર્સ ચોક્કસ સંખ્યામાં ક્રેડિટ પોઈન્ટનું મૂલ્ય ધરાવે છે જેની ચર્ચા ગાણિતિક સ્વરૂપે આગળ કરીશું.

વિદ્યાર્થીના વર્કલોડ, શીખવાના પરિણામ અને સંપર્કના કલાકો સહિતના વિવિધ માપદંડો દ્વારા નિર્ધારિત થાય છે. સામાન્ય રીતે, અભ્યાસક્રમમાં મૂકવા માટે વિદ્યાર્થીલક્ષી બાબતોમાં જેટલી વધુ મહેનતની જરૂર પડે છે, તે પ્રમાણે આયોજીત ક્રેડિટ સૂચવેલ વર્કલોડ વિદ્યાર્થીને છેક સુધી કામ લાગે છે.

NEP- ન્યુ એજ્યુકેશન પૉલિસીમાં કૉલેજ શિક્ષણને નવા ક્લેવરથી સમજાવી અભ્યાસક્રમને ક્રેડિટ બૅંકમાં વ્યવસ્થિત પણે ગોઠવી ચાર વર્ષના સમય ગાળામાં ગોઠવવા આપણે સૂચિત કરવાનું છે. ક્રેડિટ સિસ્ટમ મુજબ અભ્યાસક્રમને ગોઠવવા માટે વિવિધ યુનિવર્સિટીઓ મુજબ કમિટીઓની નિમણૂંક કરી છે તેના વિવિધ તજજ્ઞ હોદ્દેદારો આ કામ કરી રહ્યા છે તેઓને ખૂબ ધન્યવાદ દેવા ઘટે...

CBCSની જે પદ્ધતિઓ હતી તેમાં કેટલીક મૂળભૂત સુધારાઓની પદ્ધતિઓને લઈ અને NEPનું અમલીકરણ આપણે શક્ય બનાવવાનું છે. NEPમાં અભ્યાસક્રમને કેટલા યુનિટમાં પરિવર્તિત કરવું અને તે દરેક યુનિટને કેટલી ક્રેડિટ આપવી તે યુનિવર્સિટીઓ કૉલેજો અને વિષય અધ્યક્ષો તથા જે તે વિષયની અભ્યાસ સમિતિ અને અભ્યાસ સમિતિના વડા તથા તેના સભ્યો અને ડીનશ્રીઓ, બૉર્ડ ઑફ સ્ટડીઝના ચૅરમેન અને સભ્યો તથા દરેક વિષયના અધ્યક્ષો વગેરે જાણકારોના પરામર્શમાં રહીને યુનિવર્સિટીના એકેડમિક વિભાગ દ્વારા નક્કી કરાઈ રહ્યું છે. આ આખી પ્રક્રિયા સમય મર્યાદામાં થઈ રહી છે તે ધન્યવાદને પાત્ર છે.

NEPમાં અભ્યાસક્રમ અને સંલગ્ન બાબતોનો જે મૂળભૂત પાયો છે તેમાં ભારતના સમગ્ર મહાવિદ્યાલયો, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, કૉલેજો વગેરે શિક્ષણ સત્ર મુજબ કુલ 8 સેમેસ્ટરમાં વિભાજિત કરેલ છે જેમાં પ્રથમ વર્ષ એટલે કે પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરની ક્રેડિટ 40 નક્કી કરવામાં આવી છે. કેટલીક યુનિવર્સિટીઓએ 60 ક્રેડિટ પણ આપવાનું સૂચન કરેલ છે. જો કે NEPમાં ક્રેડિટ કેટલી આપવી એ અંગે યુનિવર્સિટીઓને સ્વાયત્તા પણ આપી છે છતાં એક સરખું આયોજન સ્વીકાર્ય છે.

NEPમાં અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષના અભ્યાસ બાદ ઇન્ટરશીપ પૂર્ણ કર્યા બાદ (જ્યાં જરૂરી હોય છે ત્યાં) વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે, તેનાથી તેઓ પોતાનો વ્યવસાય શોધી શકે આ એક ખૂબ અગત્યની બાબત છે.

દ્વિતીય વર્ષમાં એટલે કે તૃતીય અને ચતુર્થ સેમેસ્ટરમાં પણ વિદ્યાર્થીઓને 40 ક્રેડિટ મેળવવાની રહેશે. આ કોર્સ પણ અગાઉના બે સેમેસ્ટરની જેમ જ એપ્લાઇડ બેઇઝ રહેશે એ ઇન્ટરશીપ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને ડિપ્લોમા સર્ટિફિકેટ આપવાનું રહેશે. આ એક ખૂબ મજાની વાત છે.

તૃતીય વર્ષમાં એટલે કે પાંચમું અને છઠ્ઠું સેમેસ્ટર પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી 40 ક્રેડિટ મેળવ્યા બાદ ડિગ્રી મેળવ્યા અંગેનું સર્ટિફિકેટ મેળવવાને પાત્ર થાય છે એટલે કે ગ્રેજ્યુએશનની ડિગ્રી મેળવવા પાત્ર થશે. આ NEPની એક અગત્યની વાત છે.

NEPમાં અભ્યાસક્રમ વગેરેની અન્ય એક ખાસ વાત અને નવીનતા એ છે કે વિદ્યાર્થીઓ ડિગ્રી સર્ટિફિકેટ મેળવ્યા બાદ વધુ બે સેમેસ્ટર એટલે કે 40 ક્રેડિટનો અભ્યાસક્રમ પૂર્ણ કરશે તો તે ઓનર્સ થઈ શકશે. જેમાં યુનિવર્સિટી દ્વારા થિયરીની સાથે સાથે પ્રેક્ટીકલના એટલે કે રિસર્ચના પેપર મૂકવા માટે પણ વિચારી રહી છે જે

ખૂબ જરૂરી છે. ઓનર્સમાં કેટલા ક્રેડિટ મૂકવા ? તે અંગે દરેક યુનિવર્સિટી પોતાની રીતે સ્વાયત રહી છે અને નક્કી પણ કરશે. જોકે સમગ્ર 8 સેમેસ્ટરની ક્રેડિટ 190થી વધુ રાખી શકાશે નહિ એ પણ જોવું રહ્યું. એટલે આ એક ગણતરી હાલ ખૂબ વિચારનીય છે.

NEPમાં ચાર વર્ષનો કૉલેજનો ડિગ્રી કોર્સ રહેશે. જેનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને ન માત્ર ટીચિંગ મેથડ પરંતુ સાથે સાથે રિસર્ચ મેથડ પરત્વે જાગૃત કરવાનો રહેશે. ક્રેડિટ માળખાની સાથે સાથે ટીચિંગ મેથડ પણ અહીં બદલાતી જોવા મળશે. NEP પૂર્ણતઃ ખુલ્લાપણું દર્શાવતી શિક્ષણનીતિ બની રહેશે. દાખલા તરીકે કોઈ વિદ્યાર્થી ઇતિહાસ વિષય સાથે સ્નાતક થવા માંગે છે પરંતુ તૃતીય વર્ષમાં એને બૅન્કિંગ કે નૃત્ય-સંગીતના વિષયોનું પણ જ્ઞાન લેવું છે અને ડિગ્રી લેવી છે તો તે લઈ શકશે, શરત માત્ર એ રહેશે કે જે તે સંસ્થામાં એનું રજીસ્ટ્રેશન થયું હોય. તેનું બૅન્કિંગ કે નૃત્ય-સંગીત વિષય ધરાવતી સંસ્થા સાથે એમઓયુ (MOU) થયેલું હોવું જોઈએ એટલે એની માતૃસંસ્થા અને અન્ય સંસ્થા જ્યાંથી વિદ્યાર્થીને અન્ય વિષયનું જ્ઞાન લેવું છે, તે બંને વચ્ચેનો એક કરાર-જોડાણ પણ અગત્યનું છે.

આ ઉપરાંત વિદ્યાર્થી ઑનલાઈન કોર્સ સાથે જોડાઈને પણ ક્રેડિટ મેળવી શકશે. આ ઉપરાંત, ડિસ્ટન્સ લર્નિંગ કોર્સ સાથે જોડાઈને પણ વિદ્યાર્થી જરૂરી ક્રેડિટ મેળવી શકશે. આ પણ એક ખૂબ રોચક વાત છે.

સ્કીલ બેઈઝ શિક્ષણની વાત NEP રજૂ કરે છે. જે જૂની શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થી અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતો હતો, તો એ કોઈ પ્રકારના પ્રમાણપત્ર મેળવી શકતો ન હતો પરંતુ હવે આ બાબત ભૂતકાળ થઈ જશે, જ્યારે NEPમાં એ સૂચિત કરવામાં આવ્યું છે કે વિદ્યાર્થી પ્રથમ વર્ષ પૂર્ણ કર્યા બાદ અભ્યાસ અધવચ્ચેથી છોડી દે તો સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવી શકશે અને દ્વિતીય વર્ષ પૂર્ણ કર્યા બાદ અભ્યાસ અધવચ્ચેથી છોડી દે તો ડિપ્લોમા કોર્સ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવી શકશે. એ જ રીતે તૃતીય વર્ષ પૂર્ણ કર્યા બાદ ડિગ્રી કોર્સનું સર્ટિફિકેટ મેળવી શકશે. ત્યારબાદ જે વિદ્યાર્થીને ઓનર્સ કરવું હોય તો તે ત્રણ વર્ષ બાદ સ્નાતકની ડિગ્રી ધારણ કરી આગળ બે સેમેસ્ટર ઓનર્સ માટે કરી શકશે. આમ, NEPની વિવિધ જોગવાઈઓ જોતા આ પદ્ધતિ ખુલ્લાપણું એટલે કે Openness ધરાવતી શિક્ષણપદ્ધતિ છે, દરેક વર્ષના અભ્યાસક્રમોને એ રીતે મૂકવા માટે તૈયાર થઈ રહ્યા છે કે જે વિદ્યાર્થીઓને વ્યવહારુ જીવનમાં ઉપયોગી થાય અને આજનો યુવાવર્ગ એટલો અભ્યાસુ બને કે વિકસિત રાષ્ટ્ર ભારત દેશ માટે આપણું વિદ્યાર્થી યુવા ધન જ્ઞાનમય યુવા ધન છે એ દુનિયાને બતાવી શકીએ, યુવાનો આપણા સમાજ-દેશને ઉન્નતિ માટે ઉપયોગી થઈ શકે. (કોષ્ટક પાછળના પૃ. ૩૩ ઉપર છે.

**સંદર્ભ :**


1. NATIONAL CREDIT FRAMEWORK The report of the High-level interministerial Committee on National Credit Accumulation and Transfer Framework, University Grants Commission, Sep-22
2. National Higher Education Qualifications Framework(NHEQF)
   Printed and Published by: Secretary U. G. C. e-Governance Cell University Grants Commission Bahadur Shah Zafar Magar New Delhi - 110002, May, 2023
3. NEP 2020, National Education Policy in Gujarati, U. G. C.
4. Policy directions that have implications for the structure of higher education institutions
5. ઓફિશિયલ વેબસાઈડ : https://www.education.gov.in/hi

| S. No | Broad Category of Course | Minimum Credit Requirement | |
|---|---|---|---|
| | | 3-year UG | 4-Year UG |
| 1 | Major (Core) **(50% of total credit)** | 60 | 80 |
| 2 | Minor Stream **(20% of total credit)** | 24 | 32 |
| 3 | Multidisciplinary **(exposure must be given in sem 1 & 2)** | 09 | 09 |
| 4 | Ability Enhancement Courses (AEC) **(courses relating to languages like Gujarati, Hindi, English can be covered in this)** | 08 | 08 |
| 5 | Skill Enhancement Courses (SEC) **(from Minor)** | 09 | 09 |
| 6 | Value Added Courses **(common for all UG )** | 06 – 08 | 06 – 08 |
| 7 | Summer Internship **(mainly from Major & Minor)** | 02 – 04 | 02 – 04 |

| Year | Major Subject | Minor Subject | Multidisciplinary | Summer Internship | (AEC) | Skill Enhancement | V.E (Environmental, Digi Tec, Health & Yoga, IKS, Constitution) | No Of Papers | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| *FY* | 6 (2*3) | 6(2*3) | 6(2*3) | | 3( 1*3) | | | 7 | 21 |
| | 6(2*3) | 6(2*3) | 3(1*3) | 4 | 3( 1*3) | | 3(1*3) | 7 | 21 |
| SY | 12(4*3) | 6(2*3) | | | | 3(1*3) | | 7 | 21 |
| | 12(4*3) | 3(1*3) | | 4 | 3(1*3) | | 3(1*3) | 7 | 21+4 |
| TY | 12(4*3) | 3(1*3) | | | | 3( 1*3) | 3(1*3) | 7 | 21 |
| | 15(5*3) | 3(1*3) | | | | 3( 1*3) | | 7 | 21+4 |
| **Tota** | **63** | **27** | **9** | **4 or 4** | **9** | **9** | **9** | | **126+( 4** |

## મોકળી ચાલનો માતબર સમાજશાસ્ત્રી વિદ્યુત જોષી

– કે. કે. ખખ્ખર*

પ્રો. વિદ્યુત જોષીના પાંચ પુસ્તકોનું તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે લોકાર્પણ થઈ ગયું. આ પછી વિદ્યાપીઠ ખાતેની તેમની ઑફિસમાં મળવાનું થયું. મિત્રભાવે એક પુસ્તકની નકલ મારા હાથમાં મૂકી કહ્યું, 'વાંચીને ટીકા-ટીપ્પણી કરશો તો મને ગમશે.' પુસ્તકનું શિર્ષક હતું 'સમાજશાસ્ત્રી વિદ્યુત જોષી.'

અત્યાર સુધી તો વિદ્યુતભાઈને એક મિત્ર અને સાથી અધ્યાપક તરીકે જોયેલા. હવે એક 'સમાજશાસ્ત્રી'ની ઓળખ મેળવવાનું બન્યું. વળી આ નવી ઓળખને ટીકાત્મક ઢબે તપાસવાની હતી. તેમને મારે આદમ સ્મિથની પરિભાષામાં 'તટસ્થ નિરિક્ષક'ની ઢબે જોવાના હતા. તેમનું પરિક્ષણ કરવાનું હતું. આવું અનાયાસ અને પ્રથમ વખત જ બન્યું.

વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીએ કરેલી તે સુવિદિત છે. તેમણે પોતાના જીવનને પ્રયોગોને આધિન બનાવ્યું હતું. તેમણે તેમના વિચાર અને કાર્યોને જાહેર પરીક્ષણનો વિષય બનાવેલા. તેઓ ટીકાઓને આવકારતા અને તેના પરના ખુલાસાઓ પણ જાહેરમાં મૂકતા. વિદ્યુતભાઈ તેમના વિચાર અને કાર્યને ટીકા-ટીપ્પણનો વિષય બનાવે તો તેને ગૂજરાત વિદ્યાપીઠની ભૂમિનો સંસ્કાર ગણવો જોઈએ. ટીકા આવકારવાનો અભિગમ જ્ઞાનના વિકાસ માટે આવકારદાયક છે.

'સમાજશાસ્ત્રી વિદ્યુતજોષી' પુસ્તક સમાજશાસ્ત્ર વિષયના બે પરિશ્રમી અધ્યાપકો : ડૉ. આનંદ આચાર્ય અને ડૉ. ભાનુમતિ કાપડિયાએ સંપાદિત કર્યું છે. પુસ્તક અમદાવાદની પ્રકાશન સંસ્થા પાર્શ્વ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. લેખો ચીવટપૂર્વક પસંદ કરાયા છે. સમાજશાસ્ત્રી સ્વરૂપે વિદ્યુતભાઈ શી રીતે, તબક્કાવાર, ઉત્ક્રાંત થયા તેનું રસપ્રદ ચિત્ર આ પુસ્તક દ્વારા મળી રહે છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં કહેવાયું છે કે વિદ્યુતભાઈ ગુજરાતમાં ત્રીજી પેઢીના સમાજશાસ્ત્રી છે. પ્રથમ બે પેઢીઓના વિખ્યાત સમાજશાસ્ત્રીઓના નામોલ્લેખ પછી 1970 થી 1995ના સમયગાળામાં ઊભરી આવેલા સમાજશાસ્ત્રી સમાજશાસ્ત્રીઓની ત્રીજી પેઢીની યાદી મૂકવામાં આવી છે. આ યાદીમાં પ્રો. વિદ્યુત જોષી ઉપરાંત એ.એમ.શાહ, એન.આર.શેઠ, વી. પી. શાહ, હરિશ દોશી, બી. વી. શાહ, વી.આર. ગાયકવાડ, બિનોદ અગ્રવાલ, હર્ષદ ત્રિવેદી, રાસબિહારીલાલ, અંબુભાઈ પટેલ, પ્રભાતસિંહ જેઠવા, પંચનંદીકર, કે. રમણ ઉન્ની, એસ. પી. પુનાલેકર અને એડવીન મસિહીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તક વાંચ્યા પછી એમ ઉમેરવાનું મન થાય છે કે સાંપ્રતમાં સર્જાતા સમાજશાસ્ત્રના વિદ્યુતભાઈ અગ્રદૂત કે છડીદાર છે.

બંને સંપાદકોએ પુસ્તકના કુલ સાત પ્રકરણોના અંતે ચાર પરિશિષ્ટો મૂક્યા છે. આ પરિશિષ્ટો અંતર્ગત ગુજરાતી અને અંગ્રેજીમાં લખાયેલા વિદ્યુતભાઈના 33 પુસ્તકો, 30 જેટલા સંશોધન અહેવાલો, અંગ્રેજીમાં પ્રકાશિત 58 અને ગુજરાતીમાં લખાયેલા 135 લેખોથી ખૂબ મહેનતપૂર્વક તૈયાર કરવામાં આવેલી વિસ્તૃત યાદી મૂકવામાં આવી છે. વિદ્યુતભાઈના 2500થી વધુ કટારલેખો છપાયા છે તે અલગ સમાજશાસ્ત્રના કોઈ ઉત્સાહી સંશોધક ઇચ્છતા વિદ્યુતભાઈના પ્રદાન આધારિત એકથી વધુ પ્રકલ્પો હાથ ધરી શકે તેટલી ગુંજાઈશ આ સંદર્ભ સાહિત્યમાં છે એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

'સમાજશાસ્ત્રી વિદ્યુતજોષી' પુસ્તકનું આવરણચિત્ર જોતા જ, વક્તવ્ય આપતા કે કોઈ ચર્ચાસત્રમાં ભાગ લેતા વિદ્યુતભાઈનું ચિત્ર ખડું થઈ જાય છે. તેઓ ચર્ચા પ્રિય છે, ચર્ચા-ખોર નથી અને ચર્ચાસ્પદ તો નથી જ નથી. તેઓ વાદવિવાદથી વધુ સંવાદના માણસ છે. તેઓ આખી બાંયનો ઝભ્ભો પહેરે છે તેમ છતાં પણ તેમને બાંયો ચઢાવેલા જોયા નથી.

* નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

સોક્રેટીસ પહેલાંના ગ્રીસના સોફીસ્ટ ફિલસૂફ પ્રોટાગોરસનું એક મંત્રવાક્ય છે, 'માણસ એ જ પ્રમાણ' (Man is measure of all things). પ્રોટાગોરસે સોક્રેટીસને પ્રભાવિત કરેલા. આથી જ સોક્રેટીસે યુવાનો સાથે કરેલી ચર્ચાના અંતે એમ તારણ કાઢેલું કે માણસે માણસના જેવું જીવન જીવવું જોઈએ. જેમ નાણાંના કાર્યો કરે તે નાણું તેમ જે માણસે કરવાના કાર્યો કરે તે માણસ અહીં રહેલા પુનરૂક્તિ દોષની પાછળ છૂપાયેલો સંદેશ માનવ્યનો કે માણસપણાનો છે. આવું જ એક સમાજશાસ્ત્રીનું પણ માનવું.

'સમાજશાસ્ત્રી વિદ્યુત જોષી' પુસ્તક વાંચ્યા પછી વિદ્યુતભાઈનું 'સમાજશાસ્ત્રીપણું' સ્પષ્ટ થાય છે. સમાજશાસ્ત્રના એક અદના અધ્યાપકમાંથી 'સમાજશાસ્ત્રી'ના પદ સુધી પહોંચતા પહેલાં તેમણે ખાસ્સી લાંબી મજલ કાપવી પડી છે અને તેમના વિષયમાં માતબર પ્રદાન કરવું જરૂરી બન્યું છે.

પુસ્તકના પ્રથમ પ્રકરણમાં વિદ્યુતભાઈના ઘડતર સંબંધી વિગતો આપવામાં આવી છે. શિક્ષકત્વ તેમનો લોહીનું સંસ્કાર છે. તેમનો જન્મ શિક્ષક-કુટુંબમાં થયેલો. વળી, દાદા તો સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. વિદ્યુતભાઈને શ્રીમદ્ ભગવદ્ગીતા કંઠસ્થ હતી. તે જાણીને આશ્ચર્ય થતું નથી. આ તકે નોબેલ-પ્રાઈઝ વિજેતા અર્થશાસ્ત્રી અમાર્ત્યસેન યાદ આવે છે. તેમનો જન્મ પણ શિક્ષક કુટુંબમાં થયેલો. તેમના નાનાજી સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને ભારતીય સંસ્કૃતિના જ્ઞાતા હતા. પિતા ઢાકાની યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક હતા. સેનનો જન્મ કવિવર ટાગોરના વિદ્યાધામ શાંતિનિકેતનમાં થયેલો. નાનાજી ક્ષિતિમોહન સેન રવિન્દ્રનાથના અંગત સચિવ હતા. સેનને અમર્ત્ય નામ પણ કવિવરે આપેલું. વળી, ક્ષિતિમોહને સૂફી કવિ કબીરના પ્રદાન સંબંધી ચાર ગ્રંથો લખેલા. આથી બિનસાંપ્રદાયિકતાના ગુણો પણ અમર્ત્યનો લોહીનો સંસ્કાર હતા.

સંપાદકીયમાં લખવામાં આવ્યું છે તેમ વિદ્યુતભાઈ 'બિનસાંપ્રદાયિક અને સમતામૂલક સમાજવ્યવસ્થા'નું ધ્યેય ધરાવતા સમાજશાસ્ત્રી છે. દેશના ભાગલા બાદ કરાંચીથી ભાવનગર હાથેપગે આવેલા નિરાશ્રિત કુટુંબમાં તેમનો ઉછેર થયો હતો. કદાચ 'વંચિતપણું' એટલે શું એ તેમના અનુભવનો વિષય હતો. પુસ્તકના પ્રકરણ-3માં વિસ્થાપિતો અને વંચિતો અંગેની વિદ્યુતભાઈની નિસ્બત વાંચીને નિરાશ્રિતોની વચ્ચે થયેલા તેમના ઉછેરે આ અંગેની વિદ્યુતભાઈની સમજ વિકસાવવામાં ભાગ ભજવ્યો હશે. વંચિતતા માત્ર અભ્યાસનો વિષય હોવા કરતા વધુ અહેસાસનો વિષય છે. અન્યાય જેને થાય છે એ જ કહી શકે છે કે અન્યાય એટલે શું ?

વિદ્યુતભાઈના શૈશવકાળનું શિક્ષણ ભાવનગરમાં સંપન્ન થયેલું. વાંચન પ્રત્યેના તેમના બીજ શિશુવિહારમાં રોપાયા હતા. અમર્ત્યસેને કહેલું કે જો તેઓ શાંતિનિકેતનમાં ભણ્યા ન હોત તો તેમને નોબેલ પ્રાઈઝ મળ્યું ન હોત ! વિદ્યુતભાઈ માટે એવું કહી શકાય કે જો તેઓ શિશુવિહાર અને ત્યારબાદ રાજકોટની ચૌધરી હાઈસ્કૂલમાં ન ભણ્યા હોત તો તેઓ 'સમાજશાસ્ત્રી' ન બની શક્યા હોત.

પિતાજીની બદલી સાથે રાજકોટ આવી વસેલા વિદ્યુતભાઈ ચૌધરી હાઈસ્કૂલમાં દાખલ થયા. આ ઘટનાએ વિદ્યુતભાઈના સમાજલક્ષી વિચાર ઘડતરમાં જે વળાંક આપ્યો તે સીમાચિહ્ન સમાન હતો.

વિદ્યુતભાઈ દાખલ થયા ત્યારે ચૌધરી હાઈસ્કૂલના આચાર્ય સમાજવાદી વિચારક એ. પી. ઓઝા હતા. આ જ હાઈસ્કૂલના શિક્ષક રજનીકાંતભાઈ વ્યાસ કાશી વિદ્યાપીઠમાં સમાજશાસ્ત્ર ભણીને આવેલા. વળી તેઓ પડોશમાં જ રહેતા હતા. રજનીભાઈ રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ અને સંસ્કૃતિ-વિષયક વિચારોનો ઘનિષ્ઠ અભ્યાસ ધરાવતા હતા. તેઓ ભારે ચર્ચા-પ્રિય હતા. યુવાનો સાથે પેટ ભરીને વાતો કરવી તેમને ગમતી. ખાદી પહેરતા. ગોઠણની નીચે સુધીનો લાંબો ઝભ્ભો તેમની ઓળખ હતી. વિદ્યુતભાઈના વિચારોના ઘડતરમાં તેમનો સિંહફાળો હતો.

વિદ્યુતભાઈનો રાજકોટ-નિવાસનો સમય તેમનામાં

વિચાર-પરિવર્તનનો લાવવાની દિશામાં ખૂબ મહત્વનો સાબિત થયો. હવે તેઓ પરંપરાગત બ્રાહ્મણ સંસ્કારોમાંથી બહાર આવીને સાંપ્રત સમાજ સાથે નિસ્બત ધરાવતા પ્રશ્નો તરફ વળી રહ્યા હતા. રાજકોટના સદર-ચોકમાં આવેલી શ્રી અરવિંદ જ્ઞાન કેન્દ્ર નામે તે સમયે જાણીતી પ્રાથમિક શાળાના પટાંગણમાં મૂકાયેલા બાંકડાઓ પર યુવાનો ભેગા થતા અને અનેક વિષયો પર જ્ઞાન-ગોષ્ઠિ ચાલતી. ચર્ચાઓનું ચાલક બળ રજનીકાંતભાઈ હતા. તેમની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા રાજકોટમાં સર્વોદય કેળવણી સમાજની સ્થાપના થઈ હતી. પછીથી રજનીકાંતભાઈએ સન્યસ્ત ગ્રહણ કર્યું અને સ્વામી મહાદેવાનંદ નામે જાણીતા થયા. વિદ્યુતભાઈનો તેમની સાથેનો સંબંધ છેક તેમના નિધન સુધી અતૂટ રહેલો. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે સ્નાતક કક્ષાના અભ્યાસ માટે સમાજશાસ્ત્ર વિષયની પસંદગી કરવાની પ્રેરણા રજનીભાઈએ પૂરી પાડી હતી.

રાજકોટની ધર્મેન્દ્રસિંહની આર્ટ્સ કૉલેજમાં વિદ્યુતભાઈ અભ્યાસ માટે દાખલ થયા ત્યારે હું પણ ત્યાં અર્થશાસ્ત્ર વિષયમાં એકાદ-વર્ષ આગળ અભ્યાસ કરતો હતો. તેમના સહ-અધ્યાયિ જીવરાજ સિંધવ સાથેની તેમની જોડી કૉલેજમાં યોજાતી વક્તૃત્વ સ્પર્ધાઓમાં ખાસ્સી લોકપ્રિય હતી. જીવરાજ સિંધવ રજનીકાંતભાઈની માફક લાંબો ઝભ્ભો પહેરતા. તેઓ પછીથી ઇતિહાસ વિષયના અધ્યાપક બનેલા.

વિદ્યુતભાઈ અનુસ્નાતક અભ્યાસ માટે અમદાવાદ ગયા અને એચ. કે. આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા. અહીં તેમની પ્રતિભાનું ઘડતર બહુ આયામિ સાબિત થયું. અહીં તેઓ રંગભૂમિના પ્રસિદ્ધ કલાકારો, જશવંત ઠાકર, નલિન દવે, ઇત્યાદિના પરિચયમાં આવ્યા અને તેમની સાથે નાટકોમાં કામ પણ કર્યું. આચાર્ય યશવંત શુક્લે તેમની વાંચનરૂચિને પ્રોત્સાહિત કરી અને તેઓ અવ્વલ નંબરે એમ.એ.માં ઉત્તિર્ણ થયા. આથી તેમને આ જ કૉલેજમાં 'ફેલો'ના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા.

વિદ્યુતભાઈનાં એમ.એ. ના અભ્યાસકાળ દરમ્યાન તેઓ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના નિયમાક પ્રો. દેવવ્રત પાઠકના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યા. તેમણે વિદ્યુતભાઈને તેમના વિષયમાં વૈજ્ઞાનિક ચિંતન કરવા માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડ્યા. વિદ્યુતભાઈ જેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા ઉત્સુક હતા તે વડોદરા યુનિવર્સિટીના ગણમાન્ય સમાજશાસ્ત્રી આઈ.પી.દેસાઈનો પરિચય પણ પાઠક સાહેબે કરાવેલો.

વિદ્યુતભાઈના જન્મ, ઉછેર અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસ સુધીની વિગતો બે બાબતો સ્પષ્ટ રીતે ધ્યાન પર આવી. પ્રથમ તો એ કે વ્યક્તિ તેના વ્યક્તિત્વના કેટલાક ગુણ તેના ગુણસૂત્રો (જીન્સ) સાથે જન્મે છે. તેમનામાં રહેલું શિક્ષકત્વ તેમના લોહીનો સંસ્કાર હતો તેવું આગળ નોંધ્યું છે. શિશુકાળમાં જ કંઠસ્થ થઈ ગયેલી ગીતા તેમના દાદા સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. તેથી શક્ય બન્યું હતું. તેમ માનવાને કારણ છે. અમર્ત્યસેનનો જન્મ અને ઉછેર તેમના નાના ક્ષિતિમોહન સેનને ત્યાં થયેલો. સેને લખ્યું છે કે તેઓ તેમના નાનાજીની પ્રતિભાથી એટલા પ્રભાવિત થયેલા કે તેમને મોટા થઈને સંસ્કૃતના પંડિત થવાના કોડ જાગેલા. સેનના અધ્યાપક પિતા આશુતોષ સેનના સાથઈ મિત્ર પ્રો. અમિય દાસ ગુપ્તાએ તેમને અર્થશાસ્ત્રના અભ્યાસ તરફ વાળવાનું કામ કર્યું હતું. વિદ્યુતભાઈના કિસ્સામાં પણ તેમને સમાજશાસ્ત્ર વિષય તરફ વાળવાનું કામ તેમના શિક્ષક અને પડોશી રજનીકાંતભાઈએ કરેલું. પછીથી તેમની આસપાસના સંસ્થાકીય પર્યાવરણે એકને અર્થશાસ્ત્રી તો બીજાને સમાજશાસ્ત્રી બનાવ્યા.

વિદ્યુતભાઈએ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં થોડો સમય ફેલોશીપ કર્યા પછી તેઓ અમદાવાદની ક્રાંતિકારી ભક્તવલ્લભ ધોળા કૉલેજમાં આમંત્રણથી જોડાયા અને જુદા જુદા વિષયોના સમર્થ અધ્યાપકો સાથે કામ કર્યું. આ ક્રાંતિકારી કૉલેજના દિગ્ગજ અધ્યાપકો સમાજના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ હતા પરંતુ સંગઠિત ન હતા.

વિદ્યુતભાઈને કપ્તાનવગરના વહાણમાં મુસાફરી કરવાનું ફાવ્યું નહિ.

દરમ્યાન વિદ્યુતભાઈને રાજકોટની વિરાણી આર્ટ્સ અને કોમર્સ કૉલેજમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષપદે જોડાવાનું નિમંત્રણ મળતા 1971 થી 1974 દરમ્યાન વિરાણી કૉલેજમાં કાર્યરત રહ્યા. તે વખતે હું પણ એ જ કૉલેજમાં અર્થશાસ્ત્રનું અધ્યાપન કરતો હતો. ફરીથી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ અને રજનીકાંતભાઈ સાથેની ચર્ચાઓના દિવસો તાજા થયા.

વિદ્યુતભાઈ સાથે વિરાણી કૉલેજમાં કામ કરવાના દિવસો ખાસ્સા મજાના હતા. તેમની સાથે એક નાનકડા પ્રકલ્પ પર કામ કરવાનું બન્યું. અમે બંને રાજકોટની એ. વી. પારેખ ટેકનિકલ કૉલેજમાં ચાલતા એક વ્યવસાયી અભ્યાસક્રમમાં મુલાકાતી અધ્યાપક તરીકે કામ કરતા. આ દરમ્યાન મેં પીએચ.ડી. પદવી માટે કામ શરૂ કરેલું. સૌરાષ્ટ્ર-ગુજરાતની ઔદ્યોગિક વસાહતો સંબંધી એ અભ્યાસ હતો. તેના ભાગ તરીકે ઉદ્યોગ સાહસિકતાના વિકાસમાં વસાહતોના ફાળા સંબંધી કામ કરવાનું નક્કી થયેલું. મેં વિદ્યુતભાઈ સાથે વાતવિચાર કરીને લોકો શા માટે પોતાની માલિકીનું સાહસ શરૂ કરે છે તે તપાસવાની ઇચ્છા દર્શાવી. એમ વિચારેલું કે માણસની, તેમના જીવનકાળ દરમ્યાન કશુંક સિદ્ધ કરવાની પ્રેરણા તેમના જન્મની સાથે જ જોડાયેલી હોય છે. ડેવિડ મેક્સીલેન્ડે તેને સિદ્ધ-પ્રેરણા નામ આપેલું. આ પરિકલ્પના જેટલી અમેરિકન સમાજના કિસ્સામાં યથાર્થ જણાયેલી તટેલી ભારતના ઉદ્યોગ-સાહસિકોની બાબતમાં પણ યથાર્થ છે કે કેમ તે જોવાનો અમારો ઈરાદો હતો. અમે સાથે હાથ ધરેલા કેઈસ સ્ટડી દ્વારા એમ જાણવા મળ્યું કે સિદ્ધિ-પ્રેરણા સાથે જન્મેલ વ્યક્તિને ભારતની કુટુંબ-વ્યવસ્થા અને ઇત્તર સામાજિક સંસ્થાઓનો ટેકો મળે તો તે ઉદ્યોગ-સાહસિક બની શકે અને જો તેને પ્રોત્સાહન ન મળે તો તે અન્યોના આદેશ-માર્ગદર્શનની નીચે કામ કરતી વ્યક્તિ બની જાય. તે સારો-સફળ-સાહસિક બની શકે નહિ. અમારા તારણને અમે એક સમીકરણની મદદથી સ્પષ્ટ કર્યું.

AM+EM–DM=ED

(AM = Achievement Motivation,

EM = Extension Motivation,

DM = Dependence Motivation,

ED = Entrepreneurship Development)

આપણે આને અનુક્રમે સિદ્ધિ-પ્રેરણા, વિસ્તરણ પ્રેરણા, અવલંબન પ્રેરણા અને ઉદ્યોગ સાહિકતા વિકાસ કહીશું.

ઉપર્યુક્ત સમીકરણ મેં મારા પીએચ.ડી. માટેના સંશોધન અભ્યાસમાં વસાહતોની મદદથી નવા ઉદ્યોગ-સાહસિકોના પુરવઠામાં વધારો થયો હોવાનું તારણ પ્રાપ્ત થયું. મારા શોધનિબંધના પરીક્ષકોએ અમારા અભ્યાસની સૈદ્ધાંતિક ભૂમિકાને બિરદાવેલી.

એ જે થયું તે. આ સમીકરણ આજે મને સમાજશાસ્ત્રના સામાન્ય અધ્યાપક વિદ્યુતભાઈ શી રીતે અગ્રણિ સમાજશાસ્ત્રી બની શક્યા તે સમજવા માટે ઉપયોગી લાગ્યું છે. કશુંક સિદ્ધ કરવાની પ્રેરણા તેમને વારસામાં જ મળી છે. તેમને ચોક્કસ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહક વાતાવરણ અર્થાત્ વિસ્તરણ-પ્રેરણા મળી. આથી તેઓ પોતાની કારકિર્દી સ્વાયત ધોરણે ઘડી શકે તેવા ગતિશીલ સંશોધક બન્યા. આમ કરવા જતા તેમણે સંસ્થાઓ અને સ્થળોની પસંદગીઓ બદલી. તેમને કોઈ સ્પીડ-બ્રેકરો અવરોધી શક્યા નહિ. છેવટે તેમણે ત્રીજી પેઢીના અગ્રણિ સમાજશાસ્ત્રી બનવાની સિદ્ધિ હાંસલ કરી.

વિદ્યુતભાઈના રાજકોટના ત્રણ વર્ષના રોકાણ દરમ્યાન એક અન્ય પ્રસંગે પણ તેમની સાથે કામ કરવાની તક મળી હતી. તે સમયે નવનિર્માણનું આંદોલન પૂરજોશમાં હતું. કેન્દ્રમાં રાજકોટ ખરું જ. વિદ્યુતભાઈનો નાટકોમાં કામ કરવાનો અનુભવ ખપ લાગ્યો. તેમની અને અન્ય સાથીઓની મદદથી એક નાટક લખાયું અને તેમની સાથે રહીને ભજવાયું. નાટક હતું 'પ્રપંચવટીનું પોસ્ટમોર્ટમ.'

રાજકોટના રોકાણ દરમ્યાન સમાજશાસ્ત્ર વિષયની અભ્યાસ સમિતિના સભ્ય તરીકે તેમણે ‘Sociology of Education’નું પેપર યુનિવર્સિટીમાં દાખલ કરાવ્યું. આ સાથે જ તેમના પીએચ.ડી.ના સંશોધનનો પાયો નંખાયેલો.

બન્યું એવું કે તેઓ કોઈ કામસર અમદાવાદ ગયેલા ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા પ્રો. આઈ. પી. દેસાઈ સાથે દેવવ્રતભાઈ પાઠકે મુલાકાત કરાવી આપી.

આ પછીના આઈ. પી. સાથેના વિદ્યુતભાઈના અનુભવોની હારમાળા પીએચ.ડી. માટેના વિદ્યાર્થી અને માર્ગદર્શકને ઉપયોગી ‘સંશોધન પદ્ધતિ’ના સંદર્ભમાં મૂલ્યવાન પ્રકાશ ફેંકે છે. સંશોધન સમસ્યા ‘ફીલ’ કરવી એટલે શું એવા પાયાના ખ્યાલથી માંડીને સમસ્યા-ઘડતર, સંશોધન સૂચિ બનાવવી અને સંદર્ભ-સાહિત્ય જોઈ જવું, સંશોધન-સમસ્યા પરના હયાત જ્ઞાનમાં શું ખૂટે છે તે શોધવું ઇત્યાદિ તેઓ આઈ.પી.દેસાઈ પાસેથી શીખ્યા. આઈ. પી. એ તેમને આંગળીએ ઝાલીને સંશોધન-પદ્ધતિ અંતર્ગત આવતી વિવિધ પુસ્તિકાઓના પ્રદેશમાં સફર કરાવી. સંશોધન સમસ્યા અને અભ્યાસ પદ્ધતિ સ્પષ્ટ કરાવ્યા બાદ દેસાઈ સાહેબે અચાનક વિદ્યુતભાઈની આંગળી છોડી દીધી. પછીનું તેમનું કામ સ્વતંત્રપણે ચાલ્યું. તેઓ આઈ. પી. પાસેથી જે શિખ્યા તેની મદદ અને પોતાની આંતરસૂઝ દ્વારા વિદ્યુતભાઈએ સંશોધન-પદ્ધતિ અંગે અનેક વ્યાખ્યાનો આપ્યા અને કાર્યશાળાઓ પણ ચલાવી. તેમના પીએચ.ડી. સંશોધન પરિપાક સ્વરૂપે ‘આશ્રમશાળા - એક અધ્યયન’ પુસ્તક 1980માં પ્રકાશિત થયું.

વિદ્યુતભાઈ 1974માં રાજકોટ છોડી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં જોડાયા. યુનિવર્સિટીના કેમ્પસ પર જ સ્થપાયેલા સેન્ટર ફૉર સોશિઅલ સ્ટડીઝ સાથે તેમનો ઘરોબો સ્થપાયો. છેવટ તેઓ આઈ. પી. દેસાઈ સાહેબની પ્રેરણાથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પેન્શનેબલ નોકરી છોડીને સેન્ટર ફૉર સોશિઅલ સ્ટડીઝમાં જોડાઈ ગયા. જ્યાં તેમને ઘનશ્યામભાઈ શાહ, પુનલેકરજી અને પ્રદીપ બોઝ જેવા વિદ્વાનસાથીઓ સાથે કામ કરવાની તક મળી.

પછીથી વિદ્યુતભાઈ અમદાવાદની ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટમાં સિનિઅર પ્રોફેસરના પદ પર નિયુક્ત થયેલા. અહીં તેમણે શ્રમિકોના પ્રશ્નો પર નોંધપાત્ર સંશોધનો હાથ ધરેલા.

વિદ્યુતભાઈના વિદ્યાકીય પ્રદાનની વ્યપાક નોંધ લેવાઈ. પરિણામે ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદે તેમની પસંદગી થઈ. તેમણે યુનિવર્સિટીને ખાધમાંથી બહાર કાઢવાની પ્રશંસનીય કામગીરી કરી. તત્ત્વતઃ તેઓ વહીવટના ઓછા અને સંશોધનના માણસ વધુ હતા. કુલપતિપદના બીજા સત્રમાં સંભવિત પુનઃ નિમણૂંકને નકારી આઈ. પી. દેસાઈનું ઋણ ચૂકવવા ફરી સેન્ટર ફૉર સોશિઅલ સ્ટડીઝના નિયામકપદે જોડાઈ ગયા. સેન્ટરમાં અનેક પ્રકલ્પો માટે અનુદાનો મેળવ્યા અને તેના નવા, આધુનિક મકાનના નિર્માણનું યશસ્વી કામ કર્યું.

પાંચ દાયકાઓ સુધી વિદ્યુતભાઈએ સમાજશાસ્ત્ર વિષયમાં કરેલા અનન્ય પ્રદાનની નોંધ લઈ ઑલ ઇન્ડિયા સોશિઑલોજિકલ સોસાયટીએ તેમને તા. 8-12-2021ના રોજ ‘લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ’થી સન્માનિત કર્યા. સમાજશાસ્ત્રના એક અદના અધ્યાપકમાંથી તેઓ ગુજરાતના પ્રથમ પંડિતના સમાજશાસ્ત્રી સ્વરૂપે શી રીતે ઉત્ક્રાંત થયા તેની રૂપરેખા આ લેખ અંતર્ગત આપવા પ્રયાસ કર્યો છે. આ એકમ અભ્યાસ છે. વિદ્યુતભાઈનું પ્રદાન બહુ-આયામિ છે. તેમણે શિક્ષણ, વિકાસ અને વંચિતતા, વિસ્થાપન, સાહિત્ય, શ્રમિકો, પર્યાવરણ અને ગાંધીના માનવવાદ ઇત્યાદિ વિષયોમાં કરેલા સંશોધનોના ટીકાત્મક પરીક્ષણ માટે અવકાશ છે. આ માટે લેખમાળા થઈ શકે. આ લેખ સમાજશાસ્ત્રી વિદ્યુતભાઈના વ્યક્તિત્વ વિકાસનો પરિચય આપવા સુધી મર્યાદિત રાખ્યો છે. પ્રસ્તુત લેખની આ એક મર્યાદા છે.

## ગાંધીજીનાં વિચારોનું વિશ્લેષણ

– ડૉ. પરેશ ચૌહાણ*

**સારાંશ :**

વર્તમાન સંદર્ભમાં ગાંધીજીના વિચારોનું અર્થઘટન કરવું જરૂરી છે. આ અર્થઘટન બે સ્તરે કરી શકાય છે : પ્રથમ વૈકલ્પિક સામાજિક વ્યવસ્થા તરીકે, બીજું, સંવાદ વિશ્લેષણના સંદર્ભમાં. ગાંધીજીના વિચારોના અર્થઘટનમાં અનેક પરિમાણો લેવામાં આવે છે. ગાંધીજી પરંપરાગત વ્યાખ્યા પ્રમાણે બૌદ્ધિક ન હતા. તેમના વિચારો તેમના વાર્તાલાપ, પત્રો, ભાષણો, લેખો, પુસ્તકો દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. આ વિચારો ઘણા પુસ્તકો, સામયિકો અને ગાંધીજી ગ્રંથાવલિ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ-છ દાયકોમાં, બૌદ્ધિકો દ્વારા ગાંધીજીના વિચારોનું અમૂર્ત સ્તરે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. વિવિધ વિષયોના વિચારકોએ ગાંધીજીના વૈચારિક યોગદાનનું વ્યક્તિલક્ષી પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ દ્વારા ભારતીય અને વિદેશી લેખકોએ ગાંધીજીના વિચારોને બૌદ્ધિક સ્તરે રજૂ કરીને વ્યવસ્થિત રીતે ગોઠવવાનો પ્રયાસ કર્યો છે.

**ચાવીરૂપ શબ્દો :** ગાંધીજી, સર્વોદય, વિચારોની રચના, નૈતિકતા, લોકશાહીનું વિકેન્દ્રીકરણ, સમુદાયની ભાગીદારી, વ્યક્તિ, સમુદાય, બહુલવાદ.

**ગાંધીજીના વિચારોમાં ફાળો આપનારા પરિબળો :**

ગાંધીજીએ સાબિત કર્યું કે વિચારોની રચનામાં બૌદ્ધિક નિખાલસતાની સાથે મનની સંવેદનશીલતા અને મનની શુદ્ધતા પણ જરૂરી છે. ગાંધીજીના વિચારોની રચનાની પ્રક્રિયામાં શાસ્ત્રીય ગ્રંથો, ઐતિહાસિક પરંપરા, ત્યાગની પરિસ્થિતિઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરના વિદેશી લેખકોનો પ્રભાવ પ્રબળ છે. ગાંધીજીએ બૌદ્ધિક સંવેદનશીલતાના આધારે તત્કાલિન પરિસ્થિતિઓનું વિશ્લેષણ કર્યું હતું અને તેમની વૈચારિક પ્રક્રિયાઓને કાર્યાત્મક સ્તરે મહત્વપૂર્ણ અને વ્યવહારૂ ગણવામાં આવી હતી. ગાંધીજીની માનસિક ઉદારતા એ હકીકત પરથી પ્રસારિત થાય છે કે તેમણે વિવિધ ધર્મો અને લેખકોમાંથી વિવિધ પરિમાણો અપનાવીને પોતાનાં વિચારો રજૂ કર્યા. તેમણે ઇસ્લામમાંથી બંધુત્વનો વિચાર લીધો હતો. જૈન ધર્મથી અહિંસાનો, બૌદ્ધ ધર્મથી સમતાનો અને ખ્રિસ્તી ધર્મથી સેવાનો વિચાર લીધો હતો. તેઓ રસ્કિનના 'Unto this last' પુસ્તકથી, થોરો અને ટૉલ્સટૉયના વિચારોથી પણ પ્રભાવિત હતા અને વિવિધ સ્રોતોમાંથી સત્યાગ્રહ, પ્રેમ, સત્યના વિચારો અપનાવ્યા હતા. તેમણે ગીતામાંથી કર્મ, થોરોથી સત્યાગ્રહ અને રસ્કિનથી છેલ્લા વ્યક્તિનો ઉદ્ધારનો વિચાર કર્યો.

ટૉલ્સટૉય અને રસ્કિન બંનેએ હીડોનિસ્ટીક-સુખવાદી સિદ્ધાંતને વખોડ્યા હતા. એ બંને શરીરશ્રમની હિમાયત કરતાં હતા. રસ્કિન અને ટૉલ્સટૉયની પ્રેરણાને લીધે ગાંધીજીમાં શરીરશ્રમ (ચરખા) માટેનો આગ્રહ અને ટૉલ્સટૉયની પ્રેરણાને લીધે તેમનામાં નૈતિક મૂલ્યોનો દૃઢ આગ્રહ આવ્યો હતો.

અહિંસા, ઉપભોગ-જરૂરિયાત પર મર્યાદા અને વિકાસથી થતા લાભમાં સામાજિક સહભાગિતા જેવા મૂલ્ય એ 'Unto this last'ની વિચારધારાનો પાયો છે. આ વિચારધારા વડે વહેલા કે મોડાં, કદાચ મોડાં મોડાં પણ માનવજાતિને અવશ્ય સમજાશે કે ટૅકનૉલૉજીમાં ગમે તેટલી પ્રગતિ થાય, તેમ છતાં 'Unto this last' નો કોઈ વિકલ્પ નથી.

ગ્રંથ 'અન ટુ ધિસ લાસ્ટ' નામનો ગુજરાતીમાં અર્થ પૂરેપૂરો રજૂ કરવો હોય તો લખવું જોઈએ કે, 'વેતનમાં ન્યાય પામવાનો હક્ક જેટલો પહેલાને છે, તેટલો જ છેલ્લાને પણ છે.'

**ગાંધીજીના વિચારોની રચનામાં અનુભવોનો આધાર :**

ગાંધીજીના વિચારોની રચનામાં અનુભવોનું આત્મ-

* આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીસ એન્ડ સોશિયલ સાયન્સિસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. ગુજરાત. મો. 8780447228 Email : pchauhan1374@gmail.com

પ્રતિબિંબ મહત્વનો આધાર હતો. આફ્રિકામાં વંશીય ભેદભાવને કારણે તેમને જે જુલમ સહન કરવો પડ્યો તે તેમના વિચારોને શક્તિ અને દિશા આપવા સક્ષમ હતો. સ્વદેશ પરત ફર્યા પછી, ગાંધીજીએ આઝાદીની ચળવળ દ્વારા દેશને આઝાદી અપાવવાનું કાર્ય તો કર્યું જ, પરંતુ ભારતીય વાતાવરણમાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક આયામો પર તેમના વિચારમંથનની પ્રક્રિયા ચાલુ રહી. તેમણે ભારતીય સમાજ વ્યવસ્થાના વિવિધપાસાઓને ઊંડાણપૂર્વક સમજ્યા અને તેમના પર તેમની પ્રક્રિયા રજૂ કરી. તેમણે હરિજનોની સમસ્યા, દારૂના કારણે ઉદ્ભવતા પરિણામો, મહિલાઓની સ્થિતિ, જ્ઞાતિ વ્યવસ્થા, જ્ઞાતિવાદ, ઔદ્યોગિકરણ, શહેરીકરણ, યંત્રોનો ઉપયોગ, હસ્તકલા, વિકેન્દ્રીકરણ, યુદ્ધ, શાંતિ, નિસર્ગોપચાર, શિક્ષણ વ્યવસ્થા, ટ્રસ્ટીશીપ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ વિચારો સર્વોદય તરીકે ઓળખાયા હતા.

ગાંધીજીના તમામ વિચારો વ્યવહારિક કાર્યો સાથે જોડાયેલા હતા. તેમના દરેક વિચારનો આધાર વ્યક્તિ અને સમાજના સ્તરે તેમની વ્યવહારિક ક્રિયાઓ હતી. વિચારોને ક્રિયાના સ્તરે શક્ય બનાવવા માટે ગાંધીજીએ તેમના દરેક વિચારોને પોતાના જીવનમાં ચકાસ્યા અને તેનો ઉપયોગ કર્યો. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'ની હતી. જે તેમની વ્યવહાર શોધ અને અમલીકરણની દ્રષ્ટિનો પ્રેરક છે. ગાંધીજીના વિચારોના પ્રભાવનું કારણ તેમના વ્યક્તિત્વમાં સમાયેલું હતું. ગાંધીજીના વ્યક્તિત્વનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે તેમના કથન અને કાર્યોમાં કોઈ ફરક નહોતો. ગાંધીજીએ જે વિચાર્યું તે કહ્યું અને જે કહ્યું તે કર્યું.

**ગાંધીજીના જીવનમાં નૈતિકતા :**

ગાંધીજીએ જીવનમાં નૈતિકતા, નમ્રતા અને પ્રેમ પ્રતિષ્ઠા અપનાવી. તે તમામ વર્ગો, જાતિઓ, ધાર્મિક લોકો, મોટા અને નાના, અમીર અને ગરીબ, બાળકો અને સ્ત્રીઓ, હરિજન અને સવર્ણો, ગ્રામીણ અને શહેર વાસીઓ, વિદેશી અને સ્વદેશી તમામને મળતા હતા. તેમનામાં સમાનતાની ભાવના કેળવવામાં આવી હતી. તેઓ પણ હરિજન બસ્તીની જેમ જ બિરલા નિવાસમાં રહેતા હતા. માંદા, રક્તપિત્ત, વિકલાંગ, પીડિત લોકોની સેવા કરીને, તેઓ આ વર્ગના લોકોનો સ્નેહ મેળવીને તેમના દુઃખ અને પીડાને આત્મસાત કરતા હતા. આશ્રમમાં સફાઈનું કામ કરીને તેઓ હરિજનોને શ્રમ, એકતા અને સ્વચ્છતાની ગરિમાનો સંદેશ આપતા હતા. તેમનો પહેરવેશ હાથથી બનાવેલા દોરાથી બનેલો હતો. સાદગી અને અપરિગ્રહની જીવન-વ્યવસ્થા, સમયનો ઉપયોગ, બીજાઓની સેવા, દેશ-પ્રેમ, માનવ-ધર્મ, સર્વ-ધર્મ સમભાવ, તેમના રોજિંદા કાર્યોમાં પ્રતિબિંબિત થતી હતી. રેલ્વેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરીને તેઓ પોતાને સામાન્ય માણસ સાથે જોડતા હતા.તેમની જીવનશૈલી જ તેમની ફિલસૂફી હતી. તેમની જીવનયાત્રા તેમના આદર્શો અને વિચારોનું પ્રતિક હતી.

**ગાંધીજીના વિચારોનું વિશ્લેષણ :**

ગાંધીજીના વિચારોને વિશ્લેષણના દ્રષ્ટિકોણથી રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક અને નૈતિક શ્રેણીઓમાં વર્ગીકૃત કરી શકાય છે. ગાંધીજીના રાજકીય વિચારો સ્વરાજ્યની વિભાવના પર બાંધવામાં આવ્યા હતા. સ્વરાજ્યનો ખ્યાલ માત્ર ભારતના સંદર્ભ પૂરતો સીમિત ન હતો. પરંતુ સંસ્થાનવાદના વિરોધમાં આ ખ્યાલનો વ્યાપ વ્યાપક અને વિસ્તૃત હતો. ગાંધીજીની સ્વરાજ્યની કલ્પના અહિંસા અને સત્યને આધારે, વસાહતીકરણ સાથે શાંતિપૂર્ણ સંઘર્ષ સાથે સંકળાયેલી હતી. સ્વરાજ્યની વિભાવના હેઠળ, લોકશાહી ધોરણે જનશક્તિનું સર્જન કરીને સામાજિક સંચાલનની વ્યવસ્થાની કલ્પના એ ગાંધીજીની ફિલસૂફીનો મુખ્ય આધાર હતો. ગાંધીજીએ રાજ્યને અનિવાર્ય અનિષ્ટ સંસ્થા માની. આખરે જનશક્તિના વિકાસ દ્વારા રાજ્યના લુપ્ત થવાની પ્રક્રિયા તેમના માટે યોગ્ય પ્રક્રિયા હતી.

ગાંધીજીએ રાજકારણમાં નૈતિકતા પર ભાર મૂક્યો અને નૈતિકતાના આધારે પોતાની રાજકીય પ્રક્રિયા હાથ ધરી. પરંપરાગત રીતે સમુદાય પરસ્પર સહકારથી સ્વ-સંચાલિત હતો. સ્થાનિક સમુદાયો અને સામુદાયિક એકમો પરસ્પર સહકારના આધારે ન્યાય, બાંધકામ કાર્ય, સામાન્ય મિલકતના મુદ્દાઓનું સમાધાન કરતા હતા. એક મત મુજબ, સરકાર દ્વારા આયોજિત વિકાસની

પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી, સ્વાયત્ત, સ્વ-સંચાલિત સમુદાયનું વિસર્જન થઈ ગયું છે. સરકાર દ્વારા આયોજિત સમુદાયની ભાગીદારી એ એક પ્રકારનો વિરોધાભાસ છે. સરકાર અને સમુદાયના સ્વભાવમાં વૈચારિક વિરોધાભાસ છે. જેમ જેમ સરકારના કામનો વ્યાપ વધતો જાય છે, તેમ તેમ સમુદાયમાં નિર્ભરતાની ભાવના વધી રહી છે. ધ્યેયો વિકાસ કાર્યક્રમોમાં સમાવિષ્ટ છે. કેવળ ચિંતાઓથી ભરેલા અહેવાલો કાગળ પર સારા લાગે છે. પરંતુ વિકાસ કાર્યક્રમોના અમલીકરણમાં ભ્રષ્ટાચાર, સત્તા-વિલાસ અને બિનપ્રતિબદ્ધતા (Non-Commitment) સ્પષ્ટપણે દેખાય છે. સરકાર ધનસંપત્તિના આંકડા અને લક્ષ્યસિદ્ધિના સંખ્યાત્મક આંકડાઓ રજૂ કરતી રહે છે. સરકાર વિકાસને લગતા કામોના વિવિધ આંકડાઓ અને હકીકતો જણાવવામાં પણ સંકોચ અનુભવે છે. મહેનતુ લોકોને માહિતીના અધિકાર માટે લડવું પડે છે. સરકારી તંત્ર સત્તાનો આનંદ આપે છે પણ સેવાભાવ નહિ. વહીવટી તંત્ર લોકોથી અંતર રાખીને પોતાનું મહત્ત્વ જાળવી રાખે છે. ગાંધીજીને આ પરિસ્થિતિઓનો અહેસાસ હતો. તૃણમૂલ (Grass Root) લોકશાહીને સમુદાયનો આધાર માનનારા ગાંધીજીએ હંમેશા લોકશાહીમાં સત્તાના વિકેન્દ્રીકરણને મહત્ત્વ આપ્યું હતું. ગાંધીજીના રાજકીય મૂલ્યો આજના સંદર્ભમાં વધુ પ્રાસંગિક અને અર્થપૂર્ણ છે. કારણ કે સ્વાતંત્ર્ય સંગ્રામની રાજકીય સંસ્કૃતિ અને સ્વતંત્રતા પછીના 75 વર્ષની રાજકીય સંસ્કૃતિમાં મૂલ્યો વચ્ચેનો તફાવત મજબૂત રીતે ઉભરી આવ્યો છે.

ગાંધીજીના આર્થિક મૂલ્યો હેઠળ ટ્રસ્ટીશીપનો વિચાર મહત્ત્વપૂર્ણ છે. આ વિચાર હેઠળ, મોટા ઉદ્યોગોના સંચાલન અને માલિકીમાં કામદારો અને અન્ય કામદારોની ભાગીદારીની માળખાકીય પ્રણાલીની ચર્ચા કરી. માર્ક્સના વિચારોથી વિપરીત, ગાંધીજી સ્વૈચ્છિક અને હૃદય પરિવર્તન પર આધારિત સહભાગિતા અને માલિકીનું માળખું બનાવવા માંગતા હતા. આ વિચાર દ્વારા શોષણની પ્રક્રિયાનો અંત લાવી શકાય છે અને કાર્ય કૌશલ્યને પણ વધુ સરળતાથી પૂર્ણ કરી શકાય છે.

ગાંધીજીએ ટેકનૉલૉજીના ઉપયોગ અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે એવા તકનીકી વિકાસની ટીકા કરી કે જેના દ્વારા વિમુખતા અને અમાનવીયકરણની પ્રક્રિયા વિકસિત થાય છે. મોટા ઉદ્યોગો અને ટૅકનૉલૉજીના મોટાપાયે ઉપયોગથી બેરોજગારીની સમસ્યા ઉભી થાય છે. તેમ જ મોટા પાયે ઉત્પાદન અને મોટાપાયે વપરાશની પ્રક્રિયાઓ ઉદ્ભવે છે.

ગાંધીજીએ તકનીકી વિકાસ પર હિંસાના પ્રત્યક્ષ અને પરોક્ષ પરિમાણોને પણ સમજાવ્યા. એટમ બૉમ્બ અને અન્ય હથિયારો દ્વારા સામૂહિક નરસંહારની શક્યતા છે. આર્થિક ક્ષેત્રે, ગાંધીજીએ ગ્રામીણ કારીગરો અને ચરખા સાથે જોડાયેલા લોકોનું વિશેષ ધ્યાન રાખ્યું. ગાંધીજીને ચિંતા હતી કે મોટા ઉદ્યોગોના ઉત્પાદનની પ્રક્રિયામાં ગામના લોકોનું આર્થિક જીવન જોખમમાં ન આવે.

ગાંધીજીએ સામાજિક ક્ષેત્ર હેઠળ સ્ત્રી-પુરુષ અને વિવિધ જાતિના લોકો વચ્ચે સમતા અને સમાનતા લાવવાનું કામ કર્યું. તેમણે અસ્પૃશ્યતાને દૂર કરવા માટે અથાક મહેનત કરી, હરિજનો સાથે બેસીને સ્વયંના આચરણ દ્વારા પોતાના વિચારો અને માન્યતાઓ પ્રદર્શિત કરી. અસ્પૃશ્ય શબ્દની જગ્યાએ હરિજન શબ્દનો ઉપયોગ કર્યો. ગાંધીજી માનતા હતા કે, આ લોકો ભગવાનના સંદેશવાહક છે. તેઓ નવી શબ્દાવલી દ્વારા લોકોના વલણમાં પરિવર્તન લાવવા માંગતા હતા. ગાંધીજીની આ પહેલ રૂઢિચુસ્ત સમાજમાં ક્રાંતિકારી હતી.

ગાંધીજી શોષણ વિહીન સમાજ અને સત્તાના વિકેન્દ્રીકરણની વાત કરતા હતા. તેમણે શિક્ષણને શ્રમ અને પર્યાવરણ સાથે સાંકળ્યું અને તેને વ્યક્તિત્વના વિકાસનો મુખ્ય આધાર ગણાવ્યો. તેઓ સમાજના દલિત અને ઉપેક્ષિત લોકોની સેવા માટે પ્રતિબદ્ધ રહ્યા. તેમણે સમાજની અનેક બુરાઈઓ દૂર કરવા માટે આંદોલનાત્મક પ્રયાસો કર્યા. દારૂબંધી માટે તેમના સત્યાગ્રહ અને આંદોલન સફળ રહ્યા. દારૂના પરિણામો વિશે ગાંધીજીએ ઉલ્લેખ કર્યો હતો કે ગરીબ અને નિમ્ન વર્ગના લોકોને નશાને કારણે આર્થિક, માનસિક પારિવારિક નુકસાન સહન કરવું પડે છે.

**ગાંધીજીના વિચારોના મુખ્ય આધાર સ્તંભો - લોકશાહીનું વિકેન્દ્રીનકરણ અને સમુદાયની ભાગીદારી :**

લોકશાહીનું વિકેન્દ્રીકરણ અને સમુદાયની ભાગીદારીના પરિણામો પણ ગાંધીજીના વિચારોના મુખ્ય આધારસ્તંભો હતા. વિકેન્દ્રીકરણની પ્રક્રિયા દ્વારા, રાજ્યના શાસનમાં લોકોની ભાગીદારીના ઘણા સ્તરો શક્ય છે. વર્તમાન લોકશાહી પ્રણાલી માત્ર વ્યક્તિને મત આપવાનો અધિકાર આપે છે પરંતુ તેને શાસન વ્યવસ્થામાં ભાગ લેવાની તક આપતી નથી. ધીરે ધીરે, રાજ્યની પ્રવૃત્તિઓનો વ્યાપ વિકસતો રહ્યો છે અને સામાજિક અને વ્યક્તિગત જીવનના લગભગ તમામ પાસાઓ રાજ્યના નિયંત્રણ, નિગરાની અને નિયમન અંતર્ગત આવી ગયા છે. આ પ્રક્રિયાને કારણે વ્યક્તિ નબળી પડી છે અને સમાજ નિર્બળ. સમુદાયના સશક્તિકરણની પ્રક્રિયા હેઠળ રાજ્યના વિસ્તારને મર્યાદિત કરવો જરૂરી છે. સત્તા અને સત્તાનો અતિરેક રાજ્યને દમનની સંસ્થા બનાવે છે.

**ગાંધીજી દ્વારા આવેલ સામાજિક પરિવર્તનમાં વ્યક્તિ અને સમુદાય બંનેની ભાગીદારી :**

ગાંધીજીએ સામાજિક પરિવર્તનમાં વ્યક્તિ અને સમુદાય બંનેની ભૂમિકા મહત્ત્વની ગણાવી હતી. હૃદયના પરિવર્તન અને ચેતનાના પરિવર્તનના પરિમાણો વ્યક્તિ સાથે સંબંધિત છે. જ્યારે ન્યાય અને ગ્રામ સ્વરાજ્ય માળખાકીય પરિવર્તન સાથે સંબંધિત છે. સમાજ અને વ્યક્તિ બંનેની પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા અને પરસ્પર નિર્ભરતાના આધારે સામાજિક પરિવર્તન શક્ય છે. ગાંધીજી કોઈ ચોક્કસ વર્ગ, જાતિ કે ધર્મના નહોતા. તેમની ઓળખના સ્રોતો એક એવા સમૂહને જન્મ આપે છે કે જેના હેઠળ ભારતીય સમાજ અને સંસ્કૃતિની બહુવિધ વિવિધતા દેખાય છે. આ બાબત ગાંધીજીના વ્યક્તિત્વની વિશિષ્ટતા દર્શાવે છે. ગાંધીજીએ સાધન અને સાધ્ય બંનેને મહત્ત્વ આપ્યું. સાચા લક્ષ્યો હાંસલ કરવા માટે યોગ્ય સાધનોનો ઉપયોગ એ ગાંધીજીની વિચારધારાનું આવશ્યક તત્ત્વ છે. જ્યારે પણ કોઈ ચોક્કસ જૂથે હિંસાના આધારે આઝાદી મેળવવાનો પ્રયાસ કર્યો, ત્યારે ગાંધીજીએ માત્ર તેની નિંદા જ નહિ, પરંતુ સ્વયં સ્તરે ઉપવાસ કરીને તેની પ્રતિક્રિયા અહિંસક, પ્રામાણિક અને હિંમતભેર દર્શાવી. અહિંસા અને સત્યના આધારે સ્વાતંત્ર્ય સંગ્રામનું આ સ્વરૂપ વિશ્વ ઈતિહાસમાં એક અનોખો આદર્શ રજૂ કરે છે. ગાંધીજીએ તર્ક, અનુભવ અને ભાવનાત્મક એકતાના આધારે પરિસ્થિતિઓને સમજાવી અને વ્યાખ્યા કરી. ગાંધીજીમાં વિવિધ વિરોધાભાસી પરિમાણોને એકીકૃત કરવાની અદ્ભુત ક્ષમતા હતી.

**ગાંધીજીના જીવનમાં બહુલવાદની પ્રતિકાત્મક અભિવ્યક્તિ :**

ગાંધીજી તમામ ધર્મોને માન આપતા હતા. તેમની પ્રાર્થના સભાઓમાં, તમામ ધર્મના વિચારો, માન્યતાઓ અને ભગવાનને આદર આપીને, તેમણે ભારતીય સમાજના બહુલવાદ (Pluralism)ની પ્રતિકાત્મક અભિવ્યક્તિ રજૂ કરી. ગાંધીજીએ ધાર્મિક સ્તરે સામાજિક પરિમાણોને રજૂ કર્યા. ગાંધીજીના જીવન અને કર્મયોગ અંતર્ગત સમન્વયવાદી ફિલસૂફી હેઠળ, અધિકારો અને જવાબદારીઓ, તર્ક અને આંતરિક અવાજ, વ્યક્તિ અને સમુદાય, સાંસારિક (દુન્યવી) અને અલૌકિક, સાધન અને સાધ્ય, વાણી અને ક્રિયા વચ્ચેના દ્વંદ્વને દૂર કરીને સંપૂર્ણતા દર્શાવવામાં આવી છે. ગાંધીજીએ પોતાની રીતે શાશ્વત સત્યોને રોજિંદા જીવન અને સમસ્યાઓ સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે, કારણ કે તેમના જીવનમૂલ્યોનો સ્રોત વિશાળ અને વૈવિધ્યસભર રહ્યો છે. સ્વચ્છ હૃદય, શાંત મન, ભગવાન સાથે સતત સંવાદ, ઈન્દ્રિય આનંદના સુખથી અલિપ્તતા, ધાર્મિક સહિષ્ણુતા, સરલતા, સાદગીભર્યું જીવન તેમના જીવનના અભિન્ન અંગો હતા.

**ગાંધીજીનો સર્વોદયનો વિચાર :**

ગાંધીજીએ સર્વોદયનો વિચાર રજૂ કર્યો, જેના દ્વારા સૌના ઉદયની વાત કરવામાં આવી હતી. 'વધુ લોકોનું વધુ ભલુ'ના સિદ્ધાંતને અપૂર્ણ સિદ્ધાંત માનવામાં આવતો હતો. કારણ કે તેમાં તમામ લોકોના સર્વાંગી વિકાસની વાત નહોતી. ગાંધીજીએ ભારત વિશેના સ્વપ્નનો ઉલ્લેખ કરતાં કહ્યું કે મારા સપનાનું ભારત એવું હશે જ્યાં ગરીબોને લાગે કે તે તેમનો દેશ છે. જેના નિર્માણમાં તેમનો અવાજ મહત્ત્વપૂર્ણ છે, જ્યાં વિવિધ સમુદાયો સૌહાર્દ (સદ્ભાવ) અને પ્રેમથી રહે છે. જ્યાં સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાન દરજ્જો હોય, જ્યાં અન્ય દેશો સાથે

શાંતિના સંબંધો હોય અને જ્યાં કોઈ શોષણ કરતું નથી, અને કોઈનું શોષણ થતું નથી. ગાંધીજીએ જનતાના મનને ઓળખી લીધું. લોકજ્ઞાન અને શાસ્ત્રીય જ્ઞાન વચ્ચે સેતુ સ્થાપિત કર્યો. સરળ ભાષા દ્વારા ભારતીય સંસ્કૃતિના વિવિધ આયામોને સાંકળીને તેમણે સામાન્ય માણસની ઓળખ અને ગરીબોના ઉત્થાનને પ્રાથમિકતા આપી નૈતિકતાને વાસ્તવિકતાના સ્તરે રજૂ કરી તેને જીવન સાથે જોડીને વ્યક્તિ અને સમૂહના સર્વાંગી વિકાસને મહત્ત્વ આપ્યું. ગાંધીજી ગામડાંઓ, હરિજનો, મહિલાઓ, આદિવાસીજૂથોના સંદર્ભમાં ચોક્કસ સમસ્યાઓને સમજ્યા, તેનું વિશ્લેષણ કર્યું અને તેના ઉકેલના માર્ગો સૂચવ્યા. તેથી, બૃહદ અને નાના સ્તરે, ગાંધીજી સામાજિક વ્યવસ્થાને સમજ્યા અને સમસ્યાઓના ઉકેલ માટે સંદર્ભિત પગલા સૂચવ્યા. ગાંધીજી નાના પાયાની સમસ્યાઓને બૃહદ સ્તરે માળખા સાથે જોડીને ચોક્કસ અને સમગ્ર વચ્ચેના સંબંધની સ્થાપના કરી અને તેનું વિશ્લેષણ કર્યું.

આ દ્રષ્ટિકોણથી ગાંધીજીના વિચારોને બૃહદ અને સૂક્ષ્મ સ્તરે રજૂ કરવામાં આવ્યા છે. ગાંધીજીના વિચારોનું સંવાદ પૃથક્કરણની શૈલીના દ્રષ્ટિકોણથી કરવામાં આવે તો વાક્યરચનાની સરળતા, શબ્દોની સરળતા અને વિચારોની બુદ્ધિમત્તા સ્પષ્ટપણે પ્રગટ થાય છે. તેમની ભાષા સામાન્ય માણસની ભાષા હતી, જેને માણસ સરળતાથી સમજી શકતો હતો. વ્યવસ્થા અને ભાષાના નિયમો અનુસાર, તેમની અભિવ્યક્તિઓમાં ખામી શોધી શકાય છે. પરંતુ ભાષા તેમના માટે વર્તન અને ક્રિયા હતી. તેમની ભાષામાં વર્ચસ્વની વર્તણૂંક કે અગ્રીમતાની છાપ દેખાતી નથી. બિન-પ્રભાવી ભાષાના ઉપયોગ દ્વારા, ગાંધીજીએ તેમના માનસિક વિચારોને સામાન્ય માણસ સાથે જોડવાનો પ્રયાસ કર્યો.

**નિષ્કર્ષ :**

ગાંધીજીએ સમય અને સ્થળ પ્રમાણે વિચારોમાં ફેરફાર, ઉમેરણો અને કે અભિજાત્યપણું સ્વીકાર્યું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમના વિચારોમાં ક્યાંક ક્યાંક વિરોધાભાસ જોવા મળે છે તો તેમણે કહ્યું કે તેમના ‘પછીના’ મંતવ્યો સ્વીકારવા જોઈએ. પહેલાના મંતવ્યો નહિ. આ દ્રષ્ટિકોણથી, ગાંધીજી બૌદ્ધિક પ્રક્રિયાને સતત, સર્જનાત્મક પ્રક્રિયા તરીકે સ્વીકારે છે. ગાંધીજીનું ઘટક સ્વરૂપ સાર્વત્રિક અને સંદર્ભગત બંને છે. સૈદ્ધાંતિક સ્તરે, ગાંધીજીએ કોઈ વાદ રજૂ કર્યો નહોતો અને તેઓ સભાનપણે તેનો વિરોધ કરતાં હતાં. ગાંધીજીએ તેમના વિચારોમાં આધુનિકતા હેઠળ આવતા તમામ પરિમાણો રજૂ કર્યા છે. ગાંધીજીએ આધુનિકતાના તે તત્ત્વોને સ્પષ્ટપણે વ્યક્ત કર્યા છે જે માનવલક્ષી માળખા સાથે સંબંધિત છે. સહકાર, માનવતા અને સર્વ સમાવેશકતાના વિચારોના આધારે, ગાંધીજીએ તેમના કાર્યની દિશાનું સંચાલન અને નિયમન કર્યું. આધુનિકતાના ચિંતનમાં જ્યાં વૈચારિક તત્ત્વોનો અવકાશ છે, ત્યાં ગાંધીજીના વિચારોમાં અર્થપૂર્ણ ગતિશીલતા છે. ગાંધીજીના વિચારોમાં લૌકિક અને અલૌકિક સંબંધોના પરિમાણો જ આધુનિકતામાં પ્રતિબિંબિત થતા નથી, પરંતુ બૌદ્ધિકતા, મનોવૈજ્ઞાનિક, ભૌતિક પરિમાણો ઉપરાંત, આધ્યાત્મિક પરિમાણ પણ માણસના જીવનનો એક અભિન્ન અંગ છે વિગેરે બાબતો વ્યક્ત થાય છે.

**સંદર્ભ :**

1. જોન રસ્કિન ‘Unto This Last’ (1862) અને ‘The King of The Golden River’ ગુજરાતી ભાષાંતર - ચિંત્તરંજન વોરા (1995), વિચારધારા પ્રકાશન, અમદાવાદ.
2. ગાંધીજી (2007), ‘સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ’, નવજીવન પ્રકાશન મંદિર, છઠ્ઠી આવૃત્તિ અમદાવાદ.
3. ગાંધીજી (2009), ‘રચનાત્મક કાર્યક્રમો અને તેનું રહસ્ય અને સ્થાન’, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
4. ગાંધીજી (2009), ‘હિન્દ સ્વરાજ’, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.
5. પ્રભુ આર. કે. અને રાવ યુ. આર. (સંકલન અને સંપાદન), ‘મહાત્મા ગાંધીના વિચારો’, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી.
6. જોષી વિદ્યુત (2021), ‘એકવીસમી સદી માટે ગાંધીજીનો માનવવાદ’, સમાજકારણ, વર્ષ-15, અંક-1.
7. પટેલ, જે.સી. અને ચૌહાણ પી.વી. (2022), ‘આધુનિકીકરણ અને વૈશ્વિકરણનું સમાજશાસ્ત્ર’ અનડા બુક ડીપો, અમદાવાદ.

## શિક્ષણમાં કૃત્રિમ બુદ્ધિની ઉપયોગિતા

– ડૉ. સચિન પીઠડીયા*

મહામારીએ ઑનલાઈન શિક્ષણના મહત્ત્વ અને જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આમ, શિક્ષણનું એક વર્ણશંકર મૉડલ, જેમાં ઑફલાઈન અને ઑનલાઈન વર્ગોનો સમાવેશ થાય છે તે હવે ભારતમાં એક નવું વલણ બની ગયું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ મિશન (યુજીસી) એ આધુનિક શિક્ષણ તકનિકોના ઉપયોગની ભલામણ કરી છે, જેમાં હાઈબ્રિડ પ્રકારનો સમાવેશ થાય છે. AI ભારતની શિક્ષણ પ્રણાલીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. AI અપનાવવા માટે તેનો વિસ્તાર કરવાની જરૂર છે. નવી શિક્ષણનીતિ (NEP)નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને શિક્ષણની તમામ પદ્ધતિઓનો સમાવેશ કરીને અમલ કરવામાં આવ્યો છે. AI તકનીકો ગુણવત્તાયુક્ત શિક્ષણ ક્ષેત્રે રહેલી ખામીઓ ઘટાડી શકે છે અને તેથી જ AIને યોગ્ય મહત્ત્વ આપવું જોઈએ. AI કમ્પ્યૂટર અથવા કમ્પ્યૂટર સક્ષમ પ્રણાલીની ક્ષમતાનો ઉપયોગ માહિતી પર પ્રક્રિયા કરવા માટે કરે છે અને સમસ્યાને ઉકેલવા તથા નિર્ણય લેવા માટે માનવ તર્કસંગત વર્તન જેવાં પરિણામો ઉત્પન્ન કરે છે.

**AI કૃત્રિમ બુદ્ધિની ઉપયોગિતા :**

AIનું ધ્યેય જટિલ સમસ્યાઓ ઉકેલવા માટે માણસો જેવી સ્માર્ટ કમ્પ્યૂટર પ્રણાલી બનાવવાનો છે. આ તકનીકને શિક્ષણ પ્રણાલીમાં પણ લાગુ કરી શકાય તેમ છે. AI અને મશીન લર્નિંગનો ઉપયોગ માનવ પ્રયત્નોની ન્યૂનતમ જરૂરિયાતો સાથે કામની ગુણવત્તા અને ઝડપ વધારવા માટે થાય છે. તે પુનરાવર્તિત અને એકવિધ કાર્યો કરવા માટે સૌથી યોગ્ય છે. આજકાલ શૈક્ષણિક ક્ષેત્રને લગતા ઘણા પ્રશ્નોના જવાબ AI ક્ષમતાઓ જેવી કે ગૂગલ આસિસ્ટન્ટ, એલેક્સા, સીરી સાથે વર્ચ્યુઅલ સહાય દ્વારા આપવામાં આવે છે. આપણી શિક્ષણ પ્રણાલીને સારી ગુણવત્તા અને વિશાળ ભૌગોલિક ક્ષેત્રને આવરી લેવાની જરૂર છે.

**AI કૃત્રિમ બુદ્ધિની શિક્ષણમાં ઉપયોગિતા :**

AI અપનાવવા માટે તેનો વિસ્તાર કરવાની જરૂર છે. નવી શિક્ષણનીતિ (NEP)નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને શિક્ષણની તમામ પદ્ધતિઓનો સમાવેશ કરીને અમલ કરવામાં આવ્યો છે. AI તકનીકો ગુણવત્તાયુક્ત શિક્ષણ ક્ષેત્રે રહેલી ખામીઓ ઘટાડી શકે છે અને તેથી જ AIને યોગ્ય મહત્ત્વ આપવું જોઈએ. AI કમ્પ્યૂટર અથવા કમ્પ્યૂટર સક્ષમ પ્રણાલીની ક્ષમતાનો ઉપયોગ માહિતી પર પ્રક્રિયા કરવા માટે કરે છે અને સમસ્યાને ઉકેલવા તથા નિર્ણય લેવા માટે માનવ/તર્કસંગત વર્તન જેવાં પરિણામો ઉત્પન્ન કરે છે. મશીન લર્નિંગ એ AIનો પેટાવિભાગ છે.

**AIના અલગ અલગ માધ્યમો દ્વારા શિક્ષણમાં ઉપયોગિતા :**

1. રોબોટ શિક્ષકો : જેમાં AI તકનીકનો ઉપયોગ શિક્ષણમાં હ્યુમનોઈડ રોબોટ-શિક્ષકોની મદદથી થઈ શકે છે, જે માનવ શિક્ષકોને વિદ્યાર્થીઓ સુધી તેમનાં પ્રવચનો પહોંચાડવામાં મદદ કરી શકે છે. રોબોટ-શિક્ષકો AI ઉપયોગ કરીને શિક્ષણને વધારે રસપ્રદ બનાવી શકે છે. વિવિધ શાળાઓમાં AI સક્ષમ રોબોટ-શિક્ષકો વર્ગખંડમાં શિક્ષકોને મદદ કરે છે અને વિદ્યાર્થીઓની શંકા દૂર કરવામાં મદદ કરે છે. તેઓ પાઠ શીખવામાં અને વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)ના જવાબ આપવા માટે માનવ શિક્ષકોને પૂરક બને છે.

2. વ્યક્તિગત શિક્ષણ : AI સોફ્ટવેર આધારિત પ્રોગ્રામ દરેક વિદ્યાર્થીના જ્ઞાનના અંતર, પસંદગીઓ અને શીખવાની ક્ષમતાનું વિશ્લેષણ કરી શકે છે. તદાનુસાર તેઓ દરેક વિદ્યાર્થી માટે લવચીક શિક્ષણ પદ્ધતિને વ્યક્તિગત કરી શકે છે.

* આસિસ્ટન્ટ પ્રોફેસર, NET, G.SET, M.Phil, Ph.D., G.E.S Class 2, સમાજશાસ્ત્ર વિભાગ, સરકારી વિનયન કૉલેજ, ભેંસાણ.

3. માર્ગદર્શન કરનાર (ટ્યુટરીંગ) : AI વિદ્યાર્થીઓને ટ્યૂટર કરવામાં અને વર્ગખંડ બહાર વિદ્યાર્થીઓની શંકા દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. રોબોટ અને અન્ય AI સક્ષમ સાધનો વિદ્યાર્થીઓને તેમની વધારાની સમસ્યાઓ અથવા પ્રશ્નો ઉકેલવામાં મદદ કરી શકે છે. AI સહાયકોને પુનરાવર્તિત રીતે પૂછી શકે છે (જ્યાં સુધી સ્પષ્ટ જવાબ ન મળે અથવા સમજાય નહીં ત્યાં સુધી). તે શાળાના સમય પછી પણ વિદ્યાર્થીઓને વધારાની મદદ પૂરી પાડે છે. AI એ સમયસર પ્રતિસાદ મેળવવાની સમસ્યા ઉકેલી છે. તે નિરાશા લાવ્યા વિના પુનરાવર્તિત અને સામાન્ય રીતે પુછાતા પ્રશ્નોના સેકન્ડમાં જવાબ આપી શકે છે, જેથી શીખવાનું સરળ બને છે. સામાન્ય રુચિના મુદ્દાઓ અને FAQના જવાબ AI સાધનો દ્વારા આપી શકાય છે, જે વિદ્યાર્થીઓ અને માહિતી શોધનારા માટે રાહ જોવાનો સમય ઘટાડવામાં મદદ કરે છે.

4. સ્વયં સંચાલિત ગુણ આપવાની પદ્ધતિ (ગ્રેડિંગ સિસ્ટમ) : AI સંચાલિત ગ્રેડિંગ સોફ્ટવેર વિદ્યાર્થીઓના જવાબપત્રોનું મૂલ્યાંકન કરવા માટે, ભૂતકાળના ડેટા (આંકડા માહિતી)ની મદદથી માનવ શિક્ષકોની ચકાસણી પદ્ધતિની નકલ કરીને મશીન લર્નિંગ તકનીકોનો ઉપયોગ કરે છે. તે વ્યક્તિલક્ષી પેપર્સમાં માનવ શિક્ષકોની પક્ષપાતી મૂલ્યાંકન પદ્ધતિને દૂર કરવામાં મદદ કરે છે. પરીક્ષાનાં પેપર્સમાં પ્રશ્નો વાંચીને ઓબ્જેક્ટિવ પ્રકાર અથવા બહુવિધ-પસંદગીના પ્રશ્નોનું મૂલ્યાંકન કરવા માટે ઓપ્ટિકલ માર્ક રેકગ્નિશન (OMR) માપદંડમાં ઓટોમેટેડ ગ્રેડિંગ સિસ્ટમનો ઉપયોગ થાય છે. AI સૂક્ષ્મ સોફ્ટવેરનો ઉપયોગ વિવિધ દસ્તાવેજો અને અહેવાલોમાં સાહિત્યચોરી તપાસવા માટે થાય છે અને દસ્તાવેજમાં હાજર ભૂલો માટે સૂચનો પણ પ્રદાન કરે છે.

5. સ્માર્ટ સામગ્રીનું સર્જન : AI આધારિત સોફ્ટવેર ટૂલ્સ ડિજિટલ પાઠ્યપુસ્તકો, અભ્યાસ માર્ગદર્શિકાઓ, વીડિયો વગેરે દ્વારા સ્માર્ટ સામગ્રીનું સર્જન કરવામાં મદદ કરે છે. AI પાઠની સામગ્રી બનાવવા અને અપડેટ કરવામાં, માહિતીને અદ્યતન રાખવામાં અને વિવિધ વિદ્યાર્થીઓ માટે તેને સુલભ બનાવવામાં મદદ કરી શકે છે.

6. પ્રાદેશિક ભાષાઓમાં શિક્ષણ : ભારતમાં ઘણી પ્રાદેશિક ભાષાઓ છે. NLP ટૂલ્સમાં AI ક્ષમતા હોય છે અને તે સંચારના અવરોધોને તોડી શકે છે. ભાષણ અને લખાણને વિવિધ ભાષાઓમાં અનુવાદિત કરવા માટે ડીપ લર્નિંગ ન્યૂરલ નેટવર્કનો ઉપયોગ કરી શકાય છે. ગુણવત્તાયુક્ત શિક્ષણની સુલભતા અને જ્ઞાનની વહેંચણીને વ્યાપક સ્તરે આપી શકાય છે. શૈક્ષણિક અને વહીવટી બંને કાર્યોનું ઓટોમેશન, શિક્ષણમાં વ્યક્તિગતકરણ, સ્માર્ટ સામગ્રી અને દિવસ-રાત સુલભતામાં AIની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. AI તકનીકોની મદદથી વિદ્યાર્થી ગમે ત્યારે ગમે ત્યાંથી કોઈ પણ ભાષામાં રસ ધરાવતી શૈક્ષણિક સેવાઓનો લાભ લઈ શકે છે.

ભારતની યુવા વસ્તીને ભવિષ્ય માટે તૈયાર કરવાના હેતુથી ભારતે શિક્ષણ ક્ષેત્રે AIનો સમાવેશ કરવાની જરૂર છે. દેશને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જવા સક્ષમ બનાવવા યુવાનો માટે સારું શિક્ષણ જરૂરી છે. AI શિક્ષણ ક્ષેત્રે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કાર્યક્ષમતા અને સચોટતા લાવી શકે છે, જેના પરિણામે શિક્ષણ પ્રણાલીની ગુણવત્તામાં સુધારો થશે. રોબોટઃશિક્ષકો કોઈ પણ માનવ ઓપરેટર, જેમને રોબોટ ચલાવવાનું થોડું જ્ઞાન હોય તેની મદદથી સ્વતંત્ર પ્રશિક્ષક તરીકે કાર્ય કરી શકે છે. આ તકનીકી વ્યક્તિઓને શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર હ્યુમનોઈડ રોબોટ-શિક્ષકો ચલાવવા માટે રાખી શકાય છે.

**નિષ્કર્ષ :**

ભારતની યુવા વસ્તીને ભવિષ્ય માટે તૈયાર કરવાના હેતુથી ભારતે શિક્ષણ ક્ષેત્રે AIનો સમાવેશ કરવાની જરૂર છે. દેશને ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જવા સક્ષમ બનાવવા યુવાનો માટે સારું શિક્ષણ જરૂરી છે. AI શિક્ષણ ક્ષેત્રે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં

કાર્યક્ષમતા અને સચોટતા લાવી શકે છે, જેના પરિણામે શિક્ષણ પ્રણાલીની ગુણવત્તામાં સુધારો થશે. રોબોટ-શિક્ષકો કોઈ પણ માનવ ઓપરેટર, જેમને રોબોટ ચલાવવાનું થોડું જ્ઞાન હોય તેની મદદથી સ્વતંત્ર પ્રશિક્ષક તરીકે કાર્ય કરી શકે છે. આ તકનીકી વ્યક્તિઓને શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર હ્યુમનોઈટ રોબોટ-શિક્ષકો ચલાવવા માટે રાખી શકાય છે. શિક્ષકો વિદ્યાર્થીઓને માર્ગદર્શન, નૈતિક શિક્ષણ અને કારકિર્દીની તકો સંબંધિત તેમના નિર્ણાયક મુદ્દાઓ પર માર્ગદર્શન આપી શકે છે. AIનો ઉપયોગ શિક્ષકોને તેમના જ્ઞાનને અદ્યતન રાખવા માટે કોમ્પ્યૂટરાઈઝ્ડ પરીક્ષણો, રોબોટ ટ્રેનર્સ અને અન્ય તકનીકોની મદદથી તાલીમ આપવા માટે કરી શકાય છે.

**સંદર્ભ :**


1. શાહ બી. વી. (1999) શિક્ષણનું સમાજશાસ્ત્ર. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત.
2. ડૉ. જોષી વિદ્યુત (1997), સમાજશાસ્ત્ર પારિભાષિક કોષ; યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત.
3. કચ્છલ દીપિકા (2018), યોજના મેગેઝીન 'શિક્ષણમાં ટેકનૉલૉજી' અંક નં. 5 સળંગ અંક 812, યોજના કાર્યાલય, અમદાવાદ

   ઑનલાઈન વેબસાઈટ
4. https://www.tutorialspoint.com/artificial intelligence/artificial intelligence robotics.htm
5. https://www.hansonrobotics.com/sophia/


તર્કતીર્થ લક્ષ્મણશાસ્ત્રી જોષીએ ૦૧ ઓગસ્ટ, ૧૯૯૨ના રોજ લેવાયેલી એક મુલાકાતમાં કહ્યું હતું કે 'લોકમાન્ય ટિળક ભારતના રાષ્ટ્રવાદના પ્રખર પ્રણેતા તરીકે માન્ય એવા મહામાનવ તરીકે સ્વીકારાયા છે. એમણે સૂચવેલો રાષ્ટ્રવાદ જગતભરની સંસ્કૃતિઓની રાષ્ટ્રવાદની ભૂમિકાના અધિષ્ઠાનને આધારે જ વ્યાખ્યાયિત થયેલો છે. ભારતીયત્વ કાંઈ માત્ર હિંદુત્વની મર્યાદામાં બંધાયેલું નથી. ટિળકનો રાષ્ટ્રવાદ આવું પ્રતિપાદિત કરવા મથે છે. હિંદુ અને મુસલમાન વચ્ચેનો ભેદ ટિળકની રાષ્ટ્રીય એકતાની ભાવનાને આડે આવતો ન હતો.'

'ભાગલા પાડો અને એકતા તોડો'ની નીતિ તો અંગ્રેજોએ અપનાવી હતી. આ રીતે તેમણે હુલ્લડો કરાવ્યાં હતાં અને તેની જવાબદારી દુષ્ટ અંગ્રેજો ટિળક ઉપર નાંખતા હતા. ટિળકે તો કહ્યું હતું કે અમે ૬૦૦ વર્ષોથી શાંતિ તેમ જ ખુશહાલથી હિંદુ-મુસલમાન સાથે જ રહેતા હતા. આ અંગ્રેજ રાજ્યકર્તાઓએ અમારામાં ફૂટ પડાવી છે અને કપટથી તેને વધારતા જ જાય છે.

ટિળકે જે રાષ્ટ્રીયતાનું નિરૂપણ કર્યું છે તે રાષ્ટ્રીય એકાત્મતાની પ્રેરણાથી ભરેલું છે. ટિળક તો ભારતીય રાષ્ટ્રવાદના દ્રષ્ટા-મહર્ષિ હતા.

- 'ભૂમિપુત્ર' : તા. **૧-૮-૨૦૨૨માંથી સાભાર**

दूरस्या पर्वाताः रम्याः वैश्या च मुखमंडने,
युद्धस्य कथा रम्याः त्रया रम्याणि दूरतः ।

## ડો. જે. સી. પટેલ સાહેબનો વિદાય સમારંભ

– ડૉ. ભરત એન. વસૈયા

તા. 27-4-23 ગુરુવારના રોજ સમાજવિદ્યા ભવન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે ડૉ. જે. સી. પટેલ (પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજવિદ્યાભવન, અમદાવાદ) સાહેબ સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ વય મર્યાદાને કારણે તેમની સેવામાંથી નિવૃત્ત થયા છે. તેમના માટે શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેઓના જીવનની સેવાકીય ગાથા મુ. ઉના કૉલેજમાં અધ્યાપક તરીકે 3 વર્ષ, વલ્લભ વિદ્યાનગર ખાતે 14 વર્ષ અને ગુજરાત યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં 18 વર્ષ પ્રોફેસર અને અધ્યક્ષ સ્થાને સેવા આપી છે. આ સાથે સરકારશ્રીની વિવિધ કમિટીઓમાં સભ્ય તરીકેની સેવા પણ સરાહનીય રહી છે. આમ વિવિધ સામાજિક સંગઠનો, સમાજકલ્યાણ પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપ્યું છે. એક શિક્ષક તરીકે કર્મશીલ, નિષ્ઠાવાન એવા વિદ્વાને વિદ્વતાનું ઉદાહરણ પૂરું પાડી તેમનું આ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન રહ્યું છે તે તેમની ઓળખ છે. તેમના લખેલ પુસ્તકો, લેખો, આર્ટિકલ, અહેવાલોની આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવામાં આવી છે અને સન્માનને પાત્ર બન્યા છે. તેમના જ્ઞાનનો લાભ એમ.ફીલ, પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે અનેક વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ડૉ. જયપ્રકાશ ત્રિવેદી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ઉપસ્થિત રહી પ્રસંગોપાત પ્રવચન આપી શુભકામનાઓ પાઠવી હતી. સાથે અતિથિ વિશેષ મહેમાન તરીકે ડૉ. મહેશભાઈ ગામીત, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ હાજર રહી ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાવનગર યુનિવર્સિટી, સરદાર વલ્લભભાઈ પટેલ, વી.વી.નગર, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા શ્રી ડૉ. જે. સી. પટેલ સાહેબને સન્માનપત્ર, સાલ ઓઢાડી હાર પહેરાવી સન્માનિત કર્યા હતા. તે સમયે ગુજરાત યુનિવર્સિટી વિવિધ વિભાગો અને કૉલેજોમાં અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી સાહેબનું બાકી જીવન સુખમય, સમૃદ્ધ બને તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંતે ડૉ. જે. સી. પટેલ સાહેબે સેવાના 35 વર્ષનો સંતોષ અને આનંદ વ્યક્તિ કરી સર્વનો આભાર માન્યો હતો.

તમને અસલી કિંમત ત્યારે જ જણાય છે કે જ્યારે તમારી પાસે નાણાં ખતમ થઈ ચૂક્યા હોય.

•

નકારાત્મક વિચારો સાથે તમે સકારાત્મક જીવન જીવી શકતા નથી.

•

દરેક સવાર તમારી સાથે નવા વિચાર અને નવી શક્તિ લઈને આવે છે.

•

માર્ગથી ભટકવા માટે અનેક વિકલ્પો મળશે પણ લક્ષ્ય સુધી પહોંચવા એક સંકલ્પ જ પૂરતો છે.

•

સપનાની શોધમાં વ્યક્તિ દુનિયાભરમાં ભટકે છે પરંતુ આ શોધ પરિવાર પાસે આવીને પૂરી થાય છે.

## ડો. રાજસીબહેન ક્લાર્કનો નિવૃત્તિ શુભેચ્છા કાર્યક્રમ

– ડૉ. ચંદ્રિકા રાવલ

સમાજવિદ્યાભવનના નિયમક, લેબર વેલ્ફેર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. રાજસીબહેન ક્લાર્ક 14 જૂન, 2023 થી વયમર્યાદાને લીધે નિવૃત્ત થયાં. તેમના સન્માનમાં તા. 10-6-23 ના શનિવારના રોજ એમ. એલ. ડબલ્યુના પૂર્વ વિદ્યાર્થીઓ અને મજૂરકલ્યાણવિભાગ દ્વારા એક શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં તેમને શાલ ઓઢાડી અને મોમેન્ટમ આપી સન્માન આપી નિવૃત્તિ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજસીબહેનની શૈક્ષણિક કારકિર્દી પ્રારંભથી તેજસ્વી રહી છે. બી.કૉમ. અને એલ.એલ.એમ.માં સુવર્ણચંદ્રક મેળવનાર રાજસીબહેને વકીલાતને બદલે શિક્ષણ અને સંશોધનનો માર્ગ પસંદ કરી 1991થી સમાજવિદ્યાભવનમાં લોક્ચરર તરીકેની કારકિર્દી શરૂ કરી. 1996 થી આ વિભાગના અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી પ્રોફેસર બન્યાં અને 2016થી આ ભવનના નિયામક તરીકે નિયુક્ત થયાં.

સમાજવિદ્યાભવનના પૂર્વ અધ્યાપકો સાથે જ્ઞાનાત્મક વિચાર દોહનથી તેઓનું ઘડતર થયું એવું તેઓ અંગત રીતે માને છે. પરંતુ આ બધાની સાથે 21 સંશોધન પેપરો 34થી વધુ પ્રકાશનો અને રાષ્ટ્રીય તાલીમ લઈ આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં, સેમિનાર, વર્કશોપ વગેરેમાં ભાગ લઈ શૈક્ષણિક સજ્જતા પૂરવાર કરી. ગુજરાત યુનિવર્સિટીમાં એકેડેમિક કાઉન્સિલ, કાર્યકારી ડીન, ઇન્ટરનલ ક્વૉલિટી એશ્યોરન્સ સેલ સ્થાનિક તપાસ સમિતિ, વિષય નિષ્ણાત, એમ.એસ.ડબલ્યુ.ના કૉ-ઓર્ડિનેટર, સાંસ્કૃતિક કાર્યક્રમો અને યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં પ્રબુદ્ધ સેવાઓ આપી છે. એટલું જ નહીં, 2006 થી 2012 સુધી યુનિવર્સિટીનું વિદ્યાજનરલ અને વિદ્યાવૃત્તને ખૂબ જ ઉત્સાહપૂર્વક આગળ વધાર્યું.

રાજસીબહેને નિરમા યુનિવર્સિટી, ગાંધીલેબર ઇન્સ્ટિટ્યૂટ, KCG, ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ ઉપરાંત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપ્યો છે.

અનુસ્નાતક કક્ષાએ ૩૨ વર્ષના શિક્ષણ અને સંશોધનના અનુભવ દરમિયાન અનેક વિદ્યાર્થીઓની કારકિર્દી માટે પ્રોત્સાહક બળ પૂરું પાડ્યું. દસ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી. માર્ગદર્શન આપ્યું. જેઓ આજે સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રમાં ઉચ્ચત્તમ હોદ્દો સંભાળી રહ્યાં છે. સમાજવિદ્યાભવનના નિયમક તરીકે ભવનનાં બધા અધ્યાપકોના સાથ અને સહકાર થકી અનેકવિધ કાર્યક્રમો યોજી સફળ નેતૃત્વ પૂરું પાડ્યું છે.

ભવનના નિયામક તરીકે તેઓશ્રીએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસમાં ઊંડો રસ લીધો. વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને ભવનમાં ઉત્તમ સવલત મળી રહે એ માટે નવનિર્મિત ભવનમાં એમની ભૂમિકા પ્રશંસનીય રહી. સંશોધકોની તાલીમ મળે અને જવાબદાર નાગરિક બને તેમજ સમાજમાં જેન્ડર જસ્ટ વાતાવરણ ઊભું થાય એ માટે તેઓશ્રીએ અનેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો, તાલીમ શિબિર, કાર્યશાળા તથા સેમિનાર યોજી શૈક્ષણિક ઉન્નતિ માટે પ્રયત્નો કર્યા. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ ખીલે અને કારકિર્દી બને એ માટે અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી નિયામક તરીકે પ્રસંશનીય ભૂમિકા ભજવી. તેઓના સામૂહિક પ્રયાસો થકી ભવનના વિદ્યાર્થીઓ યુવક મહોત્સવ ઉપરાંત વૈશ્વિક સ્પર્ધા માટે સક્ષમ બન્યા, વિદ્યાર્થી ઉત્કર્ષ માટે તેઓની પ્રેરણા પ્રોત્સાહન અને જુસ્સો નોંધનીય છે.

રાજસીબહેનનું ભવન માટેનું કાર્યસમર્પણ, શાણપણ, પ્રેમ અને સહકારભર્યા વાતાવરણમાં કામ કરવાની વૃત્તિ હંમેશા યાદ રહેશે. આવા સન્નિષ્ઠ પ્રોફેસર રાજસીબહેન નિવૃત્તિ પછી નવા અધ્યાયની શરૂઆત કરે છે, ત્યારે સૌ વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

(ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમનાં નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો—સમાચાર—પ્રવૃત્તિ—નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

### લેખક દ્વારા પ્રમાણપત્ર

આથી હું/અમે .......................................................... જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ............................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેના લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતા પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પુરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઈલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (250 શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસ પદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસ પદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપનાં લેખમાં 3000 શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફોન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-2, ફોન્ટ 12 અથવા યુનિકોડ ફોન્ટ, ટાઈમ્સ રોમન-12 મુજબ ટાઈપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**

વર્ષ : 16, જુલાઈ 2023, અંક : 2

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009